प्रथम वर्ष

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 1 (બ)
## અધ્યેતા અને મૂલ્યાંકન

જીસીઈઆરટી, વિદ્યાભવન,
ઉદ્યોગભવન સામે, સેક્ટર–12, ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી.સી.સોલંકી
સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર

**કન્વીનર**
ડૉ. કે.કે.કરકર

**વિષય સલાહકાર**
ડૉ. દિપુબા દેવડા
ડૉ. જયંત વ્યાસ

**લેખન-સંપાદન**
ડૉ. જે. બી. જોશી
શ્રી મુકેશભાઈ એ. ધારૈયા
શ્રી હિરેનભાઈ ભટ્ટ
ડૉ. રક્ષાબેન મહેતા
શ્રી યોગેશભાઇ જે. વ્યાસ

**સમીક્ષા**
શ્રી મનોજભાઈ કોરડિયા
શ્રી ઈકબાલ ડી. વોરા

**નિર્માણ સંયોજન**
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઈ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008–09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF–2005, RTE–2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE–2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

## અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાન.નં |
|---|---|---|
| 1 | અધ્યયન –અધ્યાપનમાં મૂલ્યાંકનની ભૂમિકા | 4 |
| 2 | મૂલ્યાંકનની પ્રવિધિઓ | 17 |
| 3 | મૂલ્યાંકનના પ્રશ્ન પ્રકાર અને પ્રશ્નોનું સ્વરૂપ તેમજ મૂલ્યાંકન યોજનાઓ | 31 |
| 4 | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન | 86 |
| 5 | પરિશિષ્ટ | 94 |
| | 1.લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓના નમૂના | |
| | ૨.મૂલ્યાંકન માળખું અને મૂલ્યાંકન પત્રકો | |

# એકમ –1 અધ્યયન –અધ્યાપનમાં મૂલ્યાંકનની ભૂમિકા

**1.1 પ્રસ્તાવના (Introduction)**

**1.2 ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes)**

**1.3 વિષયવસ્તુ (Content)**

1.3.1 મૂલ્યાંકનની સંકલ્પના

1.3.2 મૂલ્યાંકનપ્રક્રિયા

1.3.3 અધ્યયન માટેનું મૂલ્યાંકન અને અધ્યયનનું મૂલ્યાંકન

1.3.4 મૂલ્યાંકનના પ્રકાર

1.3.5 મૂલ્યાંકનપ્રક્રિયાનાં સોપાન

1.3.6 મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકા

**1.4 સારાંશ**

**1.5 સ્વાધ્યાય**

**1.6 સંદર્ભ સૂચિ**

**1.1 પ્રસ્તાવના (Introduction):**

21મી સદીના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણ કેવું હોવું જોઇએ એ ચિંતનનો વિષય છે .પ્રાથમિક કેળવણીના તબક્કે અધ્યેતાઓને નૂતન યુગના પરિપ્રેક્ષ્યમાં સર્વગ્રાહી શિક્ષણ આપવું જોઇએ .તેનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને તેનામાં એવું નૈપુણ્ય ઉત્પન્ન કરવું જોઇએ કે જેથી નવા યુગમાં તેમના જીવનનો સર્વાંગીણ વિકાસ થાય. ) **In a new and dynamic era of the 21st century, there should be holistic education in order to enable primary school students to achieve a holistic quality of life, through out life.** ) પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્તરની કેળવણીના આ પ્રકારના સર્વસમાહિત અભિગમની પાછળ અધ્યેતાઓને પરંપરાગત શિક્ષણની સાથે 21મી સદીના નવા પડકારો(Challenges)ને ધ્યાનમાં લઇને એ પડકારોને સર્જનાત્મક રીતે ઝીલવા માટે સર્વ રીતે સક્ષમ બનાવવાનો ખ્યાલ છે.

ડૉ.રવીન્દ્રભાઇ દવેના શબ્દોમાં, "કેળવણી એ માનવ સશક્તિકરણ(Human Empowerment)ની પ્રક્રિયા છે. જેના દ્વારા માનવજીવન બહેતર અને ઉન્નત બનાવી શકાય છે. કેળવણી દ્વારા અધ્યેતાનો જ્ઞાનાત્મક, સર્જનાત્મક, ભાવાત્મક, મૂલ્યાત્મક તેમજ કૌશલ્યાત્મક વિકાસ થવો આવશ્યક છે. આ માટે શિક્ષણપ્રક્રિયા એવી હોવી જોઇએ કે અધ્યેતાઓ જે તે ધોરણના આવશ્યક નિર્ધારિત હેતુઓમાં અર્થાત્ અધ્યયન નિષ્પત્તિઓ (Learning outcomes)માં નૈપુણ્ય પ્રાપ્ત કરે. અધ્યેતા નિર્ધારિત હેતુઓમાં/ અધ્યયન નિષ્પત્તિઓમાં નૈપુણ્ય પ્રાપ્ત કરે તે માટે શિક્ષણ–પ્રક્રિયામાં સમયે સમયે મૂલ્યાંકન કરતા રહેવું જરૂરી છે. "

આટલી વીગત જાણ્યા પછી આપણને એ પણ જાણવાની ઇંતેજારી સહજ રીતે થાય કે – મૂલ્યાંકન એ શું છે? તે કેવી રીતે થઇ શકે ? એક શિક્ષક તરીકે આના માટે શું કરવું જરૂરી છે ? આ તમામ પ્રશ્નોના ઉત્તરોના સંદર્ભમાં પ્રસ્તુત એકમમાં વીગત નિર્દેશિત છે.

**1.2 ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes):**

- ઉદ્દેશો (Objectives) :
  પ્રશિક્ષણાર્થીઓ...
- મૂલ્યાંકનની સંકલ્પના સમજે.
- અધ્યયન–અધ્યાપનમાં મૂલ્યાંકન પ્રક્રિયા કેવી રીતે તે અંગેની સમજ મેળવે.
- અધ્યયન માટેનું મૂલ્યાંકન અને અધ્યયનનું મૂલ્યાંકન વચ્ચેનો ભેદ તારવી શકે.
- મૂલ્યાંકનના વિવિધ પ્રકારો વિષયક સમજ પ્રાપ્ત કરે.
- મૂલ્યાંકનનાં સોપાનો વિષયક સમજ મેળવે.
- મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકા સમજે.
- અધ્યયન નિષ્પત્તિઓ (Learning outcomes)

પ્રશિક્ષણાર્થી...

- મૂલ્યાંકનની સંકલ્પના સમજશે.
- અધ્યયન–અધ્યાપનમાં મૂલ્યાંકન પ્રક્રિયા કેવી રીતે તે અંગે સમજશે..
- અધ્યયન માટેનું મૂલ્યાંકન અને અધ્યયનનું મૂલ્યાંકન વચ્ચે નો ભેદ તારવશે.
- મૂલ્યાંકનના વિવિધ પ્રકારો સમજશે.
- મૂલ્યાંકનનાં સોપાનો વિષયક સમજ મેળવશે.
- મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકા સમજશે.

**1.3 વિષયવસ્તુ (Content):**

શિક્ષણપ્રણાલી જેટલી જ મૂલ્યાંકન પ્રણાલી પ્રાચીન છે .ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં સૌપ્રથમ જીવન કેળવણીને મહત્વ આપવામાં આવતું .ધનુર્વિદ્યા, અશ્વવિદ્યા, કુસ્તી જેવી કૌશલ્યાત્મક બાબતોનું મૂલ્યાંકન પદ્ધતિસરની ક્રિયાત્મક કસોટી યોજીને થતું .જેમ કે, ગુરુદ્રોણે લીધેલી પાંડવો અને કૌરવોની ધનુર્વિદ્યા પરીક્ષા .અર્થાત્ વ્યક્તિના સામર્થ્યને કોઇપણ કૌશલ્યાત્મક બાબત દ્વારા ચકાસવામાં આવતી .આ જ કાળમાં નૈતિક બાબતોની પણ ગુરુ પરીક્ષા લેતા .ઉદાહરણ તરીકે આરૂણીની ધૌમ્ય ગુરુએ લીધેલ આરુણિની પરીક્ષા .જેમ–જેમ શિક્ષણનો વ્યાપ વધતો ગયો –તેમ શાસ્ત્રોનું અધ્યયન આવ્યું. શાસ્ત્રોના અધ્યયનમાં શાસ્ત્રાર્થ દ્વારા વ્યક્તિની સિદ્ધિનું માપ કાઢવામાં આવતું .જેમ કે શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે થયેલ શાસ્ત્રાર્થ. સમય બદલાતાં અધ્યયન નીપજનું મૂલ્યાંકન કરવા માટે સામૂહિક પરીક્ષાઓ અનિવાર્ય બની .ઉદાહરણ તરીકે બોર્ડ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ .હાલ નોકરી માટે વિવિધ ક્ષેત્રોમાં વ્યક્તિ ઓની પસંદગી કરવા માટે ઓનલાઇન પરીક્ષાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

આમ પરીક્ષા લેવી અને આપવી એ માનવનો સ્વભાવ છે .જે સ્વાભાવિક રીતે સતત ચાલતી પ્રક્રિયા છે .જેમ કે, ગૃહિણી ભાત રાંધતી વખતે એક દાણો દબાવીને સમગ્ર ભાતનું પરીક્ષણ કરે છે . આપણે ત્યાં નવવધૂ પરણીને ઘરે આવે ત્યારે તેની પાસે લાપસી રંધાવીને કે પાપડ શેકાવીને તેનું પાકશાસ્ત્રનું જ્ઞાન આજે પણ ઘણા કુટુંબોમાં ચકાસાય છે .આમ, રોજબરોજના જીવનમાં પણ મૂલ્યાંકન સંકળાયેલ છે .એક શિક્ષક તરીકે આપણે પણ સમયાંતરે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું જોઇએ . જેથી ઈચ્છિત લક્ષ્યોને સિદ્ધ કરી શકાય.

આટલી વિગત જાણ્યા પછી મૂલ્યાંકનની સંકલ્પના સમજીએ.

**1.3.1 મૂલ્યાંકનની સંકલ્પના :**

શિક્ષણક્ષેત્રમાં મૂલ્યાંકન શબ્દ વ્યાપક છે. મૂલ્યાંકનનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદી–જુદી વ્યાખ્યાઓ જોઇએ.

- “મૂલ્યાંકન એ અધ્યેતાની કેળવણી વિષયક પ્રગતિના પુરાવા પ્રાપ્ત કરવાની તથા તેમનું વિશ્લેષણ તેમજ અર્થઘટન કરવાની પ્રક્રિયા છે .જેના આધારે મહત્ત્વના નિર્ણયો લેવાય છે .જેવા કે અધ્યેતાને માર્ગદર્શન આપવું, તેની કચાશ હોય તો દૂર કરવી વગેરે– **.ડૉ.રવીન્દ્ર દવે**

- “કોઈ વસ્તુ કે પ્રક્રિયાનું મૂલ્ય નક્કી કરવું એટલે મૂલ્યાંકન ” **.– એડમ્સ**
- “ કોઠારી શિક્ષણ પંચની દૃષ્ટિએ – મૂલ્યાંકનમાં ત્રણ શબ્દો નિહિત છે :

1)મૂલમ્ એટલે મૂળ. અધ્યેતાના સંદર્ભમાં મૂલમ્ એ ‘ હેતુ ’ છે જેના માટે અંગ્રેજીમાં ‘Objective ’ શબ્દ વપરાય છે.

(2)મૂલ્યમ એટલે કિંમત. મૂલ્યાંકનના સંદર્ભમાં ‘હેતુઓની ઉપલબ્ધિ’ કહી શકાય જે ખૂબ મૂલ્ય વાન છે તેમજ આવકાર્ય છે.

(3)અંકનમ એટલે ‘અંદાજ લગાવવો, આંકવું.’ મૂલ્યાંકનના સંદર્ભમાં આ ‘સ્તર’ નિર્ધારણની પ્રક્રિયા કહી શકાય.

આમ ‘મૂલ્યાંકન એટલે હેતુના ઉપલબ્ધિ સ્તરને નિશ્ચિત કરવાની પ્રક્રિયા’ એમ કહી શકાય.

- “શિક્ષણ સંસ્થા દ્વારા અધ્યેતાના વ્યવહાર માં પરિવર્તન લાવવું અને પરિવર્તન લાવવા માટે કયાં– કયાં પરિબળો જવાબદાર છે તેનું સંકલન અને વ્યાખ્યા કરવી એ જ મૂલ્યાંકનનું દૃષ્ટિબિંદુ છે.” **-ક્વિબૅન અને હન્નાના**
- “Evaluation is the process of determining the extent to which an objective is being attained the effectivness of the reading experiences provided in the class room and how well the goals of education have been accomplished” . **NCERT**

- “વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણની યોગ્યતા–અયોગ્યતા તપાસવાનું અને ચકાસવાનું કાર્ય કરતી પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.” **-રેમર્સ**
- “શૈક્ષણિક હેતુઓ કે અધ્યયન નિષ્પત્તિઓ )Learning outcomes (અધ્યેતા પક્ષે કેટલે અંશે સિદ્ધ થયેલ છે તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયાને મૂલ્યાંકન તરીકે ઓળખવી શકાય ”.

**–ડૉ .કે .કે .કરકર**

“કોઈપણ ક્રિયાના મૂલ્યનિષ્ડ નિર્ણય તરફ દોરી જતી પ્રક્રિયાના ભાગરૂપે પુરાવાઓ પદ્ધતિસર એકઠા કરીને તેમનું અર્થઘટન કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન”. **– ડૉ .જે .બી .જોશી**

આમ, મૂલ્યાંકનની વ્યાખ્યા ઓને આધારે નીચેની બાબતો ફલિત થાય છે.

–અધ્યેતાની સિદ્ધિ જાણવી.

–શિક્ષણના હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવું.

–અધ્યેતાની કેળવણી વિષયક પ્રગતિના પુરાવા એકઠા કરવા.

–અધ્યેતાની કચાશ જાણી તે સંદર્ભે ઉપચારકાર્ય અને સમૃદ્ધિકરણ કાર્યક્રમો હાથ ધરવા.

–વર્ગખંડ અને શાળાકક્ષાએ યોજાતી પદ્ધતિ, પ્રયુક્તિ, પ્રવિધિ અને અધ્યયન અનુભવોની અસરકારકતા ચકાસવી.

–અભ્યાસક્રમ પાઠ્યક્રમ તેમજ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાનાં સાધનોની મૂલવણી કરવી.

–અધ્યેતાના ભાવિ અંગે, શિક્ષણ–પ્રક્રિયા અંગે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો સંદર્ભે તથા શૈક્ષણિક સવલતો સુધારતા રહેવા બાબતે અંગુલિનિર્દેશ કરે છે .

**તમારી પ્રગતિ ચકાસો**


1 .કેળવણી દ્વારા અધ્યેતામાં કઇ–કઇ બાબતોનો વિકાસ થવો જરૂરી છે **?**

2 .મૂલ્યાંકન વિશે આપેલી વ્યાખ્યાઓના આધારે તમે મૂલ્યાંકન વિશે તમે શું માનો છો **?**

### 1.3.2 **મૂલ્યાંકન પ્રક્રિયા:**

- મૂલ્યાંકન એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં શિક્ષક, અધ્યેતા અને અભ્યાસક્રમ તેમજ સંબંધિત અન્ય પાસાંઓની પારસ્પરિક નિર્ભરતાની ફલશ્રુતિની ચકાસણી થાય છે .અધ્યેતાએ જે–તે વિષયમાં કેટલી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી તે જાણવા પરીક્ષા યોજાય છે .વિદ્યાર્થીના જે–તે વિષયના સંદર્ભમાં શૈક્ષણિક સિદ્ધિના પુરાવા પદ્ધતિસર એકઠા કરવાની પ્રક્રિયા એટલે માપન .માપન દ્વારા સંખ્યાત્મક માપ મળે છે .માપનના સંદર્ભમાં અધ્યેતાની સિદ્ધિનું અર્થઘટન કરવું એટલે પરીક્ષણ .અધ્યેતાની સિદ્ધિના માપનના આધારે મૂલ્યનિષ્ઠ નિર્ણય કરવો એટલે મૂલ્યાંકન.

- **મૂલ્યાંકનની પ્રક્રિયાને આકૃતિ દ્વારા સમજીએ.**





ઉપરની વીગતને આધારે સમજી શકાય છે કે માપન અને પરીક્ષણ એ મૂલ્યાંકનપ્રક્રિયાના ભાગ છે, તે મૂલ્યાંકન નથી. માપન દ્વારા અધ્યેતાની સિદ્ધિનું સંખ્યાત્મક માપ મળે છે. પરીક્ષણ દ્વારા સમગ્ર વર્ગના સંદર્ભમાં અધ્યેતાની સ્થિતિ જાણી શકાય છે. આ સ્થિતિ જાણ્યા પછી વિષયના હેતુઓ અર્થાત્

અધ્યયન નિષ્પત્તિના સંદર્ભમાં અધ્યેતા કયાં કચાશ ધરાવે છે ? સમગ્ર વર્ગના સંદર્ભમાં તે કયાં ઊભો છે? વગેરે જેવા પ્રશ્નો મૂલ્યાંકનકર્તાને થાય છે. તે કચાશ દૂર કરવા ઉપચારાત્મક શિક્ષણ કાર્ય થાય છે,પુનઃપરીક્ષા યોજાય છે, પુનઃપરીક્ષણ થાય છે. આ સમગ્ર પ્રક્રિયા એટલે મૂલ્યાંકન પ્રક્રિયા.

આમ" મૂલ્યાંકનની પ્રક્રિયા એટલે અધ્યેતાની સિદ્ધિના માપનના આધારે મૂલ્યનિષ્ઠ નિર્ણય કરવો તે ".અર્થાત્ પ્રત્યેક તબક્કે માપન પરીક્ષણ કરી અપેક્ષા મુજબની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેની શિક્ષણપ્રક્રિયા પૂર્ણ કરવી .

મૂલ્યાંકનની પ્રક્રિયામાં અધ્યેતાની સિદ્ધિનું માપન થાય છે .તે ઉપરાંત શિક્ષક, શિક્ષણ પદ્ધતિ, પાઠ્યપુસ્તક તેમજ શૈક્ષણિક સાધનોના અસરકારક ઉપયોગની ચકાસણી પણ થાય છે.

- શિકાગો યુનિવર્સિટીના પ્રાધ્યાપક બેન્જામિન એસ .બ્લૂમે મૂલ્યાંકનપ્રક્રિયાને સમજાવતો નીચે મુજબનો ત્રિકોણ રજૂ કર્યો હતો .




ઉપર આપેલ ત્રિકોણ પરથી જોઈ શકાય છે કે –શૈક્ષણિક હેતુઓ તેમજ આ હેતુઓની સિદ્ધિ માટે પૂરા પાડવામાં આવતા અધ્યયન અનુભવો તેમજ અધ્યેતાઓનાં અપેક્ષિત વર્તન પરિવર્તનમાં કેટલી સફળતા પ્રાપ્ત થઈ છે તે જાણવા માટેની મૂલ્યાંકનપ્રક્રિયા પરસ્પર ગૂંથાયેલી છે .આમ, મૂલ્યાંકન પ્રક્રિયા એ હેતુકેન્દ્રી પ્રક્રિયા છે .વ્યાપક પ્રક્રિયા છે .તેમજ અધ્યેતાના સર્વાંગી વિકાસને માપે છે.

### 1.3.3 અધ્યયન માટેનું મૂલ્યાંકન અને અધ્યયનનું મૂલ્યાંકન:

અધ્યેતા અધ્યયનકાર્યમાં સતત પ્રગતિ કરતો રહે અને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હેતુઓ / અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરતો રહે તે આપણો મૂળભૂત આશય છે .મૂલ્યાંકન અંતર્ગત માપનની થતી પ્રક્રિયા થકી શિક્ષણ કાર્ય પૂર્ણ થતું નથી પરંતુ તે નવા સ્વરૂપે આરંભાય છે .મૂલ્યાંકનના અંતે અધ્યેતાની અધ્યયન પ્રક્રિયા વધારે વૈજ્ઞાનિક બને છે .

- **અધ્યયન માટેનું મૂલ્યાંકન (Evaluation for Learning) :**

સતત મૂલ્યાંકન પ્રક્રિયાના ભાગરૂપે અધ્યેતાના જે–તે વિષયના નિર્ધારિત હેતુઓ /અધ્યયન નિષ્પત્તિઓ માં કયાં કચાશ રહી ગઇ છે અથવા પોતે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તો હવે પછીના અધ્યયન

કાર્યનું આયોજન શું હોઇ શકે તેની વિચારણા એટલે જ અધ્યયન માટેનું મૂલ્યાંકન .જો હેતુઓ/અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં કચાશ હશે તો અધ્યેતાની તે કચાશ દૂર થાય તે માટે શિક્ષક પુનઃપ્રયત્ન કરશે .સિદ્ધિમાં અપેક્ષા મુજબની સફળતા પ્રાપ્ત કરેલ હશે તો આગળના અભ્યાસ માટે વિચારણા કરશે.

❖ **અધ્યયનનું મૂલ્યાંકન (Evaluation of Learning) :**

શાળા કક્ષાએ અધ્યેતાને સતત અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે .આ અધ્યયન અનુભવો દ્વારા હેતુઓ /અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ શક્ય બને છે .હેતુઓ /અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ થકી અધ્યેતાનો સર્વાંગી વિકાસ શકય બને છે .અધ્યેતાઓએ જે અધ્યયન કર્યું છે તે ચકાસવું એટલે અધ્યયનનું મૂલ્યાંકન. આ પ્રકારનું મૂલ્યાંકન સામાન્ય રીતે સાવધિક (સમયાંતરે લેવાતી) કસોટીઓ દ્વારા કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો**


3 .માપન અને પરીક્ષણ શબ્દની સંકલ્પના સમજાવો.

4 .અધ્યયન માટેનું મૂલ્યાંકન અધ્યેતાને અધ્યયન માટેની પ્રેરણા કેવી રીતે આપે છે ?

### 1.3.4 મૂલ્યાંકનના પ્રકાર:

મૂલ્યાંકનપ્રક્રિયા એ સતત ચાલે છે. વર્ગખંડના શિક્ષણકાર્ય દરમિયાન અવલોકન દ્વારા તેમજ વિવિધ પ્રકારની કસોટીઓ દ્વારા અધ્યેતાના શૈક્ષણિક તેમજ સહ શૈક્ષણિક પાસાંઓનું મૂલ્યાંકન થાય છે .મૂલ્યાંકન પ્રક્રિયામાં અધ્યેતાના વિકાસનાં પાસાંઓ, મૂલ્યાંકનનાં સાધનો અને મૂલ્યાંકનની વિધિઓ જોડાયેલ છે .આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનના પ્રકારો પાડવામાં આવ્યા છે.

મૂલ્યાંકનના પ્રકારોને સમજવા નીચેની આકૃતિનો અભ્યાસ કરો.



## (1)શૈક્ષણિક મૂલ્યાંકનઃ

શાળા કક્ષાએ વિવિધ ધોરણોમાં વર્ગખંડોમાં ભણાવાતા વિષયોના હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાની પ્રક્રિયા એટલે શૈક્ષણિક મૂલ્યાંકન. શૈક્ષણિક મૂલ્યાંકનમાં અધ્યેતાની વિવિધ શૈક્ષણિક વિષયોની શૈક્ષણિક સિદ્ધિ સાથે જોડાયેલ બાબતોનો સમાવેશ થાય છે. આ પ્રકારના મૂલ્યાંકનમાં અભ્યાસક્રમના વિષયો, એસાઇન્મેન્ટ, પ્રૉજેક્ટ વર્ક, પ્રાયોગિક કાર્ય, મૌખિક કાર્ય વગેરે પ્રવિધિઓ અને અધ્યયન અનુભવો આપી મૂલ્યાંકન કરવામાં આવે છે .આ મૂલ્યાંકનમાં રચનાત્મક મૂલ્યાંકન, સત્રાંત મૂલ્યાંકન અને સ્વ અધ્યયન કાર્યનું મૂલ્યાંકન સમાવિષ્ટ છે.

## (A)રચનાત્મક મૂલ્યાંકનઃ

રચનાત્મક મૂલ્યાંકન એ વર્ગખંડ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાનો એક ભાગ છે. વર્ગખંડમાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન શીખવા માટેની પરિસ્થિતિનું નિર્માણ થાય છે .આ પરિસ્થિતિ તેઓને સ્વં જ્ઞાનનું સર્જન કરવા પ્રેરે તે અપેક્ષિત છે .આ પ્રક્રિયા દરમિયાન અધ્યેતાઓ કેટલું શીખ્યા? કેવી રીતે શીખ્યા? તેમની શીખવાની ઝડપ કેટલી છે? તેઓને વિષયવસ્તુ શીખવામાં કયાં મદદની જરૂર છે? વગેરે માહિતી શિક્ષક પાસે હોવી જોઇએ .આ પ્રકારની માહિતી રચનાત્મક મૂલ્યાંકન દ્બારા શિક્ષકને પ્રાપ્ત થઇ શકે છે .તે શાળા કક્ષાએ થતું અધ્યયન માટેનું મૂલ્યાંકન છે.

આ પ્રકારના મૂલ્યાંકનમાં વર્ગખંડમાં શિક્ષક અવલોકન, પ્રશ્નોત્તરી, વિવિધ વર્કશિટ, પ્રૉજેક્ટ વગેરે દ્બારા અધ્યેતાના કાર્યની માહિતી મેળવી અધ્યયન અધ્યાપન કાર્ય માટે આયોજન કરે છે .સામાન્ય રીતે શિક્ષક અધ્યેતાનું તાસના અંતે કે એકમના અંતે મૂલ્યાંકન કરે છે .

શિક્ષક જયારે વર્ગખંડ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરવા પ્રશ્નોત્તરી કરે છે .કેટલું શીખ્યા તે જાણવા પ્રશ્નોત્તરી કરે છે .અધ્યેતાનું અવલોકન કરે છે .આ પ્રકારે થતું મૂલ્યાંકન કે જેમાં શિક્ષકને ખાસ કોઇ તૈયારીની જરૂર પડતી નથી તેવા મૂલ્યાંકનને અનૌપચારિક મૂલ્યાંકન કહે છે .જયારે કોઇ વિધિસરની પ્રક્રિયા દ્બારા શિક્ષક અધ્યેતાની પ્રગતિના પુરાવા એકઠા કરે છે ત્યારે તે ઔપચારિક મૂલ્યાંકન થયું ગણાય .વિવિધ પ્રકારની કસોટી દ્બારા થતું મૂલ્યાંકન વર્કશિટ, પ્રૉજેક્ટ વર્ક, પ્રાયોગિક વર્ક વગેરે દ્બારા થતું મૂલ્યાંકન તે ઔપચારિક મૂલ્યાંકન છે.

## (B)સત્રાંત મૂલ્યાંકનઃ

પ્રત્યેક સત્રના અંતે થતું અધ્યેતાનું મૂલ્યાંકન એટલે સત્રાંત મૂલ્યાંકન .આ પ્રકારના મૂલ્યાંકનમાં નિર્ધારિત પાઠ્યક્રમનો ઉપયોગ કરી લેખિત, મૌખિક અને ક્રિયાત્મક સ્વરૂપે મૂલ્યાંકન કરવામાં આવે છે . સત્રાંત મૂલ્યાંકનમાં અધ્યેતાની અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવેલ સાત વિષયોમાં ગોખણપટ્ટીને બદલે જ્ઞાન, સમજ, ઉપયોજન, કાંશલ્ય ઉપરાંત માનસિક શકિતઓ જેવી કે, તર્કશક્તિ, સર્જનાત્મક શક્તિ, લેખિત અભિવ્યક્તિ ખીલે તેવા પ્રયાસો હાથ ધરાય છે.

## (C) સ્વ–અધ્યયન કાર્યઃ

સમજપૂર્વક અપાયેલા સ્વ–અધ્યયન કાર્ય થકી બાળકનું મૂલ્યાંકન થાય છે .અધ્યેતાઓની સમજશકિત, તર્કશક્તિ, વિચારશકિત વગેરેને વિકસાવે અને તેના આધારે વિષયવસ્તુનું દ્દઢીકરણ થાય તે પ્રકારનું આયોજનબદ્ધ રીતે અપાયેલું કાર્ય એટલે સ્વ અધ્યયન કાર્ય .સ્વ–અધ્યયન કાર્ય બાળક દ્ધારા વર્ગખંડમાં અથવા વર્ગખંડની બહાર થઇ શકે છે .સ્વ–અધ્યયન કાર્યના આધારે અધ્યેતાએ સિદ્ધ કરેલ ક્ષમતાઓ/હેતુઓનું મૂલ્યાંકન થઇ શકે છે.

## (2)સહ શૈક્ષણિક મૂલ્યાંકન(સર્વગ્રાહી મૂલ્યાંકન):

સમગ્ર વર્ષ દરમિયાન થતુ અને અધ્યેતાનાં સર્વગ્રાહી પાસાંને લઇને થતું મૂલ્યાંકન એટલે સહ શૈક્ષણિક(સર્વગ્રાહી) મૂલ્યાંકન .આ મૂલ્યાંકન અંતર્ગત અધ્યેતાનાં શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક જેવાં પાસાંઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે .સહ શૈક્ષણિક મૂલ્યાંકનમાં ચાર ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવે છેઃ 1.અધ્યેતાના વ્યક્તિ ગત સામાજિક ગુણો 2.અધ્યેતાનાં વલણો 3.અધ્યેતાનાં રસનાં ક્ષેત્રો અને 4.કાર્યાનુભવ .અધ્યેતાના આ મૂલ્યાંકનને સમગ્ર મૂલ્યાંકન પણ કહીશું.

**તમારી પ્રગતિ ચકાસો**

1. મૂલ્યાંકનના વિવિધ પ્રકાર જણાવો.
2. સહ શૈક્ષણિક મૂલ્યાંકનનાં ક્ષેત્રો જણાવો.

### 1.3.5 મૂલ્યાંકન પ્રક્રિયાનાં સોપાનો:

મૂલ્યાંકન પ્રક્રિયાની સ્પષ્ટ સમજ મેળવવા માટે તેનાં સોપાનોની સમજ મેળવવી ખૂબ જ જરૂરી છે . સમગ્ર મૂલ્યાંકન પ્રક્રિયા નીચેનાં સોપાનોમાંથી પસાર થાય છે.

## (1)મૂલ્યાંકનનો પ્રકાર નક્કી કરવોઃ

અધ્યેતાની પ્રગતિ ચકાસવા માટે સૌ પ્રથમ તો તેનું મૂલ્યાંકન કેવી રીતે કરીશું તે વિચારવું પડે . અધ્યેતાનું મૂલ્યાંકન શિક્ષક અધ્યાપનકાર્ય દરમિયાન, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ દરમિયાન, પ્રાયોગિક કાર્ય દ્ધારા, સ્વ–અધ્યયન કાર્ય દ્ધારા, તેમજ વિવિધ પ્રકારની કસોટીઓ યોજીને મૂલ્યાંકન કરી શકે . વિષય શિક્ષણના હેતુઓને કેન્દ્રમાં રાખીને કયા પ્રકારે મૂલ્યાંકન કરવું તે વિચારી લેવું પડે.

## (2)વિષયવસ્તુની પસંદગીઃ

વિષયવસ્તુના સંદર્ભમાં અધ્યેતાની સિદ્ધિ કે કચાશ જાણવાની હોવાથી વિષયવસ્તુની પસંદગી એ અગત્યની બાબત છે .વિષયવસ્તુ પસંદગીમાં કયાં અને કેટલા વિષયવસ્તુનો સમાવેશ કરવો છે તેની નોંધ લેવામાં આવે છે.

**(3)મૂલ્યાંકનની પદ્ધતિ નક્કી કરવીઃ**

હેતુઓના સંદર્ભમાં જે વિષયવસ્તુનું માપન કરવાનું હોય તે કઈ પદ્ધતિથી કરવું તે નક્કી કરવામાં આવે છે .તેને માટે લેખિત કસોટી, મૌખિક કસોટી, ક્રિયાત્મક કસોટી કે પ્રાયોગિક કાર્ય કઈ રીતે યોગ્ય છે તે નિર્ણય લેવામાં આવે છે.

**(4)મૂલ્યાંકનની સામગ્રી તૈયાર કરવીઃ**

લેખિત, મૌખિક, ક્રિયાત્મક કસોટી કે પ્રાયોગિક કાર્યને અનુરૂપ મૂલ્યાંકન માટેનાં સાધનો તૈયાર કરવાં પડે .લેખિત કસોટી, મૌખિક કસોટી, ક્રિયાત્મક કસોટી માટેનાં પ્રશ્નપત્રો, વિદ્યાર્થીઓની લેખન સામગ્રી ઉપરાંત જો પ્રાયોગિક કાર્ય દ્વારા ચકાસણી કરવા માંગતા હોઈએ તો પ્રાયોગિક કાર્ય માટે જે સાધનો જરૂરી હોય તે એકઠાં કરવાં પડે. દા.ત., ચિત્રકોષ, નકશાપોથી, વિજ્ઞાન પ્રયોગનાં સાધનો, ભૌમિતિક સાધનો વગેરે...

**(5)અધ્યેતાઓની કસોટી(પરીક્ષા)નું આયોજનઃ**

અધ્યેતાઓ તનાવમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે યોગ્ય સમયે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

(6)**મૂલ્યાંકનના આધારે પ્રાપ્તાંક આપવાઃ**

અગાઉથી નક્કી થયેલ સ્પષ્ટ અને ચોક્કસ માળખાના ગુણપત્રકમાં અધ્યેતાની હેતુ સિદ્ધિને પ્રાપ્તાંક સ્વરૂપે દર્શાવવામાં આવે છે .જે–તે વિષયવસ્તુના આવરણના સંદર્ભમાં અધ્યેતાની હેતુ સિદ્ધિનું સંખ્યાત્મક માપ અહીં મળે છે .સાથે સાથે શિક્ષક તેમજ વાલીને પણ અધ્યેતાની સિદ્ધિ કે કચાશની માહિતી મળે છે .મૌખિક કસોટી, ક્રિયાત્મક કસોટી કે પ્રાયોગિક કાર્યમાં પ્રાપ્તાંકોની નોંધણી તરત થવી જરૂરી છે.

(**7)પ્રાપ્તાંકોનું વિશ્લેષણઃ**

અધ્યેતાની વિષયવસ્તુમાં ઉપલબ્ધિ જાણી શકાય તે માટે પરિણામોનું વિશ્લેષણ જરૂરી છે .જે વિષયવાર, શાળાવાર, તાલુકાવાર, જિલ્લાવાર પણ થઈ શકે .તેના આધારે રાજ્યની તમામ શાળાના ચોક્કસ ધોરણના ચોક્કસ વિષય માટેના વિશિષ્ટ હેતુઓને કેન્દ્રમાં રાખીને સિદ્ધિ કે કચાશની જાણકારી સ્પષ્ટ મેળવી શકાય છે. વિશ્લેષણથી મળેલાં પરિણામોને યોગ્ય સારણીઓમાં સ્તંભાલેખ કે વક્રાલેખમાં પણ મૂકી શકાય .પરિણામનું વિશ્લેષણ કુલ ગુણના આધારે કરી શકાય .તેમજ તેની આલેખાત્મક રજૂઆત પણ થઈ શકે.

**(8)પ્રાપ્ત પરિણામોની સમીક્ષાઃ**

અધ્યેતાઓની હેતુવાર અને કુલ ગુણના આધારે મેળવેલ સિદ્ધિના પરિણામોનું અર્થઘટન કરવાથી નીચેની બાબતો જાણી શકાય છે.

– પ્રત્યેક હેતુવાર અધ્યેતાની સિદ્ધિ કેટલી છે ?

– કોઇ એક ધોરણના એક વિષયમાં એક વર્ગના સમગ્ર અધ્યેતાઓની ક્ષમતા / હેતુવાર સિદ્ધિ કેટલી છે

– ધોરણવાર તેમજ સમગ્ર શાળાનાં બાળકોની ઉપલબ્ધિ સ્તર જાણી શકાય.

– તેને આધારે નિદાનાત્મક કે ઉપચારાત્મક કાર્યક્રમ યોજવો હોય તો શું કરવું પડે તે જાણી શકાય.

– હેતુ સિદ્ધિ માટે પસંદ કરેલ અધ્યયન અનુભવોમાં પરિવર્તન જરૂરી છે ? વિષયવસ્તુની રજૂઆતમાં પરિવર્તન જરૂરી છે ? આમ, અનેક મુદ્દા સંદર્ભે વિચારણા કરી શકાય.

**(9)પ્રગતિ પ્રતિવેદન (Progress Report) :**

વિષયવાર અધ્યેતાઓની પ્રગતિનો લેખિત અહેવાલ જે–તે શિક્ષક, અધ્યેતા અને વાલીને ઉપયોગી થાય છે.

**(10)પ્રત્યેક અધ્યેતાઓના પરિણામનો રેકર્ડ રાખવોઃ**

શાળામાં પ્રત્યેક ધોરણમાં પ્રત્યેક અધ્યેતાઓની વર્ષ દરમિયાન લેવાતી કસોટીઓનાં પ્રાપ્ત પરિણામોનો રેકર્ડ રાખવો ખૂબ જ જરૂરી છે .જેનાથી પ્રત્યેક અધ્યેતાની સમગ્ર વર્ષ દરમિયાનની સિદ્ધિ, કચાશ કે વર્ષ દરમિયાનની અભ્યાસની ચઢ–ઉતર જાણી શકાય .શાળાની એકદંરે પ્રગતિના તુલનાત્મક અધ્યયન માટે ખૂબ જરૂરી છે.

**1.3.6 મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકાઃ**

વિવિધ પ્રકારનાં મૂલ્યાંકન દ્ધારા અધ્યેતાની પ્રતિભાને ઓળખી તેની શક્તિઓના પ્રગટીકરણ દ્ધારા વ્યક્તિત્વને ખીલવવાનો અને યોગ્ય શૈક્ષણિક સ્તર સુધી પહોંચાડવાનોપ્રયત્ન શિક્ષકે કરવાનો છે . અભ્યાસમાં ધીમા કે મંદ હોય એવા વિદ્યાર્થીને તે નાસિપાસ થાય તેવા શબ્દપ્રયોગ ટાળવા, અન્ય અધ્યેતાઓ સાથે તુલના કરતાં ધ્યાન રાખવું .વિદ્યાર્થીઓમાં હીનભાવ ઉત્પન્ન થાય તેવું વર્તન ન કરવું . અધ્યેતાઓમાં આત્મગ્લાનિ અનુભવાય તેવાં નકારાત્મક વલણોથી શિક્ષકે હંમેશાં દૂર રહેવું પડે . શિક્ષકે સતત નીચેની બાબતે વિચાર કરવો પડશે.

– અધ્યેતા કયા સ્તર સુધી પહોચ્યો છે **?**

– અધ્યેતાની કયાં કચાશ રહી ગઇ છે **?**

– અધ્યેતાની કચાશ પાછળ કયાં કારણો જવાબદાર છે **?**

આમ, મૂલ્યાંકન પ્રક્રિયામાં શિક્ષકની સૂઝ, સ્વભાવ, શિક્ષકનું જ્ઞાન મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષક હંમેશાં આટલું તો કરે જ...

–મૂલ્યાંકનનાં સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરે.

–અધ્યેતાઓને માર્ગદર્શન અને સહાય પૂરાં પાડે.

–હાજરી ગેરહાજરી અંગે વિચારે.

–સહકાર્યકરોની સાથે સલાહ ચર્ચા–વિચારણા હાથ ધરે.

–આચાર્યનો સહયોગ સાધે.

–કઈ પરિસ્થિતિમાં એકમ કસોટી લીધી હતી તે સ્થિતિ ઉપલબ્ધિના સ્તેર પહોંચાડવામાં કેટલી સબળ પુરવાર થાય છે તે વિશે વિચારે.

**તમારી પ્રગતિ ચકાસો**

7 .પરિણામના રેકર્ડ દ્વારા શાળાનો તુલાનાત્મક અભ્યાસ કઈ રીતે થઇ શકે **?**

8“ .શિક્ષક અધ્યેતાઓના મૂલ્યાંકન દરમિયાન તટસ્થ હોવા જોઇએ ” વિધાનની સમ્મતી માટેના મુદ્દા નોંધો.

## 1.4 સારાંશ:

મૂલ્યાંકન પ્રક્રિયાની શિક્ષણકાર્ય પર ઘણી અસર થતી હોય છે .તેથી જ એમ કહેવાય છે કે સારા શિક્ષણ અને મૂલ્યાંકન વચ્ચે કોઇ ભેદ જ નથી. મૂલ્યાંકન ન હોય તો સારું શિક્ષણ ન થાય. શિક્ષણ કાર્યની પૂર્વે તેમજ તે દરિમયાન મૂલ્યાંકન કરવું જરૂરી છે. આ પ્રક્રિયા થકી જ બાળકોનો સર્વાંગી વિકાસ સાધવાનો છે .અધ્યેતા અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે તે ચકાસતા જઇ અથવા તેની કચાશ શોધતા રહી તેને સતત માર્ગદર્શન મળતાં તે વિકાસના અંતિમ ધ્યેય સુધી પહોંચી શકે છે.

અધ્યેતાના શૈક્ષણિક તેમજ સહ શૈક્ષણિક મૂલ્યાંકન દ્વારા તેના વ્યક્તિત્વ વિકાસનાં તમામ પાસાંનું મૂલ્યાંકન થાય છે .અને સાથે સાથે તેની પ્રગતિની નોંધ પણ લેવામાં આવે છે .શિક્ષણ અને મૂલ્યાંકન દ્વારા અધ્યેતાની પ્રગતિ સાધી શકાય છે .આપણાં શાસ્ત્રોએ પણ ખુદની પ્રગતિ માટે તું તારી અંદર ડોકિયું કર એમ કહી જાત સુધારણા પર ભાર મૂકેલ છે.

## 1.5 સ્વાધ્યાયઃ

**પ્રશ્ન–1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) કેળવણીની પ્રક્રિયા દ્વારા અધ્યેતાનો કેવા પ્રકારનો વિકાસ શક્ય બને છે **?**

(2) ડો.રવીન્દ્રભાઇ દવેએ આપેલી મૂલ્યાંકનની વ્યાખ્યા સમજાવો.

(3) મૂલ્યાંકન પ્રક્રિયાનાં સોપાનો જણાવો.

(4) ઔપચારિક મૂલ્યાંકનમાં શાનો સમાવેશ થાય છે **?**

**પ્રશ્ન–2 મુદ્દાસર જવાબ લખો.**

(1) ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન વચ્ચે નો ભેદ સ્પષ્ટ કરો.

(2) "મૂલ્યાંકન પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા મહત્વ ની છે " આ વિધાનની યથાર્થતા ચર્ચો

(3) 'અધ્યયન માટેનું મૂલ્યાંકન' અને 'અધ્યયનનું મૂલ્યાંકન' વચ્ચે નો ભેદ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન–3 વિસ્તારપૂર્વક જવાબ લખો .**

(1)મૂલ્યાંકન પ્રક્રિયાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2)મૂલ્યાંકન પ્રક્રિયાનાં સોપાનો વર્ણવો.

## 1.6 સંદર્ભ સૂચિઃ


1.ડો.મોતીભાઇ પટેલ, ડો.ભદ્રાયુ વછરાજાની, *'શૈક્ષણિક સંશોધન માપન મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્ર'* બી.એસ.શાહ પ્રકાશન અમદાવાદ બીજી આવૃત્તિ 2007–08

2 .ડો.સી.કે.પટેલ *'શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન'* ગૂર્જર પ્રકાશન અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1993–94

3.ડૉ.ભટનાગર *'મનોવિજ્ઞાન ઔર શિક્ષા મેં માપન એવં મૂલ્યાંકન'* સૂર્યા પબ્લિકેશન મેરઠ.

4.*'શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન'* મોડ્યુલ .જીસીઇઆરટી ગાંધીનગર.

5.ડૉ.દિપુબા દેવડા, ડો.જે.બી.જોશી *'શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન'* વારિષેણ પ્રકાશન અમદાવાદ પ્રથમ આવૃત્તિ 2004

# એકમ–2 મૂલ્યાંકનની પ્રવિધિઓ

**2.1 પ્રસ્તાવના (Introduction)**

**2.2 ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes)**

**2.3 વિષયવસ્તુ (Content)**

2.3.1 રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ

2.3.2 સતત મૂલ્યાંકન કેવી રીતે ?

2.3.3 અધ્યયન પ્રોફાઇલ અને અધ્યયન પોર્ટફોલિયોની સંકલ્પના અને તેનું સ્વરૂપ

2.3.4 ભૂલ પરીક્ષણ (નિદાન–ઉપચાર)

2.3.5 મૂલ્યાંકનની નીતિનો વિકાસ અને ઉપયોગ

**2.4 સારાંશ**

**2.5 સ્વાધ્યાય**

**2.6 સંદર્ભ સૂચિ**

**2.1 પ્રસ્તાવના:**

કેળવણી એ શિક્ષક અને શિષ્ય વચ્ચેની એક જીવંત અને વર્ષો જૂની પ્રક્રિયા છે .એ પ્રક્રિયાના પરિપાકરૂપે અધ્યેતામાં આપણે ઈચ્છિત પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ. તેથી જ કેટલાક કેળવણીકારો" કેળવણી એટલે અધ્યેતાના વર્તનમાં પરિવર્તન લાવવાની એક પ્રક્રિયા છે "એવો અર્થ ઘટાવે છે .અધ્યેતા પાસે જે માહિતી શાળામાં પ્રવેશ કરતાં પહેલાં ન હતી તે તેની પાસે શાળાજીવનના અંતે હોવી જરૂરી છે. તે જ પ્રમાણે શાળાંતે તેનામાં નવી સમજ, કૌશલ્યો, શક્તિઓ, વલણ અને અભિરુચિ પેદા થવાં જોઇએ. શાળા આ પ્રકારનાં પરિવર્તનો પોતાના શૈક્ષણિક કાર્યક્રમો) Educational programme (દ્વારા કે અભ્યાસક્રમ દ્વારા લાવવા માગે છે. તેથી આ બધાને શૈક્ષણિક હેતુઓ કહી શકાય. આ શૈક્ષણિક હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા છે તે નક્કી કરવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહે છે. જે અંગેની સમજ પ્રકરણ– ૧માં મેળવી. પ્રકરણ– ૧માં આ બાબતે મૂલ્યાંકનની સંકલ્પના, મૂલ્યાંકન પ્રક્રિયાનાં લક્ષણો, મૂલ્યાંકનના પ્રકાર, શિક્ષકની ભૂમિકા જેવા મુદ્દાઓ સમાવિષ્ટ હતા પ્રસ્તુત પ્રકરણમાં મૂલ્યાંકનની પ્રવિધિઓ વિષયક સમજ મેળવીશુ .

**2.2 ઉદ્દેશ્યો (Objectives):**

પ્રશિક્ષણાર્થીઓ....

- રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ વિશે સમજે.
- સતત મૂલ્યાંકન કેવી રીતે તે અંગેની વ્યૂહરચના સમજે.
- અધ્યયન પ્રોફાઇલની સંકલ્પના અને તેના સ્વરૂપ વિશે સમજે.
- શિક્ષણપ્રક્રિયામાં ભૂલ પરીક્ષણ અર્થાત્ નિદાન – ઉપચારની ભૂમિકાની સમજ મેળવે.
- મૂલ્યાંકનની નીતિના વિકાસ અને ઉપયોગ વિશેની સમજ મેળવે.

➢ **અધ્યયન નિષ્પત્તિઓ (Learning outcomes):**

**પ્રશિક્ષણાર્થીઓ....**

- રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ સમજશે.
- સતત મૂલ્યાંકન અંગેની વ્યૂહરચના સમજશે.
- અધ્યયન પ્રોફાઇલની સંકલ્પના અને તેના સ્વરૂપ વિશે સમજશે.
- શિક્ષણપ્રક્રિયામાં ભૂલ પરીક્ષણ અર્થાત્ નિદાન – ઉપચાર વિશે સમજશે .
- મૂલ્યાંકનની નીતિના વિકાસ અને ઉપયોગ વિશે સમજશે.

## 2.3 વિષયવસ્તુ :

2.3.1 રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિ

આપણે પ્રકરણ–1 માં રચનાત્મક મૂલ્યાંકન વિશે સમજયા છીએ કે તે વર્ગખંડ શિક્ષણનો એક ભાગ છે અને શાળા કક્ષાએ થતું 'અધ્યયન માટેનું મૂલ્યાંકન' છે .વર્ગખંડમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન બાળકોને શીખવા માટેના જરૂરી અવસર મળતા રહે છે, જેથી તેઓ જ્ઞાનનું નિર્માણ કરતાં રહે.બાળકો વિવિધ પ્રવૃતિઓમાં સહભાગી થઇ સતત તેમના જ્ઞાનમાં સુધારો કરતાં હોય છે . આ પ્રક્રિયા દરમિયાન બાળકો કેટલું શીખ્યાં ? કેવી રીતે શીખ્યાં ? તેમની શીખવાની ઝડપ કેટલી છે ? તેમને વિષયવસ્તુ માં મદદની કયાં જરૂર છે ? વગેરેની માહિતી શિક્ષક પાસે હોવી જરૂરી છે .આ પ્રકારની માહિતી રચનાત્મક મૂલ્યાંકન અને તેની પ્રવિધિઓ ઙ્ઢારા શિક્ષકને પ્રાપ્ત થાય છે .રચનાત્મક મૂલ્યાંકન અને તેની પ્રવિધિઓના માધ્યમથી શિક્ષક અધ્યેતાની પ્રતિભાને ઓળખીને તેની શકિતઓના પ્રગટીકરણ ઙ્ઢારા વ્યક્તિને ખિલવવાનો અને અપેક્ષિત શૈક્ષણિક સ્તર સુધી પહોંચાડવાનોપ્રયત્ન કરે છે .

રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ કઇ–કઇ છે ? તેની સમજ મેળવીએ.

- **નાની લેખિત સ્વરૂપની સામાન્ય કસોટીઓ:**

  આ કસોટીમાં નીચે મુજબની સૂચના અંતર્ગતના પ્રશ્નોનો સમાવેશ થાય છે .

  –ખાલી જગ્યા પૂરો (વિકલ્પ આપીને કે વિકલ્પ આપ્યા વગરની)

  –એક શબ્દ – એક વાકયમાં ઉતર લખો.

  –જોડકાં જોડો.

  –ક્રમ નિર્ણાયક પ્રશ્નો (સાચા ક્રમમાં ઘટના/બનાવ/વાકયને ગોઠવો)

  –ખોટી જોડણીવાળા શબ્દની નીચે આડી લીટી દોરો અથવા સાચી જોડણી લખો.

  –કારણ કે..... (કૌંસમાં અ, બ ,ક , ડ માંથી કોઇ એક સાચું કારણ શોધી વાકય પૂર્ણ કરો)

  –એક–બે શબ્દોમાં ઉત્તરવાળા પ્રશ્નો જેવા કે –

  (1)વનસ્પતિનો કયો ભાગ તેનું રસોડું છે ?

  (2)આપણું શરીર મુખ્ય કેટલા ભાગોમાં વહેંચાયેલું છે ?

  ઉપર નિર્દેશિત પ્રકારના પ્રશ્નો મૌખિક પ્રકારે અથવા ક્વિઝ સ્વરૂપે પૂછી શકાય.

- યાદી બનાવો કે ફકરો લખો:

  ઉદા– .મૂળભૂત હક્કોની યાદી બનાવો.

  – ગ્રાહકના અધિકારો તેમજ ફરજોની યાદી બનાવો.

  – કઇ ઘટનાએ સમ્રાટ અશોકનું હ્દય પરિવર્તન કર્યું ?

  આ યાદીને ચાર્ટના સ્વરૂપે શિક્ષણકાર્યમાં ઉપયોગમાં લઇ શકાય.

- **વર્ગકાર્ય:**

શિક્ષણકાર્ય દરમિયાન અધ્યેતાની સક્રિય ભાગીદારી હોય તે જરૂરી છે. વિષયવસ્તુની સાચી સમજ છે કે કેમ ? તેનું પ્રશ્નોતરી દ્બારા મૂલ્યાંકન કરવું. અધ્યેતાઓની વર્ગકાર્યની નોટબુક જાળવણી અને વર્ગશિક્ષણ દરમિયાનની સામેલગીરીના આધારે મૂલ્યાંકન કરવું .રચનાત્મક મૂલ્યાંકનના ભાગરૂપે જ સ્વ– અધ્યયન કાર્ય સોંપવું જોઇએ.

- **સ્વ– અધ્યયન કાર્ય:**

- સ્વ–અધ્યયન કાર્યનું મૂલ્યાંકન કરતી વખતે સ્વ–અધ્યયન કાર્યમાં નિયમિતતા, સ્વચ્છતા, મૌલિકતા જેવા મુદાઓને ધ્યાનમાં રાખવા જોઇએ.
- સ્વ–અધ્યયન કાર્યના પ્રશ્નો સમજશકિત, તર્કશકિત, વિચારશકિત, મૌલિકશકિત ખીલવે તેવા હોવા જોઇએ.
- દ્રઢીકરણ કરવા પ્રેરાય એવા પ્રકારના પ્રશ્નો આધારિત ગૃહકાર્ય સોંપવું જોઇએ.
- સ્વ–અધ્યયન કાર્ય પ્રશ્નોત્તર ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ જેવી કે –ચાર્ટ દોરવા, આલ્બમ બનાવવું, ફોટા, ચિત્રો–કટિંગ્સ ચોંટાડીને સ્કેચબુક બનાવવી, પોસ્ટર દોરવાં, સ્લોગન તૈયાર કરવાં, ચિત્રોમાં રંગપૂરણી કરવી , સ્લાઇડ તૈયાર કરવી, હેન્ડબુક બનાવવી વગેરે.....કરાવી શકાય.
- અહેવાલલેખન, નિબંધલેખન, પત્રલેખન, આત્મકથા, વિચાર–વિસ્તાર કે ઘટના યા પ્રસંગનું વર્ણન વગેરેની પણ સોંપણી કરી શકાય.
- વિષયશિક્ષકે સંકલન સાધીને સપ્તાહવાર, પ્રમાણસર, વય–કક્ષાને અનુરૂપ, અધ્યેતા સ્યં જ કરી શકે એવા પ્રકારનું તથા ઉત્સાહપ્રેરક બની રહે એવું ગૃહકાર્ય સોંપવું જોઇએ.
- કોઇ પ્રક્રિયાના આઘાત–પ્રત્યાઘાત વર્ણવવા કે પ્રતિક્રિયા જણાવે તેવા પ્રશ્નો સ્વ–અધ્યયન કાર્યમાં સોંપવા. જેમાં અધ્યેતા સંદર્ભસાહિત્ય, મુલાકાત, ઇન્ટરવ્યુ, ઇન્ટરનેટ વગેરેનો ઉપયોગ કરી માહિતી મેળવે, અભ્યાસ કરે, સમજણ કેળવે અને અહેવાલની રજૂઆત કરે. આ તમામ તબક્કે શિક્ષક મૂલ્યાંકન કરે છે.

- **પ્રાયોગિક કાર્યની સોંપણી કરવી:**

વિષયના જે એકમમાં પ્રયોગકાર્યને પ્રાધાન્ય આપ્યું હોય તેવા વિષયવસ્તુ આધારિત પ્રયોગો અધ્યેતા પાસે કરાવવા અને તેણે કરેલા પ્રયત્નોના આધારે મૂલ્યાંકન કરવું. જેમ કે – વિજ્ઞાનમાં વિવિધ વનસ્પતિઓ પર પ્રયોગ હાથ ધરવો.

–મેદાન, જુદા–જુદા પદાર્થો, વર્ગખંડનું માપન કરાવવું અને તેનાં ક્ષેત્રફળ, પરિમિતિ અને ઘનફળ શોધવા કહેવું.

–વિજ્ઞાન વિષયમાં પ્રયોગખંડમાં કરેલ વિવિધ પ્રયોગોનું સ્વયં નિદર્શન કરવા જણાવવું.

- **રૂપક, નાટક, એકપાત્રીય અભિનય દ્વારા:**

વિષયાંગ આધારિત જીવંત પાત્રો, ઐતિહાસિક પાત્રો, ઘટના, પર્યાવરણની સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ જેવા વિષયો પર સુંદર, સચોટ સંવાદોની રચના કરીને ચોક્કસ સંદેશ આપતું શેરી નાટકોનું સર્જન કરીને વિષયાંગોને રસપ્રદ અને ચિરંજીવ બનાવે તેવી રીતે રજૂ કરાવીને મૂલ્યાંકન કરી શકાય છે .જેમ કે–

–'હું ઓક્સિજન છું.' 'હું સમ્રાટ અશોક છું.' 'હું રોકડિયો પાક છું.'

–બંધ યોજના સરોવરો, નદીઓ, પાકો, ઉદ્યોગો વિવિધ પ્રદેશના લોકો અને તેમનું જીવનધોરણ, સંસ્કૃતિ, ઐતિહાસિક ઘટના કે પ્રસંગનું વર્ણન.

–પર્યાવરણ, વસતિ, બેકારી, બેટી બચાવો, જળ બચાવો, વૃક્ષ બચાવો, આતંકવાદ જેવા વિષયો પર શેરી નાટકો, રૂપકો કે એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજીને મૂલ્યાંકન વ્યકિતગત તથા સમૂહમાં થઇ શકે છે.

- **સૈદ્ધાંતિક જ્ઞાનના આધારે માહિતી વર્ગીકૃત કરવી:**

–શોધ અને સંસ્કૃતિ

–સૂત્રો, આકૃતિઓ,

–સમીકરણો

– ખેતીના પ્રકાર

–ઘટના અને સાલ

–જમીનના પ્રકાર

–વિવિધ પ્રકારના પાકોનું વર્ગીકરણ

–કવિ–લેખકો અને તેમની કૃતિઓ

–ગાણિતિક ખ્યાલો અને તેના પરથી તારવેલા સિદ્ધાંતો વર્ગીકૃત માહિતીને બોર્ડ પર અથવા ચાર્ટ સ્વરૂપે દર્શાવી અધ્યેતાઓ પાસે ખૂટતી માહિતી પૂર્ણ કરાવી શકાય અથવા તો વધારાની માહિતી કઇ જગ્યાએ સમાવવી તે પૂછી શકાય.

- **અવલોકનો:**

આ એક આધારભૂત પ્રવિધિ છે .વ્યક્તિગત કે જૂથમાં અધ્યેતાઓના કાર્યનું મૂલ્યાંકન નિરીક્ષણ દ્વારા થઇ શકે છે .અવલોકનમાં અધ્યેતાઓનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનું મૂલ્યાંકન થઇ શકે છે . શિક્ષકના પૂર્વગ્રહ કે પક્ષપાત અને અનુમાન આધારિત કરેલ અવલોકન એ આ પદ્ધતિની મુખ્ય મર્યાદા છે .તેથી શિક્ષક દ્વારા તટસ્થ, અનાત્મલક્ષી, પૂર્વગ્રહરહિત મૂલ્યાંકન થાય તે ખૂબ જરૂરી છે.

- **પ્રૉજેકટ કાર્ય દ્વારા મૂલ્યાંકન:**

પ્રૉજેકટ પદ્ધતિમાં મૂલ્યાંકન એ એક અગત્યનું સોપાન છે. પ્રૉજેકટ શરૂ થાય ત્યાથી પૂર્ણ થાય ત્યા સુધી સતત રીતે મૂલ્યાંકન થતું રહે છે. પ્રત્યેક પ્રૉજેકટ દ્વારા કેટલાક શૈક્ષણિક અનુભવો આપવાના

હોય છે. મૂલ્યાંકનમાં આ વાત જોવાય છે. કેટલે અંશે નિર્ધારિત હેતુઓ પરિપૂર્ણ થયા છે તે મૂલવાય છે. પ્રૉજેકટ એ પ્રક્રિયા છે તેથી પરિણામનું નહિ પણ પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય તે જોવાનુ રહે છે. તેમાં સમસ્યા કે વિષયની પસંદગી જૂથ – સભ્યો દ્વારા થયેલું પ્રાથમિક આયોજન, જૂથ–સભ્યો વચ્ચે પ્રત્યાયનની ગુણવત્તા, ક્ષેત્ર–કાર્ય માહિતીની ગોઠવણી, પ્રૉજેકટકાર્યની રજૂઆત, સમગ્ર અહેવાલલેખન વગેરે પાસાં ધ્યાને લેવાય છે. શિક્ષક દરેક અધ્યેતાની ખાસિયત, સ્વભાવ, ખંત, સહકારની ભાવના વગેરેની પણ નોંધ રાખે છે. જરૂર જણાય તો મૂલ્યાંકન કસોટી આપીને પણ મૂલ્યાંકન કરે છે .

- **વિવિધ કલબો, વિષયવર્તુળની કામગીરી દ્વારા:**

  –શાળામાં વિવિધ વિષયોની કલબ કે વિવિધ વિષયવર્તુળો દ્વારા શાળામાં કે શાળા બહાર યોજાતી શૈક્ષણિક કે સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં અધ્યેતાની સામેલગીરી, સમૂહકાર્ય, જીવનમૂલ્યો વગેરેનું મૂલ્યાંકન કરી શકાય.

  – પ્રવાસ–પર્યટન, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સેમિનાર, વ્યાખ્યાનો, વકતૃત્વ સ્પર્ધાઓ યોજી તેમાં થયેલ ચર્ચા–પ્રશ્નોત્તર અને રજૂઆતના આધારે મૂલ્યાંકન કરી શકાય છે.

  –બુલેટિન બોર્ડ, કાવ્ય, અહેવાલ કે વાર્તાઓ રજૂ કરે અને તેને આધારે રચનાત્મક મૂલ્યાંકન કરી શકાય છે.

  –ગ્રાહક સુરક્ષા કલબ, ઈકોકલબ, ઉર્જાકલબ, ગણિતકલબ, વિજ્ઞાનકલબ, ભાષાવર્તુળ, સેવાકીય સંસ્થાઓ) NGO (ના સહયોગથી શાળા કક્ષાએ થતી પ્રવૃત્તિઓ વગેરે .મંડળોની શાળા કક્ષાએ રચના કરવી .

- **સંશોધનકાર્ય, માહિતીનું એકત્રીકરણ:**

  –પ્રાયોગિક ધોરણે ચકાસી શકાય એવાં સંશોધનકાર્ય કરાવીને ઉચ્ચ પ્રાથમિકના અધ્યેતાઓમાં સંશોધનાત્મક અભિગમ કેળવી શકાય.

  –અધ્યેતાની પાસે તેમની વયકક્ષાને અનુરૂપ, વિષયાંગ આધારિત રસ પડે તેવા વિષયો પર, ઘરની આસપાસના વિસ્તારમાં સ્વયં ફરીને મોજણી કરાવી શકાય.

- **મૌખિક કસોટીઓ:**

  –શિક્ષણકાર્ય દરમિયાન કોઇ સેમિનાર, વકતવ્ય અથવા મુલાકાત યોજવામાં આવી હોય તો તેને આધારિત મૌખિક પ્રશ્નો પણ પૂછી શકાય. ઉપરાંત વિષયવસ્તુ આધરિત મૌખિક પ્રશ્નો પણ પૂછી શકાય .જેમ કે –

  –ગંગા–યમુના–સરસ્વતીનો સંગમ કયાં થાય છે ?

  –કાથો કઇ વનસ્પતિમાંથી મળે છે ?

- **ક્વિઝ રમાડવી:**

  વર્ગખંડને બે–ચાર–છ ગ્રૂપમાં વહેંચીને સ્પર્ધા કરી શકાય .આ માટે–

  –ચિત્રોની ઓળખ,અવાજની ઓળખ, વિડીયો ક્લિપિંગ દર્શાવીને પ્રશ્નો પૂછી શકાય.

  –નકશાવાચન કરાવી શકાય.

  –એકમ આધારિત બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો, ટ્રાન્સપરન્સી કે, સ્લાઇડ બતાવીને ICT ના ઉપયોગથી પ્રશ્નો પૂછી શકાય.

  –સંધિ જોડો, ખાલીજગ્યા પૂરો, હા કે ના માં જવાબ આપો,

  – ચિત્રો પરથી ઓળખ વગેરે દ્વારા કાર્ય થાય.

- **વિવિધ સ્પર્ધાઓ યોજવી:**

વર્તમાન સમસ્યાઓને વાચા આપવા, સામાજિક પ્રવૃતિઓના ભાગરૂપે, વિષયના એકમ આધારિત બાબતોને ધ્યાનમાં રાખીને પોસ્ટર બનાવવાની, ચાર્ટ બનાવવાની, સૂત્ર લેખન કે સ્લોગન બનાવવાની સ્પર્ધાઓ યોજી શકાય .જેવી કે, 'બેટી બચાવો' 'ઉર્જા બચાવો' 'પ્રદૂષણ અટકાવો' 'રકતદાન મહાદાન 'સા વિદ્યા યા વિમુક્તયે, યોગક્ષેમં વહામ્યહમ …

- **નકશાવાચન અને સમયરેખા દોરવી:**

  વૈચારિક કૌશલ્યો વિકસે તે માટે નકશાનો કોઇપણ એક ભાગ અધ્યેતાઓને આપવો .જેમાં આવતી તમામ વસ્તુઓ અધ્યેતા દર્શાવે અને તેના આધારે અધ્યેતાનું મૂલ્યાંકન થાય તે રીતે આ પ્રવિધિનો ઉપયોગ કરી શકાય.

જેમ કે, ભારતના નકશામાં હવાઇ માર્ગ, વરસાદી જંગલોનો પ્રદેશ, તાંબુ કે સિમેન્ટ ઉદ્યોગનું કેન્દ્ર, સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજય વગેરે વિગતોનાં સ્થાન દર્શાવવાનું જણાવી શકાય.

- **ખંડિત વાર્તા**

કોઇ વાર્તા, ઘટના કે બનાવની પૂર્વભૂમિકા બાંધીને, તેના મુદ્દાઓ આપીને, હવે આગળ પૂર્ણ કરો …જેવી કસોટી રચી શકાય .જે દ્વારા અધ્યેતાઓની ચિંતનશકિત, મૌલિકતા, સર્જનાત્મકતા જાણી શકાય છે .

દા.ત., "એ ઘટનાએ …. સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું ".પંચતંત્રની જૂની વાર્તાઓને વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરે. દા.ત., કાચબો અને સસલાની વાર્તા, કાગડો અને કુંજાની વાર્તા.

**તમારી પ્રગતિ ચકાસો**

1. સ્વ –અધ્યયન કાર્યનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો .
2. વર્ગીકરણ દ્વારા મૂલ્યાંકનની પ્રવિધિ શું છે **?**
3. ટૂંકનોંધ લખોઃ પ્રોજેક્ટ કાર્ય દ્વારા મૂલ્યાંકન

### 2.3.2 સતત મૂલ્યાંકન કેવી રીતે ? :

રાષ્ટ્રીય શિક્ષણનીતિ(1986)માં સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે .શિક્ષણનો એક હેતુ અધ્યેતાઓના સર્વાંગી વિકાસનો છે .તેથી અધ્યેતાઓની શૈક્ષણિક બાબતો અને તેના સર્વાંગી વિકાસને આવરી લેતી અધ્યેતાપ્રતિભાક્ષેત્રની બધી જ બાબતોનું મૂલ્યાંકન થવું જોઇએ .મૂલ્યાંકન સતત અને સમયાંતરે થતું હોવું જોઇએ .સતત મૂલ્યાંકનથી અધ્યેતાના સામર્થ્ય અને નબળાઇ બંનેનો ખ્યાલ આવે છે .તેની નિયમિત રીતે શૈક્ષણિક પ્રગતિની ગતિવિધિ જાણવા મળે છે .આ ગતિવિધિ શિક્ષણના હેતુઓ સિદ્ધ કરવા માટે તેમજ નિદાનાત્મક અને ઉપચારત્મક કાર્ય માટે ઉપયોગી બને છે .

સતત મૂલ્યાંકન સામાન્ય રીતે બે ભાગમાં વહેંચી શકાય (1) .ઔપચારિક મૂલ્યાંકન અને (2)અનૌપચારિક મૂલ્યાંકન .

- **ઔપચારિક મૂલ્યાંકન:**

ઔપચારિક મૂલ્યાંકનમાં પૂર્વતપાસ**,** સાવધિક મૂલ્યાંકન (પ્રગતિમૂલક મૂલ્યાંકન)નો સમાવેશ થાય છે.

– પૂર્વતપાસ **:** 'પૂર્વતપાસ એટલે શિક્ષણકાર્ય શરૂ કરતાં પહેલાં અધ્યેતાની વિષય સંદર્ભ જાણકારી પ્રાપ્ત કરવી તે. ' બાળકો જે જાણે છે તેનો આધાર લઈ શિક્ષક આગળનું શિક્ષણકાર્ય આરંભી શકે છે .

– સાવધિક મૂલ્યાંકન : સાવધિક મૂલ્યાંકનને પ્રગતિમૂલક મૂલ્યાંકન તરીકે પણ ઓળખવામાં આવે છે .આ પ્રકારના મૂલ્યાંકનમાં અભ્યાસક્રમના નાના–નાના ભાગ કે એકમ પ્રમાણે ચોક્કસ સમયના અંતરે અધ્યેતાઓની લેખિત કસોટી, મૌખિક કસોટી કે ક્રિયાત્મક કસોટી લેવામાં આવે છે . વિષયશિક્ષણના અમુક નિશ્ચિત એકમો પર અધ્યેતાઓની કેટલી જાણકારી કે પ્રભુત્વ ધરાવે છે તે તપાસવાનો હેતુ રહેલ છે .આ પ્રકારના મૂલ્યાંકન દ્વારા જે તે વિષયમાં અધ્યેતાની પ્રગતિ કે સ્થિતિ જાણી શકાય છે .જેથી તેને પ્રગતિમૂલક મૂલ્યાંકન પણ કહેવામાં આવે છે .અધ્યેતાની સિદ્ધિ,પ્રગતિ તેમજ તેની ભૂલો અવલોકન પ્રયુકિત દ્વારા પણ જાણી શકાય છે, પરંતુ સાવધિક કસોટીઓ દ્વારા અસરકારક મૂલ્યાંકન થઇ શકે છે.

- **અનૌપચારિક મૂલ્યાંકન :**

મૂલ્યાંકનપ્રક્રિયા સતત ચાલે છે. શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન, સ્વાધ્યાય કાર્યની તપાસમાં, સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં, અધ્યેતાની ભાગીદારી, અધ્યેતાનાં વર્તન–વ્યવહારો, શિસ્ત, હાજરી વગેરે જેવી બાબતોને ધ્યાનમાં રાખીને અધ્યેતાનું અવિધિસર થતું મૂલ્યાંકન તે અનૌપચારિક મૂલ્યાંકન છે . અનૌપચારિક મૂલ્યાંકનમાં તરત જ ભૂલ સુધારણા દ્વારા જરૂરિયાત મુજબ ઉપચાર કાર્ય થઇ શકે છે.

આ પ્રકારનું મૂલ્યાંકન શિક્ષકે અધ્યેતાના સતત સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને, અધ્યેતાના વ્યક્તિગત તફાવતોને લક્ષમાં લઇ, પૂર્વગ્રહરહિત કરવું જોઇએ. દ્રષ્ટિવંત શિક્ષક આ પ્રકારનું મૂલ્યાંકન અસરકારક રીતે કરી શકે છે. શિક્ષકે વિધાયક દૃષ્ટિ તેમજ મમત્વ રાખવું ખૂબ જરૂરી છે. તેમજ માત્ર અવલોકન કરી અર્થ કાઢી અટકી ન જતાં પ્રતિપોષણ થવું જોઇએ. સાચા જવાબને બિરદાવવા જોઇએ .

- **સતત મૂલ્યાંકનનું મહત્વ :**

અધ્યેતાના વિકાસમાં કેળવણીની પ્રક્રિયા અને મૂલ્યાંકન તાણાવાણાની જેમ જોડાયેલાં છે. શિક્ષણના હેતુઓ કેટલે અંશે સિદ્ધ થાય છે તે ચકાસવા મૂલ્યાંકન થવું જરૂરી છે. સતત મૂલ્યાંકનનું મહત્વ નીચે મુજબ ગણાવી શકાય .

–અધ્યેતાનું સતત મૂલ્યાંકન થતું હોવાથી તે અભ્યાસક્રમમાં નિયમિત અને સજાગ રહે છે. વર્ગ શિક્ષણ કાર્યમાં તેનું ધ્યાન વધે છે.

–અધ્યેતાની કચાશ જાણતાં જ દૂર કરવાની તક મળે છે .જેમ કે, પ્રશ્નોત્તરી વખતે જો જવાબ ખોટો પડે તો તરત જ સુધારવામાં આવે છે .અર્થાત્ તરત જ પ્રતિપોષણ મળી રહે છે.

–અધ્યેતાને તરત જ પ્રતિપોષણ મળી રહેતું હોવાથી શંકા હોય તો સમાધાન થઇ શકે છે.

–સતત મૂલ્યાંકનના પરિણામના આધારે શિક્ષકની રજૂઆત, શૈલી, ઉદાહરણો, શૈક્ષણિક સાધનો અને અધ્યાપન પદ્ધતિમાં સુધારો કરવા માટે તરત જ માર્ગદર્શન કે દિશા મળે છે.

–અધ્યેતાની કચાશ દૂર થવાથી તેને અભ્યાસમાં રસ પડે છે.

–અધ્યેતાઓમાં સામાજિક તેમજ વૈયક્તિક ગુણોનો વિકાસ થાય છે તથા શિક્ષણકાર્ય સંગીન રસમય અને પદ્ધતિસર બને છે .

–વિકાસનું સતત મૂલ્યાંકન થવાને લીધે ઊંચી સિદ્ધિ બાબતે પ્રેરણા મળે છે.

–તાત્કાલિક પરિણામ મળે તે તેની વિશિષ્ટતા છે .તરત જ ઉપચારાત્મક કાર્ય માટે તક અને સમય મળતાં શિક્ષણ અસરકારક બને છે.

–અધ્યેતાને પોતાની શકિત અને આવડત મુજબ આગળ આવવાની તક મળી રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

4.સાવધિક મૂલ્યાંકન એટલે શું ?

5.અનૌપચારિક મૂલ્યાંકન એટલે શું ?

6.અધ્યેતાનું સતત મૂલ્યાંકન શા માટે થવું જોઇએ?

**2.3.3 અધ્યયન પ્રોફાઇલ અને અધ્યયન પોર્ટફોલિયોની સંકલ્પના અને તેનુ સ્વરૂપ :**

મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન આપણું લક્ષ્ય અધ્યેતાના સર્વાંગી વિકાસની ચકાસણીનું છે. અધ્યેતા શાળામાં પ્રવેશે છે ત્યારથી જુદા –જુદા શિક્ષકો થકી તેનું મૂલ્યાંકન થતું રહે છે. દરેક ધોરણમાં અધ્યેતાએ કેટલી સિદ્ધિ હાંસલ કરી છે? અધ્યેતાનું તેના સહાધ્યાયીની સાપેક્ષમાં સ્થાન ક્યાં છે તે જાણી શકાય તે માટે અધ્યેતાની તમામ માહિતી એકત્ર થયેલી હોવી જોઇએ. આ તમામ માહિતી થકી વ્યકિતગત વિગત–પ્રગતિ જાણી શકાય તેવું ઉપકરણ એટલે અધ્યેતા સંગ્રહિત પ્રગતિપત્રક .આ તમામ માહિતી દર્શાવતું પત્રક શિક્ષક તેની પાસે રાખે છે. અધ્યેતા જયારે ઉપલા ધોરણમાં જાય છે ત્યારે તે તેના વર્ગ શિક્ષકને સોપવામાં આવે છે. આમ, તેમાં અધ્યેતાની શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક બાબતોની વિગતવાર નોંધ થયેલ હોય છે.

(આ અંગેની વિગત પ્રકરણ –જમાં પત્રક સ્વરૂપે  વિગતવાર આપવામાં આવેલ છે)

આમ, દર વર્ષે આ પ્રકારની માહિતીનો સંગ્રહ થતો રહે છે તેને અધ્યયન પ્રોફાઇલ કહે છે.પણ અધ્યયન પ્રોફાઇલમાં અધ્યેતાની નીચે જણાવેલ બાબતોની વિગત નોંધાય ત્યારે તે અધ્યયન પોર્ટફોલિયો બને છે.

- અધ્યેતાની વ્યકિતગત માન્યતાઓ
- અધ્યેતાની પ્રગતિની યોજનાઓ અને સમજ
- અધ્યેતાનાં પોતાનાં  ધ્યેયો અને પ્રાપ્ત કરવાના પ્રયાસો
- અધ્યેતાને સ્વયંને અપગ્રેડ કરવાની વિગતો
- અધ્યેતાની વ્યકિતગત સિદ્ધિઓ
- અધ્યેતાનું વ્યકિતગત પુસ્તકાલય અને તેણે કરેલા વિવિધ સંગ્રહ
- જે તે અધ્યેતા વિશે  અન્ય શિક્ષક–વાલી વગેરેના પ્રતિભાવોની નોંધ
- અધ્યેતામાં રહેલ ઈશ્વરદત્ત શકિતઓ જેવી કે, ગાન, ચિત્રકામ વગેરેની નોંધ
- અધ્યેતાના જીવનમાં પ્રસંગોપાત બનેલી ઘટનાઓ કે જે જેની તેના વર્તન પર થયેલી અસર

ઉપર જણાવેલ તમામ બાબતોની શિક્ષક નોંધ રાખે છે .તે દસ્તાવેજ સાચવે તેમજ તે વિષયક માહિતી સતત અપગ્રેડ કરે અને જૂની માહિતી જરૂર જણાયે દૂર કરે છે .આ પ્રકારની વિગતવાર માહિતીનું સંકલન એટલે અધ્યયન પોર્ટફોલિયો .

ટૂંકમાં, અધ્યેતા સંગૃહિત પત્રક એટલે અધ્યેતા સંબંધિત  નિર્દેશિત માહિતીનો  કોઇ એક સમયનો સંગ્રહ .જયારે અધ્યયન પ્રોફાઇલ એટલે અધ્યેતા સંબધિત  તબક્કાવાર નિર્દેશિત માહિતીનો સંગ્રહ કે જે વિષયક માહિતીમાં સતત સમયાંતરે ઉમેરો થતો રહે છે .આ માહિતી સાથે જયારે અધ્યેતાની

અન્ય માહિતી, સિદ્ધિ, વલણો, પ્રસંગો વગેરેને સતત નોંધવામાં આવે કે ઉમેરવામાં આવે અને તાજેતરની માહિતી તેમાંથી પ્રાપ્ત થાય ત્યારે તે અધ્યયન પોર્ટફોલિયો બને છે.

## 2.3.4 ભૂલ પરીક્ષણ (નિદાન–ઉપચાર)

અધ્યાપનશાસ્ત્રની જુદી–જુદી પદ્ધતિઓના ઉપયોગ થકી શિક્ષક વર્ગખંડમાં અધ્યાપન કાર્ય કરે છે .કેટલીક પદ્ધતિ ઘણી જ અસરકારક અને રસપ્રદ હોવા છતાં કેટલાક અધ્યેતાઓને માફક આવતી નથી .અર્થાત તેમના પક્ષે તેમને નથી રસ પડતો કે નથી કશું અધ્યયન પણ થતું.

અધ્યાપન ત્યારે જ સફળ થાય જયારે અધ્યાપનનું વિષયવસ્તુ અને તે રજૂ કરવાની શૈલી બંને અધ્યેતાની ગ્રહણકક્ષા અને પૂર્વાનુભવોને અનુલક્ષીને હોય .વળી, અભ્યાસક્રમના જે તે મુદ્દાની પૂર્વસમજ કે જ્ઞાન અધ્યેતાને હોય તો જ તે તેના પછીનું થોડું વધુ અને ઉચ્ચ જ્ઞાન મેળવી શકે.

દા.ત.,ગણિતમાં ગુણાકાર શીખવતાં પૂર્વે અધ્યેતાને સરવાળા અને ઘડિયા આવડવા જોઇએ . અંગ્રેજીમાં સંયુક્ત કે મિશ્ર વાકય શીખવતાં પહેલાં અધ્યેતાને સાદું વાકય આવડવું જોઇએ.

આમ, પૂર્વજ્ઞાન તપાસી જોવા માટે અધ્યેતાઓને કસોટીપત્રો આપી તેની ચકાસણી થવી ઘટે . આવી કસોટીઓમાં અધ્યેતાને શું અને કેટલું નથી આવડતું તેનું માપન થાય છે, નહીં કે તેને શું આવડે છે? દા.ત .ગુજરાતી વ્યાકરણમાં વિશેષણ અને તેના પ્રકાર શીખવતાં પૂર્વે જે નિદાન કસોટી આપવામાં આવે તેમાં ભાષામાં શું–શું નથી આવડતું (નામ, સર્વનામ , ક્રિયાપદ) તે શોધી કાઢવાનું રહે છે .

નિદાન કસોટી દ્વારા અધ્યેતાની ભૂલો શોધી કાઢ્યા પછી તેને શીખવવાનો નવો વિષય–મુદ્દો કાં તો સુધારીને હળવો બનાવવો પડે કાં તો પૂર્વે બીજું જે તેને નથી આવડતું તે શીખવવું પડે. આ બાબતને નિદાનાત્મક અને ઉપચારાત્મક કહેવાય. અહીં નિદાનને આધારે સ્પષ્ટ થયેલી ખામીઓ/ભૂલો દૂર કરવા માટે ઉપચાર–પરીક્ષણ–ઉપચાર હાથ ધરવામાં આવે છે. નિદાન કસોટીનાં પરિણામોનો ઉપયોગ વિષયશિક્ષણ સુધારણામાં કરવામાં આવે છે. સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયામાં એવાં કયાં –કયાં પરિબળો ભાગ ભજવે છે કે જેથી અધ્યેતા તેના અધ્યયનમાં ભૂલો કરે છે કે નબળો પડે છે, તે શોધવાનું કામ નિદાનાત્મક કહેવાય .આ કસોટીઓ જે અધ્યેતાની ભૂલો/કચાશોનું નિદાન કરે છે, ઉપચાર કરે છે, તે રીતે તેને ભૂલ પરીક્ષણના સંદર્ભમાં પણ મૂલવી શકાય છે.

## 2.3.5 મૂલ્યાંકન નીતિનો વિકાસ અને ઉપયોગ:

શાળાની વિવિધ શૈક્ષણિક સિદ્ધિનું પ્રમાણપત્ર શૈક્ષણિક મૂલ્યાંકનમાંથી મળવું જોઇએ.તે જ પ્રમાણે અમુક અધ્યેતાએ વિષય કે અમુક અભ્યાસક્ષેત્રમાં કેટલી પ્રગતિ સાધી છે તેનું પ્રમાણપત્ર શૈક્ષણિક મૂલ્યાંકનમાંથી નીકળવું જોઇએ .

મૂલ્યાંકન દ્વારા અધ્યેતામાં ઇચ્છનીય ફેરફારો કરવા પોતાનું પાયાનું કાર્ય શિક્ષક સારી રીતે સમજીને કરી શકશે .વર્ગશિક્ષણ જે હશે તે હેતુલક્ષી–અધ્યેતાકેન્દ્રી બનશે અને અભ્યાસક્રમના જુદા–

જુદા વિષયોમાં અધ્યેતાની માનસિક શક્તિઓ, કુશળતાઓ, વલણો અને વૃત્તિ વિકસાવવાની જે શક્યતાઓ રહે છે તેનો શિક્ષક અને શાળા ઉપયોગ કરી શકશે.

ડૉ .રવીન્દ્ર દવેના શબ્દોમાં સમજીએ તો, જ્ઞાનયુગના આ નવા શિક્ષણ તેમજ મૂલ્યાંકનના હેતુઓ અંગે પ્રાથમિક કક્ષાના બધા જ અધ્યેતાઓને સજાગ કરી તે માટે તેઓ આવશ્યક હેતુઓમાં નૈપુણ્ય પ્રાપ્ત કરે તેવી પ્રગતિશીલ કેળવણીની યોજના ઘડવી પડશે .નવા યુગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને રોજબરોજની શિક્ષણ–પ્રશિક્ષણની પ્રવિધિઓમાં કેટલાક પાયાના ફેરફારો કરવા પડશે .Active and dynamic પ્રવિધિઓ તથા પ્રવૃત્તિઓ દ્વારા અધ્યેતાઓના જ્ઞાનાત્મક, સર્જનાત્મક, ભાવાત્મક, મૂલ્યાત્મક તેમજ કૌશલ્યાત્મક વિકાસનું રચનાત્મક મૂલ્યાંકન પણ સમયે સમયે કરતા રહેવું પડશે .

- શૈક્ષણિક મૂલ્યાંકનની યોગ્ય નીતિના વિકાસથી અને તેમાંય ખાસ કરીને રચનાત્મક,સતત મૂલ્યાંકનના માધ્યમથી પરીક્ષાનું અકુદરતી વર્ચસ્વ જે અધ્યેતાના માનસને અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, શિક્ષણ–પદ્ધતિઓ,અધ્યેતાની અધ્યયન ટેવો... વગેરેને જકડી લીધી છે તે દૂર થશે.
- વિષય શિક્ષણની પદ્ધતિઓ પણ જડ, યાંત્રિક, હરબાર્ટ પદ્ધતિના માળખામાંથી છૂટશે અને તે શૈક્ષણિક અનુભવોનું સ્વરૂપ પામી શકશે.
- પાઠયક્રમ, પાઠયપુસ્તક, શિક્ષણ પદ્ધતિઓ અને અભ્યાસની ટેવોમાં રહેલ ક્ષતિઓનું નિદાન સ્વાભાવિક રીતે થતું રહેશે. પરિણામે પાઠયક્રમ, પાઠયપુસ્તકો, શિક્ષણ પદ્ધતિ વગેરેને સુધારવાની ચોકકસ દિશા સાંપડશે.
- શિક્ષકને શૈક્ષણિક નિદર્શન અને સલાહ (Educational Guidence and Counselling)નું કાર્ય કરવાની ચોકકસ ભૂમિકા પ્રાપ્ત થશે.
- અધ્યેતાનું સર્વાંગીણ પ્રગતિપત્રની વિગતો ભરવા માટે ચોકકસ સામગ્રી(data) શિક્ષકને પ્રાપ્ત થશે. આવી તો અનેક શૈક્ષણિક નીતિ–શકયતાઓ મૂલ્યાંકનના વિચારમાં રહેલી છે.

**: તમારી પ્રગતિ ચકાસો :**

7.સંકલ્પના સ્પષ્ટ કરો : ભૂલ પરીક્ષણ

8.મૂલ્યાંકન નીતિના વિકાસને સ્પષ્ટ કરતી કોઇપણ બે બાબતો લખો.

**2.4 સારાંશ:**

- રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓમાં– નાની લેખિત સ્વરૂપની સામાન્ય કસોટીઓ, યાદી બનાવવી કે ફકરો લખો, વર્ગકાર્ય, સ્વ–અધ્યયન કાર્ય, પ્રાયોગિક કાર્યની સોંપણી કરવી, રૂપક, નાટક એકપાત્રિય અભિનય દ્વારા સૈદ્ધાંતિક જ્ઞાનના આધારે માહિતી એકત્ર કરવી, અવલોકનો,

પ્રૉજેક્ટ દ્વારા, વિવિધ કલબો, વિષય વર્તુળની કામગીરી દ્વારા, મૌખિક કસોટીઓ દ્વારા, ક્વિઝ રમાડીને, વિવિધ સ્પર્ધાઓ યોજવી... વગેરે પ્રવિધિઓનો સમાવેશ થાય છે.

- સતત મૂલ્યાંકનમાં ઔપચારિક મૂલ્યાંકન અને અનૌપચારિક મૂલ્યાંકન સમાવિષ્ટ છે.
- અધ્યેતા સંગૃહિતપત્રક એટલે અધ્યેતા સંબંધિત નિર્દેશિત માહિતીનો કોઈ એક સમયનો સંગ્રહ. જયારે અધ્યયન પ્રોફાઇલ એટલે અધ્યેતા સંબધિત તબક્કાવાર નિર્દેશિત માહિતીનો સંગ્રહ કે જે વિષયક માહિતીમાં સતત સમયાંતરે ઉમેરો થતો રહે છે. આ માહિતી સાથે જયારે અધ્યેતાની અન્ય માહિતી, સિદ્ધિ, વલણો, પ્રસંગો વગેરેને સતત નોંધવામાં આવે કે ઉમેરવામાં આવે અને તાજેતરની માહિતી તેમાંથી પ્રાપ્ત થાય ત્યારે તે અધ્યયન પોર્ટફોલિયો બને છે.
- ભૂલપરીક્ષણ અંતર્ગત શિક્ષણ પ્રક્રિયામાં જે તે હેતુના સંદર્ભમાં અધ્યેતાની કચાશ જાણી અર્થાત્ તેનું નિદાન કરી ઉપચારાત્મક અને સમૃદ્ધિકરણ કાર્યક્રમ હાથ ધરવા જરૂરી છે.
- શાળાની વિવિધ શૈક્ષણિક સિદ્ધિનું પ્રમાણ શૈક્ષણિક મૂલ્યાંકનમાંથી મળવું જોઇએ.તે જ પ્રમાણે અમુક અધ્યેતા વિષય કે અમુક અભ્યાસક્ષેત્રમાં કેટલી પ્રગતિ સાધી છે તેનું પ્રમાણપત્ર શૈક્ષણિક મૂલ્યાંકનમાંથી નીકળવું જોઇએ.
- શૈક્ષણિક મૂલ્યાંકનની નીતિ અંતર્ગત અધ્યેતાનું જ્ઞાનત્મક, ભાવાત્મક, મૂલ્યાત્મક તેમજ કૌશલ્યાત્મક વિકાસનું રચનાત્મક મૂલ્યાંકન સમયાંતરે કરતા રહેવું જરૂરી છે.

**2.5 સ્વાધ્યાયઃ**

**પ્રશ્ન –1 સૂચના મુજબ ઉત્તર આપો .**

**(A) રચનાત્મક મૂલ્યાંકનની નીચે જણાવેલ પ્રવિધિઓ વિશે સમજ આપો.**

(1) રૂપક નાટક અને એકપાત્રિય અભિનય દ્વારા મૂલ્યાંકન

(2) વિવિધ કલબો વિષયવર્તુળની કામગીરી દ્વારા મૂલ્યાંકન

(3) ક્વિઝ દ્વારા મૂલ્યાંકન

**(B) ટૂંકનોંધ લખો.**

(1) ભૂલપરીક્ષણ

(2) મૂલ્યાંકનની નીતિનો વિકાસ અને ઉપયોગ.

**પ્રશ્ન– 2 વિસ્તૃત ઉત્તર આપો.**

(1) રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ જણાવી કોઇપણ ત્રણ પ્રવિધિઓ વિશે સમજાવો.

(2) મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. – વિધાન સમજાવો.

(3) સતત મૂલ્યાંકનનું મહત્વ સ્પષ્ટ કરો.

(4)અધ્યયન પ્રોફાઇલ અને અધ્યયન પોર્ટફોલિયોની સંકલ્પના અને સ્વરૂપ સમજાવો.

## 2.6 સંદર્ભ સૂચિઃ


1. ડૉ.વિનોદભાઇ જી.પટેલ, ડો.ડાહ્યાભાઇ સી .પટેલ, " *અધ્યયન અધ્યાપન પ્રક્રિયા*, " અનડા બુક ડીપો, અમદાવાદ.
2. જોશી ગજેન્દ્રભાઇ, આર.ડી .પરમાર, " *શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન (બીજુ વર્ષ )*, "પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ –2009
3. પરમાર આર.ડી ., ગજેન્દ્રભાઇ જોશી તથા અન્ય" *શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન (પ્રથમ વર્ષ)* "પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ , 2008
4. ડૉ .મોહનભાઇ પરમાર *"મારી શૈક્ષણિક વિભાવનાઓ"*રન્નાદે પ્રકાશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 2008
5. ડૉ .ધનવંત મ .દેસાઇ ડૉ .ભાઇલાલભાઇ વી .પટેલ " *અભિનય શૈક્ષણિક મૂલ્યાંકન* " એ.આર . શેઠ કંપની, અમદાવાદ.
6. *"શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE " (*ગુ.રા.શૈ.સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
7. મનહર ઠાકર, રવીન્દ્ર અંધારિયા, " ચિંતનાત્મક શિક્ષણ " ગુ.હ.સંઘવી મહાવિદ્યાલય, ભાવનગર (પ્રવીણ પુસ્તક ભંડાર,રાજકોટ) , પ્રથમ આવૃત્તિ, માર્ચ –1999

# એકમ –૩ મૂલ્યાંકનનાં પ્રશ્ન પ્રકાર અને પ્રશ્નોનું સ્વરૂપ તેમજ મૂલ્યાંકન યોજનાઓ

**3.1 પ્રસ્તાવના (Inrtoduction)**

**3.2 ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes)**

**3.3 વિષયવસ્તુ (Content)**

**3.3.1 પ્રશ્નોના પ્રકાર અને સ્વરૂપ: બંધલક્ષી, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નો**

**3.3.2 મૂલ્યાંકનના પરિપ્રેક્ષ્યમાં વિવિધ પ્રશ્નોની રચના અને ભૂમિકા**

- પ્રશ્ન રચનાનાં સોપાન
- પ્રશ્ન રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.
- મૂલ્યાંકનના પરિપ્રેક્ષ્યમાં વિવિધ કૌશલ્યોની ચકાસણી અર્થેના વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો

**3.3.3 મૂલ્યાંકન માટે અરસકારક કસોટીઓની રચના**

- કસોટીઓના પ્રકાર
- આદર્શ કસોટી રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
- બ્લ્યુપ્રિન્ટ–સંકલ્પના અને તે આધારિત પ્રશ્નપત્ર રચના
- અનૌપચારિક મૂલ્યાંકનનાં સાધનો

**3.3.4 કસોટીનાં પરિણામોનો અધ્યયન–અધ્યાયનમાં ઉપયોગ**

- પરિણામ પૃથક્કરણપત્રક
- પારંગતતાની કક્ષાઓ
- સંગૃહિત પ્રગતિપત્રક

**3.4 સારાંશ**

**3.5 સ્વાધ્યાય**

**3.6 સંદર્ભ સૂચિ**

**3.1 પ્રસ્તાવના(Introduction):**

કેળવણીનું મુખ્ય કાર્ય અધ્યેતાના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું છે .અધ્યયન દ્વારા વયકક્ષાનુસાર કઈ–કઈ શક્તિઓ, આવડત કે કૌશલ્યો વિકસાવવાનાં છે તેને અધ્યયન નિષ્પત્તિઓ કહે છે. આ અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes (જે તે ધોરણ અને વિષયના મુખ્ય ઉદ્દેશો (Objectives( આધારિત હોય છે.

શિક્ષકે અધ્યાપન દરમિયાન આ ઉદ્દેશો એટલે કે અધ્યયન નિષ્પત્તિઓને સતત ધ્યાને રાખવાની હોય છે .અધ્યાપનના અંતે અધ્યેતામાં ઉદ્દેશો વિષયક કેટલા પ્રમાણમાં સિદ્ધિ થઇ તે ચકાસવા મૂલ્યાંકન કરવામાં આવે છે.

નૂતન પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં વિચારીએ તો RTE–2009ના ભાગરૂપે પ્રાથમિક શિક્ષણમાં અધ્યેતાનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તેના પર ભાર મૂકવામાં આવેલ છે .વળી NCF–2005 માં પણ અધ્યેતાઓને શાળા બહારના અધ્યયન અનુભવ આપવા અને મૂલ્યાંકન પ્રવિધિને લવચિક બનાવવા માટે આગ્રહ રાખવામાં આવેલ છે .અધ્યેતા ગોખણપટ્ટી દ્વારા યાદ રાખેલી માહિતી પરીક્ષા પછી થોડા જ સમયમાં ભૂલી જતો હોય છે .જ્યારે અભ્યાસ દરમિયાન વિકસેલી સમજ કાયમી ટકી રહે છે .આથી અધ્યેતામાં જે તે વિષયના સંદર્ભમાં સમજ વિકસી કે નહિ તેમજ તેણે મેળવેલ જ્ઞાનનો જીવન સાથે અનુબંધ કરવાની ક્ષમતા વિકસી કે નહિ, તે ચકાસવા વિવિધ પ્રશ્નોનો આધાર લઇને અધ્યેતાને પણ સરળ અને સહજ લાગે તે રીતે વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન કે સમયાંતરે કસોટીઓ દ્વારા મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય શિક્ષકે કેળવી લેવું આવશ્યક બની જાય છે .

આ માટે શિક્ષક તરીકે પ્રશ્ન પ્રકાર અને પ્રશ્નોનું સ્વરૂપ તેમજ મૂલ્યાંકન યોજનાઓ વિશે વિગતે સમજ મેળવવા માટેની વિગત પ્રસ્તુત એકમમાં દર્શાવવામાં આવી છે .

**3.2 ઉદ્દેશો(Objectives)** :

પ્રશિક્ષણાર્થીઓ....

- પ્રશ્નોના વિવિધ પ્રકારોના સ્વરૂપ વિશે સમજે.
- પ્રશ્ન રચનાનાં સોપાન અને પ્રશ્ન રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજે.
- નિબંધલક્ષી, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નોની રચનાનું કૌશલ્ય કેળવે.
- વૈવિધ્યપૂર્ણ કૌશલ્યોની ચકાસણી અર્થેના પ્રશ્નોની રચનાનું કૌશલ્ય હસ્તગત કરે.
- કસોટીના વિવિધ પ્રકારોના સ્વરૂપ વિશે સમજે.
- કસોટી રચના માટે બ્લ્યુપ્રિન્ટ રચનાનું કૌશલ્ય કેળવે.
- બ્લ્યુપ્રિન્ટના આધારે આદર્શ પ્રશ્નપત્ર રચનાનું કૌશલ્ય કેળવે.
- મૂલ્યાંકનનાં સાધનો વિશે જાણકારી પ્રાપ્ત કરે.
- કસોટીનાં પરિણામોના અધ્યયન–અધ્યાપનમાં ઉપયોગ સંદર્ભે પરિણામ પૃથક્કરણપત્રક અને પારંગતતાની કક્ષાઓ વિશેની સમજ મેળવે.

- અધ્યયન નિષ્પત્તિઓ (Learning outcomes):

  પ્રશિક્ષણાર્થીઓ....

- પ્રશ્નોના વિવિધ પ્રકારો વિશે સમજશે.
- પ્રશ્નોનાં વિવિધ સ્વરૂપો વિશે સમજશે.
- પ્રશ્ન રચનાનાં સોપાન સમજશે.
- પ્રશ્ન રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજશે.
- નિબંધલક્ષી, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નોની રચનાનું કૌશલ્ય કેળવશે.
- વૈવિધ્યપૂર્ણ કૌશલ્યોની ચકાસણી અર્થેના પ્રશ્નોની રચનાનું કૌશલ્ય કેળવશે.
- કસોટીના વિવિધ પ્રકારોના સ્વરૂપ વિશે સમજશે.
- કસોટી રચના માટે બ્લ્યુપ્રિન્ટ રચનાનું કૌશલ્ય કેળવશે.
- બ્લ્યુપ્રિન્ટના આધારે આદર્શ પ્રશ્નપત્ર રચનાનું કૌશલ્ય કેળવશે.
- મૂલ્યાંકનનાં સાધનો વિશે જાણકારી પ્રાપ્ત કરશે.
- કસોટીનાં પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન કરી શકશે.
- પારંગતતાની કક્ષાઓ વિશે સમજશે.

**3.3 વિષયવસ્તુ (Content):**

**3.3.1 પ્રશ્નોના પ્રકાર અને સ્વરૂપ:**

અધ્યયન નિષ્પત્તિઓના માપન માટે લેખિત સ્વરૂપની કસોટીઓમાં ત્રણ પ્રકારના પ્રશ્નોનો સમવેશ કરવામાં આવે છે .નિબંધ પ્રકારના પ્રશ્નો (Essay Type Questions(, ટૂંક જવાબી પ્રશ્નો (Short Answer Questions( અને વસ્તુલક્ષી પ્રશ્નો (Objective Questions( આ પ્રશ્નોના સ્વરૂપ વિશે સમજીએ .

➢ **નિબંધ પ્રકારના પ્રશ્નો (Essay Type Questions)**

- અર્થ: જે પ્રશ્નોના ઉત્તર અધ્યેતાએ સ્વતંત્ર રીતે અને સવિસ્તાર આપવાના હોય તેવા પ્રશ્નોને નિબંધ પ્રકારના કે નિબંધલક્ષી પ્રશ્નો કહે છે. આવા પ્રશ્નોના જવાબ અધ્યેતા મુક્ત રીતે આપે છે. તેથી તેને મુક્ત ઉત્તર પ્રશ્નો પણ કહે છે.

- **સ્વરૂપ :**

–પ્રશ્નોનું સ્વરૂપ મુક્ત હોય છે. એટલે કે ઉત્તરો આપવા બંધન કે શરત હોતી નથી.

- જવાબ સવિસ્તાર લખવામાં આવે છે.

–સમજાવો, તુલના કરો, વર્ણન કરો, ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો, ચર્ચા કરો, વિવેચન કરો, સમીક્ષા કરો, વિગત આપો, જણાવો, કાર્યકરણ સંબંધ સમજાવો, લાભાલાભ, પાત્રાલેખન, નિબંધલેખન, પત્રલેખન, વાર્તાલેખન, વિચાર–વિસ્તાર જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

- **નિબંધલક્ષી પ્રશ્નોનાં ઉદાહરણો :**
  - ગુજરાતી :

    (1) આશરે પંદર લીટીમાં નિબંધ લખો

    મારું ગામ, મારી પ્રિય રમત.

    (2) નીચેની પંક્તિઓનો દસ–બાર લીટીઓમાં વિચાર–વિસ્તાર કરો.

    ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ

    ભરતી તેની ઓટ છે  ઓટ પછી જુવાળ.
  - हिन्दी :

    (१) "दहेज एक दूषण " इस विषय पर कारण सहित अपना मत   दीजिए।

    (२) कहानी आगे बढाइए।

    एक चरवाहा था। एक बार जंगल की ओर बकरियाँ चराने गया। चरवाहा पेड के नीचे बैठा था। और एक बकरी अकेली थोडे दूर निकल गई। वहाँ कहीं से भेडिया आ पहुँचा। उसने बकरी से कहा, " मै तुझे खाउंगा...

    अब आप बकरी की जान बचाकर कहानी पूर्ण कीजिए।

    (३) खेल महाकुंभ में असफल (अच्छा प्रदर्शन नहीं करने पर) सखी को आश्वासन पत्र लिखिए।

    - પર્યાવરણ :

    (1) ગ્રામ પંચાયતનાં કાર્યો જણાવો.

    (2) પદાર્થના ગુણધર્મો સમજાવો.
  - ગણિત:

    (1) એક ડઝન કેળાંના 18 રૂપિયા હોય તો 8 નંગ કેળાંના કેટલા રૂપિયા થાય?

    (2) $\Delta$ ની આકૃતિ દોરી ત્રણે ખૂણાના માપ લઈ સરવાળો કરો.

- **નિબંધલક્ષી પ્રશ્નોના ફાયદા**
  - પ્રશ્નરચના સરળ છે.
  - રચના માટે તલસ્પર્શી જ્ઞાનની જરૂર પડતી નથી.
  - અધ્યેતાઓને લેખિત અભિવ્યક્તિની મોકળાશ મળે છે.
  - અધ્યેતાઓના ઉત્તર પરથી તેમની લાગણીઓ, વિચારો અને માન્યતાઓ જાણી શકાય છે.
  - અધ્યેતાઓની સર્જનશીલતા ચકાસી શકાય છે.
  - અધ્યેતાઓની મૌલિકતા વિકસે છે.
  - વિચારોની ક્રમબદ્ધતા, ભાષાની પ્રવાહિતા અને વ્યાકરણશુદ્ધિની ચકાસણી થાય છે.
  - લખાણમાં યોગ્ય ફકરો પાડીને તાર્કિક ક્રમમાં ઉમેરો આપવાની શક્તિ વિકસે છે.

- વસ્તુલક્ષી કસોટીઓમાં થતી ગેરરીતિઓ નિબંધલક્ષી પ્રશ્નોમાં થતી નથી.
- અધ્યેતાઓ ગોખણપટ્ટીથી બચે છે.
- છાપકામનું ખર્ચ ઓછું આવે છે.
- ઉચ્ચ માનસિક શક્તિઓ, અર્થગ્રહણ, વિવેચન અને તુલના જેવી શક્તિઓનું માપન થાય છે.

- **નિબંધલક્ષી પ્રશ્નોની મર્યાદાઓ**
  - મૂલ્યાંકન આત્મલક્ષી બને છે. તેથી વિશ્વસનિયતા ઓછી હોય છે.
  - અભ્યાસક્રમના બધા જ મુદ્દા આવરી શકાતા નથી.
  - પ્રશ્નની ભાષા અસ્પષ્ટ અને સંદિગ્ધ હોય તો અધ્યેતા પ્રશ્ન સમજી શકતા નથી. પરિણામે અપેક્ષિત ઉત્તર ન મળે.
  - ગપ્પાં મારવાને અવકાશ છે.
  - પરીક્ષણમાં હસ્તાક્ષરની અસર થવાનો સંભવ છે.
  - પરીક્ષકની શારીરિક–માનસિક સ્થિતિની અસર થવાની સંભાવના છે.

તમારી પ્રગતિ ચકાસો.

1. અધ્યયન નિષ્પત્તિઓ એટલે શું?
2. અધ્યયન નિષ્યત્તિના માપન માટે કયા–કયા પ્રકારના પ્રશ્નોનો ઉપયોગ થાય છે?
3. નિબંધ પ્રકારના પ્રશ્નોમાં કેટલા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે?

❖ **ટૂંકજવાબી પ્રશ્નો (Short answer Questions)**

- **અર્થ :** નામ પ્રમાણે આ ટૂંકા ઉત્તરવાળા પ્રશ્નો છે. જે પ્રશ્નોના જવાબ એક બે વાક્યથી માંડીને છ–સાત લીટીઓમાં આવતા હોય છે, તેવા પ્રશ્નોને ટૂંક જવાબી પ્રશ્નો કહેવાય. ટૂંક જવાબી પ્રશ્નો માટે શિક્ષકે કક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. ધોરણ–1 અને 2 માટે એકાદ વાક્યમાં જવાબ આવે તે યોગ્ય ગણાય. ધોરણ–3 અને 4 માટે બે–ત્રણ વાક્યમાં જવાબ આવે અને ધોરણ–5 થી 8 માં ચારથી છ–સાત લીટીઓમાં જવાબ આવે તે યથાર્થ ગણાય. વિષયવસ્તુના એકાદ મુદ્દાને ધ્યાનમાં લઈ આવા ટુંક જવાબી પ્રશ્નો પૂછાય છે.

- **સ્વરૂપ :** જણાવો, ગણાવો, ઓળખો, દર્શાવો, કારણ આપો, શા માટે, યાદી આપો, ઉપયોગ જણાવો, તફાવત, નામનિર્દેશવાળી આકૃતિ દોરો, ટૂંકનોંધ, રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો, કહેવતનો અર્થ સ્પષ્ટ કરો..... જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.
  - એકાદ મિનિટથી માંડીને ચાર–પાંચ મિનિટમાં તેના ઉત્તરો લખી શકાય તેટલી સમય મર્યાદા ધરાવે છે.

- આ પ્રશ્નોનો આશય ભાષાશક્તિનું માપન કરવાનો નહીં પરંતુ વિષયવસ્તુની ઊંડી  સમજ માપવા માટેનો હોય છે.

- **ટૂંકજવાબી પ્રશ્નોનાં ઉદાહરણો.**
  - ગુજરાતી :

    (1) જૂમાએ પોતાના પ્રિય વેણુને બચાવવા શા શા પ્રયત્નો કર્યા?

    (2) દાદાની **ના** છતાં નરેન્દ્ર ઝાડ પર કેમ ચઢે છે?

  - વિજ્ઞાન અને ટેકનોલૉજિ :

    (1) જો તમને ગજિયો ચુંબક અને તેવો જ લોખંડનો ટુકડો આપવામાં આવે તો કયો ટુકડો ચૂંબક અને કયો ટુકડો લોખંડનો છે તે કઈ રીતે નકકી કરશો ?

    (2) શિયાળામાં તમે ઉનનાં કપડાં શા માટે પહેરો છો?   કારણ આપો

  - સામાજિક  વિજ્ઞાન :

    (1) એક વર્તુળ દોરી તેમાં અક્ષાંશવૃત્તો દોરો.

    (2) તમારે MLA (વિધાનસભાના સભ્ય) બનવું હોય તો તમારે શું કરવું પડે ?

  - અંગ્રેજી :

    (1) Do you think that Tom was clever ? Give reasons.

    (2) Do you like the animals ? Why ?

  - હિન્દી :

    (१) "**नाच न जाने आँगन टेढा**" कहावत का अर्थ स्पष्ट कीजिए।

    (र) अब कोई  गरीबो की सहायता से मुंह नही मोडेगा  एसा बाबा भारती ने कयों कहा ?

  - પર્યાવરણ :

    (1) તમારા વિસ્તારમાં કઈ–કઈ જાહેર સુવિધાઓ છે?

    (2) ગ્રામપંચાયત અને નગરપાલિકામાં શો તફાવત છે ?

    (3) ટૂંકનોંધ લખો–  વનસ્પતિના ઉપયોગો

  - ગણિત :

    (1) ભાંગાકાર કરો તથા ભાગફળ અને શેષ લખો– **575/4**

    (2) નીલેશભાઈએ 350 રૂપિયાની એક એવી 4 ખુરશી ખરીદી, તો તેને કેટલા રૂપિયાનો ખર્ચ થયો ?

- **ટૂંકજવાબી પ્રશ્નોના ફાયદા :**

  - મહત્તમ અભ્યાસક્રમને આવરી લઈ શકાય છે.
  - ગુણાંકનમાં સરળતા રહે છે.
  - ગુણાકનમાં વિશ્વસનીયતા આવે છે.

- ઉત્તર સ્પષ્ટ, નિશ્ચિત અને ટૂંકા હોવાથી પરીક્ષાર્થીઓનું કે પરીક્ષકનું આત્મલક્ષીપણું આવતું નથી.
- વિષયવસ્તુની ઊંડી  સમજ સારી રીતે ચકાસી શકાય છે.
- વિવિધ હેતુઓનું મૂલ્યાંકન થઇ શકે છે.
- અધ્યેતાઓમાં જે તે વિષયનો ગહન રીતે અભ્યાસ કરવાની ટેવ વિકસે છે.
- નિબંધલક્ષી પ્રશ્નો અને વસ્તુલક્ષી પ્રશ્નોની કેટલીક મર્યાદાઓ દૂર થાય છે.


- **ટૂંક જવાબી પ્રશ્નોની મર્યાદાઓ.:**

– અધ્યેતાઓની લેખિત અભિવ્યકિતનો ઓછો વિકાસ થાય છે.
– મૌલિકતાનું માપન થઇ શકતું નથી.
– ભાષાશકિતનું માપન થઇ શકતું નથી.
– ચોકસાઇ રાખવામાં ન આવે તો નિબંધ પ્રશ્ન બની જવાની શક્યતા રહે છે.

❖ **વસ્તુલક્ષી પ્રશ્નો (Objective Questions) :**

- **અર્થ:** આ પ્રશ્નોને અનાત્મલક્ષી પ્રશ્નો પણ કહે છે. અનાત્મલક્ષી પ્રશ્નો એટલે કે જેમાં આત્મલક્ષિપણું ન આવી શકે તેવા પ્રશ્નો. ચોક્કસ ઉત્તર સૂચવતા પ્રશ્નો એટલે અનાત્મલક્ષી (વસ્તુલક્ષી) પ્રશ્નો. ગુણાંકન ચાવીને આધારે કોઇપણ વ્યકિત  તેનું પરીક્ષણ કરે તો પણ તેના ગુણાંકનમાં કોઇ ફેર પડતો નથી. તેથી તેની વિશ્વસનીયતા સંપૂર્ણપણ જળવાય છે.
- **સ્વરૂપ**
  - પ્રશ્નોના ઉત્તરો નિશ્ચિત અને અફર હોય છે.
  - વસ્તુલક્ષી (અનાત્મલક્ષી) પ્રશ્નોના મુખ્ય બે પ્રકાર  છે.
    (1) સ્મૃતિ પ્રકાર અને (2) ઓળખ પ્રકાર
  - સ્મૃતિ પ્રકારમાં પૂર્તિ પ્રકાર (જવાબ આપો અને ખાલી જગ્યા પૂરો) તથા સબંધ ઘટાયક પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
  - ઓળખ પ્રકારમાં હા–ના (ખરાં–ખોટાં), જોડકાં, બહુવિકલ્પ (ખાલી જગ્યા પૂરો, વિધાન પૂરું કરો, પ્રશ્ન–જવાબ પ્રકાર) વર્ગીકરણ ગુરુ યુગ્મીકરણ અને ક્રમ નિર્ણાયક પ્રશ્નોનો સમાવેશ થાય છે.

વસ્તુલક્ષી પ્રશ્નોમાં સમાવિષ્ટ પ્રશ્નોની વિગત  ચાર્ટ સ્વરૂપમાં જોઇએ તો.....



> ➢ **વસ્તુલક્ષી પ્રશ્નોનાં ઉદાહરણો –**

વસ્તલક્ષી પ્રશ્નોમાં સમાવિષ્ટ પ્રશ્નોનો ઉદાહરણ સાથે અભ્યાસ કરીએ .

(1)સ્મૃતિ પ્રકારઃ આ પ્રકારના પ્રશ્નોના જવાબ અધ્યેતાએ યાદ કરીને આપવાના હોય છે .તેની સ્મૃતિમાં જવાબ હોય તો પ્રશ્નનો જવાબ જલદી આપી શકે છે .આવા પ્રશ્નો યાદદાસ્ત (સ્મૃતિ) પર આધાર રાખે છે .

(A)પૂર્તિ પ્રકાર : આ પ્રકારના પ્રશ્નોમાં જવાબ આપો અને ખાલી જગ્યા પૂરો એમ બે પ્રકારની પ્રશ્નોનો સમાવેશ થાય છે .

i) જવાબ આપો પ્રકાર:

આ પ્રકારમાં સીધો જ પ્રશ્ન પૂછવામાં આવે છે. ઉત્તરરૂપે આવતો શબ્દ કે સંખ્યા પ્રશ્નને અંતે આપેલી ખાલી જગ્યામાં લખવાનો હોય છે. ઉદાહરણ...

(1)આપણા રાજ્યમાં કુલ કેટલા જિલ્લા આવેલ છે?

(2)આપણું શરીર મુખ્ય કેટલા ભાગોમાં વહેંચાયેલું છે ?

(ii) ખાલી જગ્યા પૂરોઃ

ખાલી જગ્યાવાળું વિધાન આપેલું હોય છે .સાચો શબ્દ મૂકી વિધાન પૂર્ણ કરવાનું હોય છે . વિધાનમાં એક જ ખાલી જગ્યા મૂકવી જોઇએ .બને ત્યાં સુધી વાક્યની શરૂઆતમાં ખાલી જગ્યા ન મૂકવી. ઉદાહરણ...

(1) 1 કિલોગ્રામ ………………. = ગ્રામ

(2) ગુણાકારમાં તટસ્થ સંખ્યા………….. છે .

(3) ત્રિકોણને કુલ ……………. અંગો હોય છે .

(B)**સંબંધ ધટાયકઃ**

આ પ્રકારના પ્રશ્નમાં ત્રણ વીગત આપેલ હોય છે .અને ચોથી વીગત માટે ખાલીજગ્યા આપેલી હોય છે .પ્રથમ બે વીગતો વચ્ચે જેવો સંબંધ હોય તેના જેવો જ સંબંધ ત્રીજી વીગતનેજેની સાથે છે તે ખાલી જગ્યામાં લખવાનું હોય છે. ઉદાહરણ...

(1) બળદ – બળદગાડી : ઘોડો……………–

(2) ઉનાળો – ગરમી :શિયાળો …………–

(3)આકાશ – પાતાળ :રાત……………. –

(4)આંબલી – કાતરા : વડ……………….

(2)ઓળખ પ્રકાર –

આ પ્રકારના પ્રશ્નોમાં ભ્રામકો સાથે સાચો ઉત્તર આપી દેવામાં આવે છે .તેમાંથી સાચો જવાબ ઓળખીને આપેલી સૂચના મુજબ જવાબ દર્શાવવાની વિધિ કરવાની હોય છે .આ પ્રશ્નોમાં સાચો ઉત્તર ઓળખી બતાવવાનો છે તેથી તેને ઓળખ પ્રકાર કહે છે .આ પ્રશ્નોમાં જે ભ્રામક ઉત્તર આપવામાં આવે

છે તેને વિકલ્પો  કે વિકર્ષકો કહે છે .વિકલ્પો એવા મૂકવા જોઇએ કે અધ્યેતાઓને તે સાચા લાગે . વિક્લ્પો વિચાર માંગી લે તેવા હોવા જોઇએ .

(A)‘હા’–‘ના’ પ્રકાર અથવા ‘સાચું ’–‘ખોટું ’ પ્રકારઃ

આ પ્રકારના પ્રશ્નોમાં આપેલ વિધાન સાચું  છે કે ખોટું તે ઉત્તર આપનાર નક્કી કરે છે. વિધાન સાચું હોય તો નિશ્ચિત કરેલી જગ્યાએ (√) અને ખોટું હોય તો નિશ્ચિત કરેલી જગ્યાએ (X) નું નિશાન કરવાનું હોય છે .કેટલીક વખત ‘હા’ કે ‘ના’ પણ લખવાનું હોય છે . ઉદાહરણ...

આપેલાં  વિધાનો પૈકી સાચા વિધાનની સામેના ખાનામાં √ ની અને ખોટા વિધાનની સામેના ખાનામાં X ની નિશાની કરો .

(1)નખ નિયમિત રીતે કાપવા જોઈએ?                                   .

(2)આપણે વાસી ખોરાક ખાવો જોઈએ?

(4)શાકભાજી અને ફળો પાણીથી ધોયા વગર ખાવાં જોઈએ?.

**(B)જોડકાં પ્રકારઃ**

આ પ્રકારના પ્રશ્નોમાં બે સ્તંભ હોય છે .ડાબી બાજુના સ્તંભને ‘ઉત્તેજના’ વીગત કહેવામાં આવે છે .જ્યારે જમણી બાજુના સ્તંભને ‘પ્રત્યુત્તર’ તરીકે ઓળખવામાં આવે છે .પ્રથમ વિભાગ બીજા વિભાગ સાથે ચોક્કસ રીતે સંકળાયેલ હોય છે .પ્રત્યુત્તરની વીગતો ઉત્તેજના વીગતના સંદર્ભના આડા–અવળા ક્રમમાં ગોઠવાયેલી હોય છે .પરીક્ષાર્થીને ઉત્તેજના વીગત સાથે લાગુ પડતો પ્રત્યુત્તર શોધી સૂચના મુજબ ગોઠવવાનો હોય છે .ઉત્તેજના કરતાં પ્રત્યુત્તરની સંખ્યા વધારે આપવામાં આવે છે .જેથી અટકળ નિવારી શકાય. ઉદાહરણ – 1

ઉત્તરો પ્રશ્નપત્રમાં અંદર આપેલી જગ્યામાં લખવાના હોય તે માટેનું ઉદાહરણ...

(નિમ્ન પ્રાથમિક કક્ષાઓ માટે)

‘અ’ વિભાગમાં વૃક્ષનાં નામ આપેલાં છે .અને ‘બ’ વિભાગમાં ફળનાં નામ આપેલાં છે.  ‘અ’ વિભાગના વૃક્ષ પર કયું ફળ આવે છે .તે ‘બ’ વિભાગમાંથી શોધી તેની સામેના ચોરસમાં ક્રમ લખો .

| | અ | બ |
|---|---|---|
| ☐ | (1) આંબલી | (1) લીંબુ |
| ☐ | (2) આંબો | (2) કાતરા |
| ☐ | (3) લીંબુડી | (3) કેરી |
| ☐ | (4)  વડ | (4) બદામ |
| | | (5) દ્રાક્ષ |
| | | (6) ટેટા |

ઉદાહરણ –2

(ઉત્તરો અલગ ઉત્તરપત્રમાં લખવાના હોય તે માટે) યોગ્ય રીતે જોડકાં જોડો

.

| અ | બ |
| --- | --- |
| ☐ (1)AB | 1)કાટખૂણો |
| ☐ (2)AB | (2) લઘુકોણ |
| ☐ (3)૯૦° ના માપનો ખૂણો | (3)<x |
| ☐ )4)<XYZ ને દર્શાવવાની બીજી રીત | (4)રેખાખંડ AB |
| | (5) <y |
| | (6) કિરણ AB |

**(C) બહુવિકલ્પ પ્રશ્નોઃ**

આ પ્રકારના પ્રશ્નો અધ્યેતાની માનસિક શક્તિઓ ચકાસે છે .પ્રત્યેક પ્રશ્ન બે વિભાગમાં વહેંચાયેલો છે .પ્રથમ વિભાગમાં પ્રશ્નનું વસ્તુ હોય છે .આ વિભાગને શાખા કહે છે .બીજા વિભાગમાં પ્રશ્નના ઉત્તરના સંદર્ભમાં ત્રણ–ચાર કે પાંચ વિકલ્પો આપવામાં આવેલ હોય છે જેમાં એક વિકલ્પ સાચો ઉત્તર હોય છે અને બાકીના વિકલ્પો ભ્રામક હોય છે .આપેલા વિકલ્પોમાંથી માત્ર એક જ જવાબ સાચો કે ઉત્તમ હોય છે .સાચા કે ઉત્તમ ઉત્તર સિવાયના ઉત્તરોને 'વિક્ષેપક' 'વિકર્ષક' કે 'અવરોધક' કહે છે .આવા 'વિકર્ષકો' જેટલા અંશે સંભવિત ઉત્તર જેવા વધુ લાગે તેટલા અંશે પ્રશ્નરચના વધુ યોગ્ય કરી ગણાય.

બહુવિકલ્પ પ્રશ્નો ત્રણ રીતે પૂછી શકાય છે .

(i(ખાલી જગ્યા પૂરો –

અહીં વિધાનમાં આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂર્ણ કરવામાં આવે છે .આ પ્રકારના પ્રશ્નમાં વિકલ્પો આપવામાં આવે છે .અને તે વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂર્ણ કરવામાં આવે છે .તેથી આ ઓળખ પ્રકારનો પ્રશ્ન ગણાય છે .જ્યારે વિકલ્પો આપ્યા ન હોય અને માત્ર ખાલી જગ્યા પૂરવાની હોય તો તે સ્મૃતિ પ્રકારનો પ્રશ્ન કહેવાય છે. ઉદાહરણ…

સૂચના – ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો

(1) પરીક્ષામાં એક સરખા લાગતા પ્રશ્નોને જોઇ હું…………..માં પડી ગયો.

(વ્યાકુળતા, અસમંજસ, બેચેની)

(2) આ પુસ્તક ખૂબ જ …………… છે. એટલે તેને મેળવવું ખૂબ જ અઘરું છે.

(દુર્ગમ, સુલભ, દુર્લભ)

(3) 3+70 બરાબર ……………. થાય. (37, 73, 370)

(4) સૌથી ઓછું મૂલ્ય ધરાવતો અપૂણાંક ………. છે. (½ , 1/3 , 1/5

**ii ) વિધાન પૂરું કરો પ્રકારઃ**

આ પ્રશ્નમાં એક અપૂર્ણ વિધાન આપેલું હોય છે .તેની નીચે જે વિકલ્પો આપેલા હોય તેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરવાનું હોય છે. ઉદાહરણ...

સૂચના – નીચે અપૂર્ણ વિધાનો આપેલાં છે તે વિધાનની નીચે ત્રણ વિક્લ્પો આપેલા છે યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(1)પુષ્પમણિનું કાર્ય .......................................

(a)પુષ્પનું રક્ષણ કરવાનું છે .

(b)પરાગરજ ઉત્પન્ન કરવાનું છે .

(c)કીટકોને આકર્ષવાનું છે .

(2)જમીનની ફળદ્રુપતા વધારવામાં .............................

(a)મધમાખી મદદ કરે છે .

(b)અળસિયું મદદ કરે છે .

(c)દેડકો મદદ કરે છે .

(3)માનવશરીરમાં સૌથી વધારે કઠણ પદાર્થ .............................

(a)ચામડી છે .

(b)પગના અંગૂઠાનો નખ છે .

(c)દાંતનું સૌથી બહારનું આવરણ છે.

iii )પ્રશ્ન–જવાબ પ્રકારઃ

આ પ્રકારમાં પ્રશ્ન આપવામાં આવે છે અને તેની નીચે ત્રણ કે ચાર વિકલ્પો જવાબ માટે આપેલા હોય છે .સાચો જવાબ શોધી તેનો ક્રમ ☐ માં લખવાનો હોય છે અથવા અલાયદા ઉત્તરપત્રમાં વિકલ્પો મુજબ O કરેલ હોય છે અને સાચો જવાબ શોધી O ને ઘાટું કરવાનું (●) હોય છે. ઉદાહરણ...

સૂચના – નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર માટે ચાર વિકલ્પ સૂચવ્યા છે .તેમાંથી સાચો જવાબ શોધી તેનો ક્રમ પ્રશ્નની બાજુના ચોરસમાં લખો .

(1)નીચે આપેલી સંખ્યાઓમાંથી કઇ સંખ્યા અવિભાજ્ય છે ? ☐

(a)111 (b) 118 (c) 121 (d) 127

(2)નીચેનામાંથી સિંધુખીણની સંસ્કૃતિ તરફથી વિશ્વસંસ્કૃતિઓને મળેલું મુખ્ય પ્રદાન કયું છે ?

(a)લખાણ (b) લોખંડ ઉદ્યોગ (c) લોકશાહી (d) નગર આયોજન ☐

(3)ગાંધીજી કૃત 'સત્યના પ્રયોગો' નું સ્વરૂપ કયુ છે .

(a)જીવનચરિત્ર (b) આત્મકથા (c) નિબંધ (d) ચિંતન ☐

(4)The fan is …………my head . ☐

(a)under (b) over (c) on (d) in

(5)પક્ષી : પાંખ : : માછલી……………. ::

(a)પાણી (b) ચૂઈ (c) પૂંછડી (d) મીનપક્ષ ☐

**(D)વર્ગીકરણઃ**

આ પ્રકારના કસોટી પ્રશ્નમાં બધી વીગતો એક સાથે આપવામાં આવે છે અને સૂચના મુજબ વીગતોનું વર્ગીકરણ કરવાનું હોય છે .ઉદાહરણ…

સૂચના : નીચેના પદાર્થોનું ઘન, પ્રવાહી,વાયુ સ્વરૂપમાં વર્ગીકરણ કરો .

લાકડું, ઓક્સિજન, બરફ, પાણી, કેરોસીન, હવા, લોખંડ, વરાળ, ઇંટ

| ઘન | પ્રવાહી | વાયુ |
|---|---|---|
| | | |

**(E)ગુરુયુગ્મીકરણ કે ગુરુચાવી પ્રશ્નો:**

આ પ્રકારના પ્રશ્નમાં બે વિભાગો આપવામાં આવે છે .એક વિભાગમાં ચાવીઓ અને બીજા વિભાગમાં કેટલાંક વિધાનો કે શબ્દો આપેલા હોય છે .પહેલા વિભાગની ચાવીઓ પૈકી જે બીજા વિભાગના વિધાન કે શબ્દને લાગુ પડતી હોય તેની સામે કે બીજા વિભાગના વિધાન કે શબ્દ સામે મૂકેલ ચોરસમાં ઉત્તર લખવાનો હોય છે .આ પ્રકારના પ્રશ્નોમાં એક ચાવી એક કરતાં વધારે વિધાનોને લાગુ પાડી શકાય તેવી પણ રાખી શકાય. ઉદાહરણ…

સૂચના : વિભાગ ‘અ’ માં અંગ્રેજી માસના દિવસોની સંખ્યા આપેલી છે .વિભાગ ‘બ’ માં અંગ્રેજી માસનાં નામ આપેલાં છે .માસનાં નામની સામે ચોરસમાં તે માસના દિવસોની સંખ્યા લખો .

વિભાગ – ‘અ’
(1)માસના 31 દિવસો
(2)માસના 30 દિવસો
(3)માસના 28 કે 29 દિવસો

વિભાગ – ‘બ’

| | |
|---|---|
| જાન્યુઆરી | ફેબ્રુઆરી (2013) |
| એપ્રિલ | ડિસેમ્બર |
| જૂન | સપ્ટેમ્બર |
| ઓગસ્ટ | માર્ચ |

(F)**ક્રમ નિર્ણાયક:**

આ પ્રકારના પ્રશ્નમાં કેટલાંક વિધાનો, શબ્દો, સંખ્યા, ઘટનાઓ વગેરે આપેલાં હોય છે .તેને બનાવના સંદર્ભમાં કે ક્રિયાના સંદર્ભમાં તાર્કિક ક્રમમાં ચડતા કે ઉતરતા ક્રમમાં ગોઠવવાનાં હોય છે . આવા પ્રશ્નોમાં આપેલી વિગતોની હકીકતોનો ક્રમ ચોક્કસ અને નિશ્ચિત હોવો જોઇએ .વિવાદાસ્પદ ક્રમ ન હોવો જોઇએ .ક્રમ ચડતો કે ઉતરતો આપવાનો છે તે સ્પષ્ટ કરવું જોઇએ .ઉદાહરણ...

(1) શબ્દકોશ કે ક્રમમાં ગોઠવો.

જ્ઞાની, જમાનત, ક્ષમા, દાયિત્વ, અજગર, અવગત

(2) નીચેની સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો .

62,46, 53, 16, 29, 50

(3) નીચેની સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવો .

6009, 6019, 6091, 9006, 9019, 9016

(4) **'समझदार नन्ही' कहानी विकासक्रम के मुताबिक धटनाओ को उचित क्रम में रखिए ।**

**बिछछू भाई ठिठक क्यों गये डंक मारो।**

**मैं वचन देता हूँ कि अब मैं निर्दोष जीव को डंक़ नहीं मारूंगा ।**

**बिछछू दलदल में फंसा है ।**

**नन्ही प्रसन्न होकर थिरकने लगी ।**

**मैं उसकी गंदी आदत छुडाकर रहूँगी ।**

**नन्ही बोली, भलाइ करना मेरा स्वभाव है ।**

**:તમારી પ્રગતિ ચકાસો:**

4 .તફાવત બે –બે મુદ્દા આપો.

(1)ટૂંકજવાબી પ્રશ્નો અને વસ્તુલક્ષી પ્રશ્નો.

(2)સ્મૃતિ પ્રકાર પ્રશ્નો અને ઓળખ પ્રકાર પ્રશ્નો.

3.3.2 **મૂલ્યાંકનના પરિપ્રેક્ષ્યમાં વિવિધ પ્રશ્નોની રચના અને ભૂમિકા:**

ધોરણ 1 થી 8ના નૂતન અભ્યાસક્રમમાં હેતુઓ એટલે કે અધ્યપન નિષ્પત્તિઓ કેન્દ્રસ્થાને છે . અધ્યેતાઓ જે તે ધોરણના જે તે વિષયના નિયત હેતુઓ પારંગતતાના સ્તરે સિદ્ધ કરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે .આ માટે સમયાંતરે મૂલ્યાંકન કરવું જરૂરી છે .મૂલ્યાંકન માટે પ્રશ્નો એક સાધન છે . તેથી જુદા–જુદા હેતુઓની સિદ્ધિમાપન અર્થે પ્રશ્નોની રચના અને પ્રશ્નોની ભૂમિકા વિષયક સમજ વિકસે તે આવશ્યક લેખાશે.

આ વિષયક સમજ મેળવવા પ્રશ્ન રચનાનાં સોપાન, પ્રશ્ન રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને મૂલ્યાંકનના પરિપ્રેક્ષ્યમાં વિવિધ કૌશલ્યોની ચકાસણી અર્થેના વૈવિધ્યપૂર્ણ પ્રશ્નોનો અભ્યાસ કરીએ .

**(i) પ્રશ્નરચનાનાં સોપાન :**

(1)**હેતુ (અધ્યયન ઉપલબ્ધિ) નક્કી કરવો :** જે હેતુ(અધ્યયન ઉપલબ્ધિ) ની સિદ્ધિ ચકાસવી હોય તે હેતુ (અધ્યયન ઉપલબ્ધિ) નક્કી કરવો. દા.ત. અધ્યેતાને શબ્દકોશનો ઉપયોગ કરતાં આવડે છે.

(2)**હેતુ (અધ્યયન ઉપલબ્ધિ) વિશ્લેષણ :** હેતુ (અધ્યયન ઉપલબ્ધિ) વિશ્લેષણ એટલે હેતુ(અધ્યયન ઉપલબ્ધિ) સમજવો. કોઈપણ હેતુને સમજવા માટે તે હેતુમાં રહેલી બે બાબતોની સમજ મેળવવી જરૂરી છે.(1)વિષયવસ્તુ (Content) અને (2)નીપજ (OutComes) અહીં આપેલ હેતુમાં 'શબ્દકોશ' એ વિષયવસ્તુના રૂપમાં છે અને 'ઉપયોગ કરતાં આવડે' તે નીપજ છે.

**(3)અધ્યેતાના વર્તન વ્યવહાર કે આવડત અધ્યયન નીપજની રીતે વિચારવીઃ** આ સોપાનમાં હેતુમાં સમાવિષ્ટ નીપજના સંદર્ભમાં કયું વિષયવસ્તુ આવે છે તે અંગેનો વિચાર કરવાનો થાય છે પ્રસ્તુત ઉદાહરણમાં 'શબ્દકોશ' અંતર્ગત નિર્દેશિત વિષયવસ્તુનો સમાવેશ થઈ શકે કે જ અંતર્ગત અધ્યેતાને અનુભવો આપવાના થાય.

- મૂળાક્ષરથી માંડીને શબ્દકોશ ક્રમ
- કક્કો અને બારાક્ષરીનું જ્ઞાન.
- જોડાક્ષર સમજ, જેમ કે ....ક્ + ષ = ક્ષ
- જે તે શબ્દ આધારિત સંક્ષિપ્ત રૂપો. જેવાં કે.... વિશેષણ માટે વિ., ક્રિયાપદ માટે ક્રિ., અવ્યવય માટે અ., પુલ્લિંગ માટે પુ. વગેરે.....

  આમ, આ સોપાનમાં અધ્યયની નીપજના સંદર્ભમાં સમાવિષ્ટ વિષયવસ્તુની જાણકારી મેળવવાથી પ્રશ્ન રચનાની દિશામાં સુગમતા રહે છે.

(4)**હેતુ ચકાસણી માટેના પ્રશ્નનનું સ્વરૂપ નક્કી કરવું:** આ સોપાનમાં કેવા પ્રકારના અર્થાત નિબંધલક્ષી, ટૂંકજવાબી કે વસ્તુલક્ષી જેવા પ્રશ્નો પૂછવાના છે તે બાબતની વિચારણા કરવાની છે .

**(5)પ્રશ્ન રચના કરવી:** ઉપર્યુકત નિર્દેશિત બાબતોના વિચારના અંતે પ્રશ્નની રચના કરવી જોઈએ .ઉદાહરણ–

(1)આપેલા શબ્દોને શબ્દકોશ ક્રમમાં ગોઠવો.

સાવજ, ભગિની, મુશળધાર, અમોઘ, ક્ષમા, ગગન

(2)નીચે આપેલા શબ્દ પૈકી શબ્દકોશ ક્રમમાં બીજા ક્રમે કયો શબ્દ આવે?

(a)અંશ (b) ઐરાવત (c) આરાધ્ય (d) અનુમાન

**(ii) પ્રશ્ન રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતોઃ**

આપણે પ્રશ્નોના જુદા–જુદા પ્રકાર અને પ્રશ્ન રચનાનાં સોપાનો વિષયક સમજ મેળવી. હવે કોઇપણ હેતુ વિષયક પ્રશ્ન રચના કરવી હોય તો કઇ–કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તે વિશે સમજીએ.

- જે તે હેતુને અનુલક્ષીને જ પ્રશ્ન રચના કરવી. અર્થાત જે તે પ્રશ્ન થકી જે તે હેતુનું માપન થઇ શકે તેવા પ્રશ્નો રચવા.
- વિષયવસ્તુની ઊંડી સમજ માપતા હોય તેવા પ્રશ્નો રચવા
- પ્રશ્નો સંદર્ભેની સૂચનાઓ સ્પષ્ટ હોવી જોઇએ.
- પ્રશ્નની ભાષા સરળ, સ્પષ્ટ તથા વય–કક્ષાને અનુરૂપ હોવી જોઇએ.
- નિબંધલક્ષી પ્રશ્નોમાં જવાબ કેટલી લીટીઓમાં કે શબ્દોમાં લખવાનો છે તે સ્પષ્ટ કરવું.
- જે પ્રશ્નોના ઉત્તર લંબાણપૂર્વકના હોય તે પ્રશ્નોને જરૂર જણાય ત્યાં પેટા વિભાગોમાં વહેંચી પ્રશ્ન રચવો જોઇએ.
- ટૂંકા ઉત્તર પ્રશ્નો વર્ણનાત્મક ન બનતાં મુદ્દાકેન્દ્રી બને તે રીતે રચવા જોઇએ.
- માહિતી પ્રાપ્તિ કે સ્મરણશક્તિની ચકાસણીને બદલે વિચારપ્રેરક અર્થાત્ તર્ક કરવો પડે તેવા પ્રશ્નો રચવા જોઇએ.
- ગુણપ્રદાન યોજનાને ધ્યાનમાં રાખવી.
- મૌખિક પ્રશ્નોમાં અધ્યેતાએ બોલીને ઉત્તર આપવાના હોઇ તે મુજબ પ્રશ્નની રચના કરવી. જેમ કે.

  (1) ‘આજની ઘડી રળિયામણી’ કાવ્યનું ગાન કરો.

  (2) નીચેના શબ્દોનું વાચન કરો.

  દશ્ય, સ્પર્શ,પૃષ્ઠ,વિદ્યા,દ્વારકા

  (3) 256 માં 5 ની સ્થાનકિંમત કહો.

  (4) ગુજરાતમાં આવેલા પર્વતોનાં નામ આપો.
- ક્રિયાત્મક પ્રશ્નોમાં અધ્યેતાએ વિવિધ ક્રિયાઓ, કૌશલ્યો, આવડતો કે શક્તિઓ અંગે પ્રત્યક્ષ કામ કરવાનું હોય છે. આ વિષયક સમજ મેળવવા નીચે જણાવેલ પ્રશ્નોનાં ઉદાહરણોનો અભ્યાસ કરો.

  (1) તમારી નોટબુકમાં 10 સેમીનો રેખાખંડ AB દોરો.

  (2) પ્રાણીઓનાં ચિત્રો આપી તેમાંથી પાલતું પ્રણીઓ અને જંગલી પ્રાણીઓનું વર્ગીકરણ કરાવવું.

  (3) ગુજરાતા નકશામાં નીચેની વીગતો દર્શાવો.

  1.નદીઓ : સાબરમતી, નર્મદા

  2.પર્વતો : ગિરનાર, ચોટીલા

  3.ધાર્મિક સ્થળો : અંબાજી,સોમનાથ

(4) તમારી નોટબૂકમાં હૃદયની આકૃતિ દોરી તેના ભાગોનાં નામ લખો.

- પ્રશ્નની રચના કર્યા પછી ફરીથી તેની ચકાસણી કરી લેવી.

**તમારી પ્રગતિ ચકાસો**

- આટલું કરો: .

(1)ધોરણ – 5 ગુજરાતી વિષયના હેતુઓ પસંદ કરી નિબંધલક્ષી પ્રશ્નોની રચના કરો .

(2)ધોરણ –4 ના ગુજરાતી અને પર્યાવરણના હેતુઓ પસંદ કરી ટૂંકજવાબી પ્રશ્નોની રચના કરો.

(3)ધોરણ – 3 ના ગુજરાતી¸ગણિતના હેતુઓ પસંદ કરી વસ્તુલક્ષી પ્રશ્નોની રચના કરો .

(4)ધોરણ –5 ના ગણિત અને પર્યાવરણ વિષયના હેતુઓ પસંદ કરી મૌખિક પ્રશ્નોની રચના કરો .

(5)ધોરણ –5 ના હિન્દી અને ગણિત વિષયના હેતુઓ પસંદ કરી ક્રિયાત્મક પ્રશ્નોની રચના કરો .

## (iii) મૂલ્યાંકનના પરિપ્રેક્ષમાં વિવિધ કૌશલ્યોની ચકાસણી અર્થેના વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો :

અધ્યેતાઓમાં વિવિધ કૌશલ્યોના વિકાસ અર્થે અધ્યેતાઓને વિવિધ શિક્ષણપ્રદ અનુભવો આપવામાં આવે છે. આવા શિક્ષણપ્રદ અનુભવો થકી અધ્યેતાઓમાં જે તે કૌશલ્ય કેટલા પ્રમાણમાં વિકસ્યું છે તેની સમાયંતરે ચકાસણી કરવી જરૂરી છે. આ માટે વિવિધ કૌશલ્યોનાં માપન માટે કેવા પ્રશ્નો પૂછી શકાય તેનાં કેટલાંક ઉદાહરણો પ્રસ્તુત છે. :

1) શ્રવણકૌશલ્યની ચકાસણી :

અધ્યેતાઓનું શ્રવણકૌશલ્ય ચકાસવા માટે એક વાર્તા કહેવામાં આવે અને પછી એ વાર્તા આધારિત પ્રશ્નો અધ્યેતાઓને પૂછવામાં આવે છે. આ માટે આપેલ વિગતનો અભ્યાસ કરો.

- શિક્ષક : હું તમને બે વખત વાર્તા વાંચી સંભળાવીશ. વાર્તા ધ્યાનથી સાંભળો. વાર્તા સંભળાવ્યા પછી હું તમને કેટલાક પ્રશ્નો પૂછીશ. આ પ્રશ્નોના જવાબ સૂચના મુજબ તમને આપેલ પ્રશ્નપત્રમાં જ તમારે આપવાના છે.
- **વાર્તા :**

  અલી અને સલીમ ખાસ મિત્રો હતા. અલીને પોતાના વેપારના કામે શહેર છોડીને કેટલાંક વર્ષો માટે ખૂબ દૂર જવાનું થયું. તેણે સલીમને પૂછયું. ‘‘મારી પાસે એક ખૂબ ભારે અને કીમતી લોખંડની પાટ છે. હુ પાછો આવું ત્યાં સુધી તું તેને રાખીશ ? ’’ સલીમે હા પાડી.

  અલી કેટલાંક વર્ષો પછી આવ્યો અને સલીમને મળવા ગયો.તેણે પોતાની લોખંડની પાટ વિશે પૂછયું. સલીમે અફસોસ સાથે કહ્યું કે લોખંડની એ પાટ ઉંદરો ખાઇ ગયા. આલીએ કહ્યું. ‘‘કંઇ વાંધો નથી. કશું અમર નથી હોતું. તું તારા પુત્ર ઇમરાનને મારી સાથે મોકલ. હું બહારગામથી તારે માટે જે ભેટ લાવ્યો છું તે તેની સાથે મોકલી આપું.સલીમે ઇમરાનને અલીના સાથે જવા કહ્યું. અલી ઇમરાનને પોતાની સાથે લઇ ગયો અને તેને પોતાના ઘરમાં એક ઓરડામાં પૂરી દીધો.... જ્યારે ઇમરાન પાછો ન આવ્યો ત્યારે સલીમને ચિંતા થઇ. તે સલીમના ઘરે ગયો

અને પોતાનો છોકરો ક્યાં છે તે પૂછ્યું. અલીએ જવાબ આપ્યો, ‘‘જ્યારે તે આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક ભયંકર ઘટના બની.એક સમડી આવી અને હું કઇ કરું તે પહેલાં તો ઝાપટ મારીને તેને ઉપાડીને લઇ ગઇ. સલીમે કહ્યું કે આવું કેવી રીતે બની શકે ? અલીએ જવાબ આપ્યો,‘‘જો તારા ઘરે ઉંદરો મારી લોખંડની પાટ ખાઈ શકતા હોય તો એક સમડી છોકરાને ઉપાડીને કેમ ના લઈ જાય? "સલીમને પોતાની ભૂલ સમજાઇ ગઇ. તેણે અલીને લોખંડની પાટ પાછી આપી અને પોતાના છોકરાને લઇ ગયો.

- પ્રશ્નો **:** સૂચના **:** આપેલા પ્રશ્નોના ઉત્તરો માટે ચાર વિકલ્પ સૂચવ્યા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ પ્રશ્નની બાજુના ચોરસમાં લખો.

(1) લોખંડની પાટને ખરેખર શું થયું હતું ? ☐

(અ) તે કાટથી ખવાઇ ગઇ હતી.

(બ) કેટલાક ઉંદર તેને ખાઇ ગયા.

(ક) સલીમે તેને પોતાને માટે રાખી લીધી.

(ડ) કોઇ તેને ચોરી ગયું.

(2) સલીમે ઇમરાનને અલી સાથે કેમ મોકલ્યો ? ☐

(અ) તેની સાથે વિશ્વની સફર કરવા.

(બ) લોખંડની પાટ પાછી આપવા.

(ક) અલીની ભેટ લઇને પાછા આવવા.

(ડ)તેની સાથે થોડા દિવસ રહેવા.

(3) અલીના કહેવા મુજબ ઇમરાનને શું થયું હતું ? ☐

(અ) કેટલાક ઉંદર તેને ખાઇ ગયા.

(બ) એક સમડી તેને ઉપાડીને લઇ ગઇ.

(ક) તેને અલીના ઘરમાં પૂરી દેમાં આવ્યો હતો.

(ડ) તેને સલીમના ઘેર પાછો મોકલી દેવામાં આવ્યો હતો.

(4) આ વાર્તામાં લોભી કોણ હતું ? ☐

(અ) અલી

(બ) સલીમ

(ક) ઇમરાન

(ડ) ત્રણે જણ

**2) વાચનકૌશલ્યની ચકાસણી :**

અધ્યેતાઓનું વાચનકૌશલ્ય ચકાસવા માટે વૈવિધ્યપૂર્ણ પ્રશ્નોની રચના કરી શકાય. આ અંગેની સમજ મેળવવા આપેલા ઉદાહરણોનો અભ્યાસ કરીએ.


ઉદાહરણ – 1 :

અધ્યેતાઓ સામે ચિત્રો રજૂ કરી તેનું નામ આપેલાં નામોના વિકલ્પો વાંચી તેમાંથી શોધી વર્તુળ કરવાનું કહેવામાં આવતાં જો અધ્યેતા વાચન કરી શકતો હશે તો સાચું નામ વાંચીને તેનો જવાબ આપી શકશે. આ માટે નીચેનું ઉદાહરણ જુઓ.

નીચેનાં ચિત્રો જુઓ અને તેની સામે આપેલાં નામ વાંચો સાચા નામના વિકલ્પ ઉપર વર્તુળ ○ કરો.



(અ) ટેબલ (બ) ખુરશી



(અ) પ્યાલો (બ) કપ




(અ) પાંદડું (બ) ઝાડ

ઉદાહરણ – 2 :

વાચન કૌશલ્ય ચકાસવા માટે એક ચિત્ર રજૂ કરી ચિત્રમાં આપેલું લખાણ વાંચી તેના આધારિત પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવા બાળકોને કહી શકાય. આ માટેનું એક ઉદાહરણ અહીં આપવામાં આવેલું છે, તેનો અભ્યાસ કરો.

.............................................................................................................

નીચેની જાહેરાત વાંચો અને આપેલા પ્રશ્નોના સાચા જવાબના ઉપર વર્તુળ O કરો.



- **પ્રશ્નો**

(1) સસ્તામાં સસ્તું ફળ કયું છે ?

(અ) સફરજન (બ) નારંગી (ક) કેળાં

(2) સૌથી મોંઘી શાકભાજી કઇ છે ?

(અ) ફુલાવર (બ) મૂળા (ક) બટાકા

(3) સુપર બજારમાં શું વેચાય છે?

(અ) ચાર શાકભાજી અને ત્રણ ફળ

(બ) ત્રણ શાકભાજી અને ચાર ફળ

(ક) પાંચ શાકભાજી અને બે ફળ

(4) સુપર બજાર કેટલા દિવસ ખુલ્લું રહે છે?

(અ) અઠવાડિયામાં પાંચ દિવસ

(બ) અઠવાડિયામાં છ દિવસ

(ક) અઠવાડિયામાં સાત દિવસ

**ઉદાહરણ –3 :**

વાચન કૌશલ્યની ચકાસણી માટે નીચે જેવો એક નાનો ફકરો મૂકી તેના આધારે પ્રશ્નો પૂછી જવાબ મેળવવા જોઇએ. આ માટે આપેલું ઉદાહરણ જુઓ.

- નીચેનો ફકરો વાંચો અને પ્રશ્નના સાચા જવાબના ક્રમ ઉપર વર્તુળ ○ કરો.

તમે પતંગિયાં તો જોયાં જ હશે. તમને ખબર છે કે આ પતંગિયું કયાંથી આવે છે? માદા પતંગિયું પાંદડા ઉપર કે છોડ ઉપર ઇંડું મૂકે છે. આ ઇંડામાંથી નાની ઇયળ બહાર આવે છે. આ ઇયળ પાંદડાં ખાય છે અને મોટી થાય છે. ત્યારબાદ ઇયળ પોતાની જાતે પાન સાથે જોડાઇને મોટો કોશેટો બનાવે છે. આ એક પ્રકારનું આવરણ છે જે બીજા પ્રાણીઓથી તેને રક્ષણ આપે છે. કોશેટાની અંદર તેના પગ અને પાંખની વૃદ્ધિ થાય છે. છેલ્લે કોશેટો ખુલે છે અને નવું સુંદર પતંગિયું બહાર આવે છે. તે ધીરેથી પોતાની પાંખો ખોલે છે અને ઊડી જાય છે.

પ્રશ્નો – (1) ઇયળ શામાંથી બહાર આવે છે?

(a)પાંદડામાંથી (b) ઇંડામાંથી (c) કોશેટામાંથી

(2) ઇયળ કોશેટો શા માટે બનાવે છે?

(a)ઇંડાને બચાવવા માટે

(b)પોતાનું રક્ષણ કરવા માટે

(c)પાંદડાં ખાવા માટે .

(3) પતંગિયાના જીવનચક્રનો ક્રમ કયો છે?


(a)ઇંડું – કોશેટો – ઇયળ –પતંગિયું

(b)ઇંડું – ઇયળ – કોશેટો – પતંગિયું

(c)ઇયળ – ઇંડું – કોશેટો – પતંગિયું .

ઉદાહરણ – 4:

નીચે આપેલ લખાણ કાળજીથી વાંચો .ત્યારબાદ તેની નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબના ક્રમ ઉપર ○ વર્તુળ કરો.




**પ્રશ્નો –**

(1) ઉપર આપેલ લખાણ શેનું છે?

(a)સૂચના (b)વાર્તા (c)હુકમ (d)નિબંધ

(2) ક્રિકેટ કલબમાં કોને આમંત્રણ આપવામાં આવ્યું છે ?

(a)ફકત છોકરીઓને (b)ફકત છોકારાઓને

(c)બધા વિદ્યાર્થીઓ (d) વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને .

(3) છોકરાઓને કેટલો સમય ક્રિકેટ શીખવવામાં આવશે?

(a) ત્રીસ મિનિટ (b) દોઢ કલા (c) બે કલાક (d) ત્રણ કલાક

(4) ક્રિકેટ કલબ કયા શહેરમાં આવેલ છે?

(a) આનંદ (b) મહાત્મા ગાંધી (c) અમદાવાદ (d)ગુજરાત

**3) ભાષાસજ્જતાની ચકાસણી :**

ભાષાસજજતા એટલે ભાષા સામર્થ્ય. આ પ્રકારના કૌશલ્યનું માપન કરવા માટે વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો પૂછી શકાય. અહીં કેટલાક પ્રશ્નોની વીગત આપેલ છે. તેનો અભ્યાસ કરો.

- **વસ્તુલક્ષી પ્રશ્નો :**

1) પર્વતોની ટોચ ......................ચડવું એ કાંઇ સરળ કામ નથી.

(અ) માટે (બ) પર (ક) નીચે (ડ) માં

2) પરીક્ષામાં એકસરખા લાગતા પ્રશ્નોને જોઇ હું ......................માં પડી ગયો.

(અ) અસંદિગ્ધતા (બ) વ્યાકુળતા (ક) અસમજમ (ડ) બેચેની

3) સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(અ) વિજળી (બ) વિદ્યાર્થિની (ક) રિશેષ (ડ) નિમણુક

4) My father ............ to Junagadh last week.

(અ) go (બ) will go (ક) has go (ડ) went

5) 'Rude' શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ શોધો.

(અ) Polite (બ) Modest (ક) Honest (ડ) Good

6) 'झोंपडी मे रहकर महलो के खवाब रखना' अर्थ बताइए।

(अ) कुछ काम न करना

(ब) झोंपडी में से महल बनाना

(क) बडी बडी आकांक्षा रखना

(ड) अच्छी–अच्छी बातेंतें करना

7) 'सतीश' का सन्धि विच्छेद ...................... है

(अ) सति + ईश (ब) सति + इश (क) सती + इश (ड) सत् + ईश

8) सैनिक <u>देश</u> की रक्षा करता है। – विधान में रेखांकित संज्ञा शब्द संज्ञा के किस प्रकार में आता है ?

(अ) व्यक्तिवाचक (ब) भाववाचक (क) समूहवाचक (ड) जातिवाचक

9) शिक्षक ......................ज्ञानं ददाति।

(अ) शिष्य (ब) शिष्याय (क) शिष्याय (ड) शिष्यम्


10) माता सर्वदा .............. ।

(अ) पूजनीयम् (ब) पुजनीय (क) पूजनीयः (ड) पूजनीया

- ટૂંક જવાબી પ્રશ્નો–(૧)આપેલા ચિત્રને બે વાક્યમાં વર્ણવો.



(२) दिये गये चित्र के आधार पर चार काव्य पंक्तियाँ बनाइए।



- નિબંધલક્ષી પ્રશ્નો :

(1) नीचे लकडहारा और लड़की के बीच संवाद दिया गया है इसे अपनी समझ के साथ पूरा कीजिए।

– लड़की : ओ भैया ! आप इस पेड़ को क्यों काट रहे हैं ?

– लकडहारा : यह तो मेरा काम हैं ।

– लड़की : यह तो गलत हैं।

– लकडहारा : यह कैसे गलत हैं ? इसीसे तो मेरे परिवार का भरणपोषण होता हैं।

– लड़की :

– लकडहारा :

**(2) કહાની પૂર્ણ કરો.**

એક દિવસ અકબરે બિરબલને પૂછયું – બિરબલ દુનિયામાં સૌથી વધારે શક્તિશાળી કોણ છે? બિરબલે શું કહ્યું હશે ? કહાની પૂર્ણ કરો.

(3) आपने कोई घटना या प्रसंग सुना हो या पढ़ा हो उसे अपनी भाषा में लिखिए।

(4) 'दहेज़ : एक दूषण ' इस विषय पर कारण सहित अपना मत दीजिए।

**4) માનસિક સામર્થ્યની ચકાસણી –**

માનસિક સામર્થ્યની ચકાસણી માટે નીચે જેવા પ્રશ્નો પૂછી શકાય.

(a) સંખ્યાઓના અનુક્રમ:

નીચેના પ્રશ્નોમાં એક ગાણિતિક શ્રેણી આપેલ છે આ ગાણિતિક શ્રેણીમાં રહેલ ગાણિતિક તર્ક સમજી આપેલ શ્રેણીમાં પછીની એક સંખ્યા કઇ હોય તે નકકી કરો.

(1) 2, 5, 11, 23, 47, ...............

(a) 95 (b) 69 (c) 98 (d) 74

(2)5 ,1 , 45 ,135 , 405

(a)810 (b) 1225 (c) 1215 (d) 2135

**(b)કોયડા:**

(1)રમા પોતાના ઘરેથી કેટલીક લખોટીઓ લાવી પોતાની છ બેનપણીને સરખે ભાગે વહેંચી આપે છે .તેમાંની એક બેનપણી ત્રણ લખોટીઓ ખોઇ નાખે છે છતાં તેની પાસે પાંચ લખોટીઓ રહે છે .તો રમા કુલ કેટલી લખોટીઓ ઘરેથી લાવી હશે **?**

(a) 8 (b) 15 (c) 30 (d) 48

(2)એક બેંગમાં 50 પૈસાર૫, પૈસા અને 1રૂપિયાના સરખી સંખ્યામાં સિક્કા છે .જો કુલ કિંમત રૂ .35 રુપિયા હોય તો દરેક જાતના કેટલા સિકકા હશે**?**

(a)15 (b) 18 (c) 20 (d) 25

**(c)સમસંબંધ :**

સૂચના **:** આ કસોટીમાં બે શબ્દોની જોડ આપેલી છે .આ બંને શબ્દો વચ્ચે કોઇ પ્રકારનો સંબંધ રહેલો છે .બે શબ્દો પછી :: ની નિશાની કરેલ છે .તે પછી એક શબ્દ આપેલો છે અને તેની સામે ખાલી જગ્યા છે .પહેલા બે શબ્દો વચ્ચેનો સંબંધ શોધીને ત્રીજા શબ્દ સાથે આપેલા ચાર શબ્દોમાંથી બરાબર બંધબેસતો શબ્દ શોધો.

પ્રશ્નો (1) : સમય : ઘડિયાળ :: તાપમાન...................... :

(a)થર્મોમિટર (b) તાવ (c) શરીર (d) બેરોમિટર

(2) પક્ષી : પાંખ :: માછલી ...................... :

(a) પાણી (b) ચૂઇ (c) પૂંછડી (d) મીનપક્ષ

**(d)શબ્દ સંબંધ:**

સૂચના: આપેલા ચાર શબ્દોમાંથી કયો શબ્દ બીજા શબ્દોથી જુદો પડે છે તે નકકી કરી તેના સાચા વિકલ્પ પર અલગ ઉત્તરપત્રના તે પ્રશ્નના વિકલ્પની સામે (2 ) ની નિશાની કરો .

પ્રશ્નો:

1 (a).રામાયણ (b) ગીતા (c) બાઇબલ (d) મહાભારત

2 (a).બગલો (b) હંસ (c) શાહમૃગ (d) ટીટોડી

3 (a).પૃથ્વી (b) પ્લુટો (c) ચંદ્ર (d) શુક્ર

4 (a).M.A (b) M.B.B.S (c) M.E (d) .M.Com


5 (a).ચણા (b) તુવેર (c) મેથી (d) મગ

(e)**તાર્કિક પ્રશ્નો :**

(1)નીચેનામાંથી કઇ છાપ કૂતરાંના પગની હોઇ શકે **?** સાચા જવાબ ઉપર ૦ વર્તુળ કરો .




(2)અહીં બતાવેલ પ્રાણીઓ જૂઓ.



નીચેનામાંથી કયો વિકલ્પ ઉપર બતાવેલાં બધા જ પ્રકારનાં પ્રાણીઓ માટે સાચો છે**?** સાચા જવાબ ઉપર ખરાની નિશાની) v (કરો .


અ .તેઓ મોટેભાગે ઈંડાં મૂકે છે .

બ .તેઓ મોટેભાગે પાણીમાં રહે છે .

ક .તેઓ ફક્ત ઠંડી જગ્યાઓમાં રહે છે .

ડ .તેમના શરીર પરનું આવરણ એકસરખું છે .

(3) નીચેનામાંથી કઇ આકૃતિ સૌથી મોટી પરિમિતિ ધરાવે છે **?** સાચા જવાબ ઉપર ૦ વર્તુળ કરો .



**::તમારી પ્રગતિ ચકાસો::**

આટલું કરો .

નીચે જણાવેલ વિગત આધારિત એક–એક પ્રશ્નની રચના કરો .

(1) શ્રવણકૌશલ્યની ચકાસણી

(2) વાચનકૌશલ્યની ચકાસણી

(3) ભાષાસજ્જતાની ચકાસણી

**3.3.3 મૂલ્યાંકન માટે અસરકારક કસોટીઓની રચના:**

આપણે પ્રશ્નોના વિવિધ પ્રકારો અને સ્વરૂપ વિશે સમજ પ્રાપ્ત કરી .હવે મૂલ્યાંકન માટેની કસોટીઓના પ્રકાર અને તેની રચનાવિષયક સમજ મેળવીશું. કારણ કે, પ્રાથમિક શાળાના એક ભાવિશિક્ષક તરીકે હેતુકેન્દ્રી શિક્ષણના સંદર્ભમાં અધ્યેતાઓનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ પ્રકારની કસોટીઓ અંગે જાણવું એટલા માટે જરૂરી છે કે આ કસોટીઓના ઉપયોજનથી અધ્યેતાઓમાં જે તે હેતુઓની પ્રાપ્ત સિદ્ધિ જાણી તેના ઉપચારાત્મક કાર્ય દ્વારા શિક્ષણ સુધારણ કરી શકાય છે .

આ માટે આપણે ક્રમશઃ કસોટીના પ્રકાર, આદર્શ કસોટી રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, બ્લ્યુપ્રિન્ટ આધારિત નમૂનાનું પ્રશ્નપત્ર તેમજ મૂલ્યાંકન માટે કસોટી ઉપરાંતનાં કયાં–કયાં સાધનો ઉપયોગી છે તે વિશે સમજ મેળવીએ.

- **કસોટીઓના પ્રકાર :**

પ્રક્રિયાના સંદર્ભમાં કસોટીના બે પ્રકાર છે. (1) ઔપચારિક કસોટી અને (2) અનૌપાચારિક કસોટી. અધ્યેતાઓનું ચોકકસ સમયાંતરે મૂલ્યાંકન કરવા માટે ઔપચારિક કસોટીઓ લેવામાં આવે છે. આવી કસોટીઓની રચના કરતી વખતે હેતુઓને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. આ પ્રકારની કસોટી રચનારે કસોટી રચતાં પહેલાં એ જાણી લેવું જોઇએ કે કયા હેતુઓનું શિક્ષણ થયું છે? હેતુસિદ્ધિમાં શું તપાસવાનું છે? કયા–કયા હેતુઓ મૂલવવાના છે? આટલી વીગત જાણ્યા પછી યોગ્ય એવી ઔપચારિક કસોટીની રચના થઇ શકે. આ પ્રકારની કસોટીઓ વિવિધ સમયના સંદર્ભમાં લેવાતાં તે પખવાડિક, માસિક, ત્રિમાસિક, છ–માસિક કે વાર્ષિક કસોટીઓ કહેવાય છે અને વિષયવસ્તુને ધ્યાનમાં રાખી લેખિત, મૌખિક કે ક્રિયાત્મક સ્વરૂપ પણ હોઇ શકે.

જ્યારે અનૌપચારિક કસોટીઓમાં શિક્ષણ વ્યવહારનો પ્રયોજક શિક્ષક પોતાના શિક્ષણવ્યવહાર દરમિયાન પોતાની અનુભવી આંખ વડે વર્ગખંડમાં કે વર્ગખંડ બહાર થતી અધ્યયનની ફુલશ્રુતિ નિરંતર જોયા કરે છે તે શિક્ષણકાર્યના અંતર્ગત ભાગરૂપે જ થતી પ્રક્રિયાને અનૌપચારિક કસોટી કહેવાય છે અનૌપચારિક કસોટીઓમાં ક્રમમાપદંડ, ઓળખયાદી, પ્રશ્નાવલિ, મુલાકાત, અવલોકન, સામાજિકતામિતિ... જેવાં મૂલ્યાંકનનાં સાધનોનો ઉપયોગ થાય છે.

પ્રથમ આપણે ઔપચારિક કસોટીઓ અંતર્ગત સ્વરૂપના સંદર્ભમાં લેખિત મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓ વિષયક સમજ મેળવીશું.

(1) **લેખિત કસોટી :**

હેતુઓની સિદ્ધિ ચકાસણી માટે પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ અધ્યેતાઓએ લખીને આપવાના હોય તેવી કસોટીને લેખિત કસોટી કહેવામાં આવે છે.

- આ પ્રકારની કસોટીઓમાં પ્રશ્ન અને જવાબ લેખિત સ્વરૂપમાં હોય છે.
- લેખિત પ્રત્યુત્તરોનું મૂલ્યાંકન થાય છે.
- પ્રશ્નોના જવાબ માટે અલગ ઉત્તરપત્ર હોય છે તો કયારેક ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના હોય છે.
- લેખિત કસોટી કોઇ એક હેતુ કે એકથી વધુ હેતુઓના મૂલ્યાંકન માટે હોઇ શકે છે.
- એકથી વધુ પરીક્ષાર્થીઓ એક  જ સમયે આ કસોટી આપી શકે છે.
- આ પ્રકાની કસોટીમાં નિબંધ પ્રકારના પ્રશ્નો, ટૂંકજવાબી પ્રશ્નો અને વસ્તુલક્ષી પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- આ કસોટી નિર્માણ કરતાં અગાઉ હેતુઓને ધ્યાને લઇ ગુણાંકન સંદર્ભે, પ્રશ્નોની સંખ્યા સંદર્ભે, પ્રશ્નોના સ્વરૂપ સંદર્ભે એક ચોકકસ માળખું તૈયાર કરવામાં આવે છે.
- પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવાનો છે તેની સ્પષ્ટ સૂચનાઓ આપેલી હોય છે.
- પ્રશ્નોની ગોઠવણી સરળથી કઠિન જેવી મનોવૈજ્ઞાનિક રીતે કરી શકાય છે.
- પ્રશ્નોની કઠિનતા અધ્યેતાઓની ક્ષમતા મુજબ ગોઠવી શકાય છે.
- આપણી પરીક્ષા વ્યવસ્થામાં અને જાહેર પરીક્ષાઓમાં આ પ્રકારની કસોટીઓ લેવાતી હોય છે.

(2) **મૌખિક કસોટી :**

હેતુ સિદ્ધિ જાણવા પૂછાયેલા પ્રશ્નોના જવાબ અધ્યેતાઓએ મૌખિક રીતે) બોલીને (આપવા પડે તેવી કસોટીને મૌખિક કસોટી કહેવામાં આવે છે .કેટલાક હેતુઓની સિદ્ધિ લેખિત કસોટીથી માપી શકાતી નથી ત્યારે આ પ્રકારની કસોટીની મદદ લેવામાં આવે છે .લેખિત કસોટીની પૂરક કસોટી તરીકે પણ આ કસોટી વાપરી શકાય છે .

- આ કસોટીમાં પરીક્ષક દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબ અધ્યેતા મૌખિક રીતે બોલીને આપે છે.
- અધ્યેતાએ આપેલ જવાબથી સંતોષ ન થાય તો પરીક્ષક બીજો પૂરક પ્રશ્ન પૂછી શકે છે.
- અધ્યેતાઓને પ્રશ્નપત્ર આપવામાં આવતું નથી. માત્ર પરીક્ષક પાસે પ્રશ્નપત્ર હોય છે.
- પ્રશ્નો અને તેના ગુણાંકનનું ચોકકસ માળખું હોય છે તેથી શિક્ષકે ગુણ અને ગુણ મુકવાની પદ્ધતિ અગાઉથી વિચારી લેવી પડે છે.
- અધ્યેતાઓને વ્યક્તિ ગત મળીને ચકાસવાના  હોવાથી મૂલ્યાંકનમાં ચોકસાઇ રહે છે.

- અધ્યેતાઓની મૌખિક અભિવ્યક્તિ, સભ્યતાપૂર્વક ભાષા બોલવાની ટેવ, કંઠસ્થ કરવાની કુશળતા, મુખવાચન, હાજર જવાબ આપવાની શક્તિ, દલીલ વ્યકત કરી ટકાવી રાખવાની શક્તિ... જેવી અનેક બાબતો જાણવાનો અવકાશ આ કસોટીઓ દ્બારા મળી શકે છે.
- પ્રશ્નપત્ર ફૂટી જવાની કે ચોરી કરવા જેવી મુશ્કેલીઓ થવાની શક્યતા રહેતી નથી.

## (3) ક્રિયાત્મક કસોટી :

જે હેતુ સિદ્ધિની ચકાસણી કરવા માટે અધ્યેતાએ ક્રિયા કે પ્રવૃત્તિ કરીને ઉત્તર આપવા પડે તેવી કસોટીને ક્રિયાત્મક કસોટી તરીકે ઓળખવામાં આવે છે .

- આ કસોટીમાં શિક્ષક હેતુના અનુસંધાને ચોક્કસ ક્રિયા કરવાનું અધ્યેતાને સૂચવે છે. અને ક્રિયાનું અવલોકન કરી મૂલ્યાંકન કરે છે. ઉદાહરણ તરીકે અમુક માપના ખૂણા દોરવાનું, માપવાનું, નકશાપૂર્તિ કરવી, દળ–વજનનાં વિવિધ માપિયાં ઓળખવાં, અભિનય સાથે કાવ્યનું ગાન કરવું, શબ્દકોશમાંથી શબ્દોના અર્થ શોધવા... જેવી બાબતોનો સમાવેશ કરી શકાય.
- ચોકકસ ક્રિયા કરવાનું પ્રભુત્વ મેળવવાનું સૂચવતા હેતુઓના મૂલ્યાંકન માટે આ કસોટી મદદરૂપ થાય છે.
- અધ્યેતાઓનું વ્યક્તિ ગત મૂલ્યાંકન થાય છે.
- શિક્ષકે પરીક્ષા પહેલાં ક્રિયાત્મક કસોટીનું સ્વરૂપ તૈયાર કરી રાખવું પડે છે. એક–એક અધ્યેતાદીઠ કે નિયત જૂથમાં આ કસોટી લેવામાં આવે છે.
- પ્રવૃત્તિ કે ક્રિયા કરવા માટે જરૂરી સાધન–સામગ્રી અગાઉથી તૈયાર રાખવામાં આવે છે.
- શિક્ષકે પરીક્ષા અગાઉ ગુણાંકન, સમયમર્યાદા, અધ્યેતાએ કેટલી સંખ્યામાં ક્રિયા કરવાની થશે... વગેરે બાબતોનું આયોજન કરીને કસોટી લેવામાં આવે છે.
- લેખિત અને મૌખિક કસોટીની પૂરક કસોટી બની શકે છે.
- અધ્યેતાઓને પ્રશ્નપત્ર આપવામાં આવતું નથી. માત્ર પરીક્ષક પાસે પ્રશ્નપત્ર હોય છે.

**::તમારી પ્રગતિ ચકાસો::**

5. **સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ પ્રશ્નની બાજુના ચોરસમાં લખો.**

(1) કઈ કસોટીમાં અધ્યેતાઓને પ્રશ્નપત્ર અને જવાબ માટે અલગ ઉત્તરપત્ર આપવામાં આવે છે ?

(a) લેખિત (b) મૌખિક (c) ક્રિયાત્મક ☐

(2) અધ્યેતા કોઈ પ્રવૃત્તિ કરે કે અને તેનું અવલોકન કરી મૂલ્યાંકન કરવામાં આવે તેવા પ્રશ્નનોનો કઈ કસોટીમાં સમાવેશ થાય છે? ☐

(a) લેખિત (b) મૌખિક (c) ક્રિયાત્મક

6. **તફાવતના બે–બે મુદ્દા આપો.**

(a)ઔપચારિક કસોટી અને અનૌપચારિક કસોટી.

(b)મૌખિક કસોટી અને ક્રિયાત્મક કસોટી.

ઉપર પ્રમાણે ઔપચારિક કસોટી અને અનૈપચારિક કસોટીનો તફાવત તેમજ લેખિત કસોટી, મૌખિક કસોટી અને ક્રિયાત્મક કસોટીનાં લક્ષણો જાણ્યાં .હવે વિવિધ પ્રકારની કસોટીઓની સમજ મેળવવા માટે નમૂનારૂપે અલગ–અલગ ધોરણ અને વિષયની કસોટીઓના નમૂનાઓનો અભ્યાસ કરીએ .(લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓનાં નમૂના પરિશિષ્ટ–1 માં આપેલ છે.)

આપણે સમયાંતરે લેવાતી નમૂનારૂપ ઔપચારિક કસોટીઓમાં લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓનો અભ્યાસ કર્યો. હવે આદર્શ કસોટી રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિષયક જાણકારી મેળવીશું.

- આદર્શ કસોટી રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.
  - કસોટી(પ્રશ્નપત્ર)ના પ્રારંભમાં પ્રારંભિક વીગત જેવી કે... સંસ્થાનું નામ, વિષય, ધોરણ, ગુણ, તારીખ, વાર, સમયનો ઉલ્લેખ કરવો. તેમજ કસોટી સંદર્ભે સૂચના મૂકવી.
  - પ્રશ્નપત્રની રચના કરતી વખતે બ્લ્યુપ્રિન્ટને ધ્યાનમાં રાખવી જોઇએ.
  - હેતુ સિદ્ધિની ચકાસણી થાય તેવા પ્રશ્નો મૂકવા જોઇએ.
  - બધા પ્રકારના એટલે કે નિબંધલક્ષી, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નોનો સમાવેશ કરવો.
  - કસોટીમાં કઠિન, મધ્યમ અને સરળ ત્રણેય પ્રકારના પ્રશ્નોને ઉચિત સ્થાન મળવું જોઇએ.
  - પ્રશ્નોની ભાષા સ્પષ્ટ, સરળ અને અધ્યેતાઓ સમજી શકે તેવી હોવી જોઇએ.
  - પ્રશ્નપત્રના વિભાગોની સૂચનાઓ પણ સરળ અને સ્પષ્ટ હોવી જોઇએ.
  - પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પો આપવા જોઇએ.
  - ગુણાંકનમાં વસ્તુલક્ષિતા લાવવા નિબંધપ્રકાર, ટૂંકાઉત્તરપ્રકાર અને વસ્તુલક્ષી પ્રકારના પ્રશ્નોની સમતોલ ગોઠવણ હોય.ઉપરાંત ઉત્તરો માટે ગુણ પ્રદાન યોજનાની વ્યવસ્થા હોય.
  - દરેક પ્રશ્ન યોગ્ય સમય અને મર્યાદામાં રહી લખી શકાય તે પ્રમાણે સમયની ફાળવણી કરવામાં આવી હોય. કુલ કેટલા ગુણનું પ્રશ્નપત્ર છે તે સમયના સંદર્ભમાં નિશ્ચિત હોય.
  - પ્રશ્નપત્ર વિશ્વસનીય અને પ્રમાણભૂત બને તેની કાળજી લીધેલી હોવી જોઇએ.

ઉપર નિર્દેશિત આદર્શ કસોટી રચના વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જાણી .આ તમામ બાબતોને અનુલક્ષીને બ્લ્યુપ્રિન્ટ આધારિત કસોટી રચના કેવી રીતે કરી શકાય તે સમજીએ .આ માટે બ્લ્યુપ્રિન્ટ સંકલ્પના અને તે આધારિત નમૂનાના પ્રશ્નપત્રનો અભ્યાસ કરો .

- **બ્લ્યુપ્રિન્ટની સંકલ્પના :**

- કોઇપણ કાર્યક્રમ અગાઉ તેના આયોજનનું યોગ્ય માળખું ગોઠવાયું હોય તો ચોકકસ દિશામાં અને ગુણવત્તાયુક્ત કામ કરી શકાય છે. મકાનના બાંધકામ પહેલાં ઈજનેર કે કોન્ટ્રાકટર હવે તો ચોકકસ આર્કિટેક પાસે તે મકાનનો નકશો/પ્લાન(માળખું) રહેનારની જરૂરિયાતને વિચારીને બનાવે છે. તેવી જ રીતે પ્રશ્નપત્ર રચતાં પહેલાં તેનો એક પ્લાન(માળખું) વિચારવો જોઇએ. કયા ધોરણના કયા

વિષયનાં કયાં અધ્યયનક્ષેત્રો અને હેતુઓ ધ્યાનમાં રાખીને કેટલા ગુણની કયા પ્રકારના પ્રશ્નોની કસોટી રચવાની છે આ બાબતે પ્રશ્નપત્ર રચના કરતાં પહેલાં સ્પષ્ટ થઇ જવું જોઇએ અને તેને અનુરૂપ માળખું બનાવવું જોઇએ. આ માળખાને બ્લ્યુપ્રિન્ટ કે પ્રશ્નપત્ર આયોજન કહેવામાં આવે છે.

- આ યોજના સમગ્ર અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી અથવા કોઇ એક કે બે–ત્રણ એકમને ધ્યાનમાં રાખીને પણ બનાવી શકાય છે.
- બ્લ્યુપ્રિન્ટમાં ત્રણ પરિમાણ હોય છે. આ ત્રણ પરિમાણોમાં અધ્યયનક્ષેત્ર, હેતુઓ અને પ્રશ્ન પ્રકાર(E–S–O) નો સમાવેશ થાય છે.

આમ, આદર્શ પ્રશ્નપત્રની રચના માટે તૈયાર કરવામાં આવતું ત્રિ–પરિમાણદર્શક કોષ્ટક એટલે બ્લ્યુપ્રિન્ટ.

## બ્લ્યુપ્રિન્ટનો નમૂનો ( ધોરણ-5ગુજરાતી )

### ધોરણ : 5 બીજું સત્ર    બ્લ્યપ્રિન્ટ (ત્રિ-પરિમાણદર્શક કોઠો )    વિષય : ગુજરાતી

| અધ્યયન ક્ષેત્ર | અર્થગ્રહણ | | | | અભિવ્યક્તિ | | | | વ્યાવહારિક ઉપયોજન | | | | તાર્કિક ચિંતન | | | | કુલ | | | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રશ્નપ્રકાર<br>હેતુ | નિ. | ટૂં. | વ. | કુલ. | નિ. | ટૂં. | વ. | કુલ. | નિ. | ટૂં. | વ. | કુલ. | નિ. | ટૂં. | વ. | કુલ. | નિ. | ટૂં. | વ. | |
| વાર્તા, કાવ્યો, વર્ણનો સાંભળે અને સમજે | | 8(4)<br>2(1)* | 2(2) | 10(6)<br>2(1)* | | | | | | | | | | | | | | 8(4)<br>2(1)* | 2(2) | 10(6)<br>2(1)* |
| શબ્દો જાણે અને જોડણી કોશનો ઉપયોગ સમજે | | 2(1) | 4(4)<br>1(1)* | 6(5)<br>1(1) * | | | | | | | | | | | | | | 2(1) | 4(4)<br>1(1) * | 6(5)<br>1(1) * |
| વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે અનુલેખન કરે | | | | | | | 4(4) | 4(4) | | | | | | | | | | | 4(4) | 4(4) |
| મુદ્દા પરથી વાર્તાનું લેખન કરે | | | | | 8(1) | | | 8(1) | | | | | | | | | 8(1) | | | 8(1) |
| લિંગ,વચન અને સર્વનામનો ઉપયોગ | | | | | | | | | | | 6(6)<br>2(2)* | 6(6)<br>2(2)* | | | | | | | 6(6)<br>2(2)* | 6(6)<br>2(2)* |
| વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધ તારવી જવાબ આપે . | | | | | | | | | | | | | | 6(3) | | 6(3) | | 6(3) | | 6(3) |
| કુલ | | 10(5)<br>2(1)* | 6(6)<br>1(1)* | 16(11)<br>3(2) * | 8(1) | | 4(4) | 12(5) | | | 6(6)<br>2(2)* | 6(6)<br>2(2)* | | 6(3) | | 6(3) | 8(1) | 16(8)<br>2(1)* | 16(16)<br>3(3)* | 40(25)<br>5(4)* |

**સૂચના –** કૌસની અંદરનો અંક પ્રશ્ન સંખ્યા અને કૌસની બહારનો અંક ગુણ દર્શાવે છે  *નિશાનવાળા વિકલ્પ પ્રશ્નો સૂચવે છે.

## સોનપરી પ્રાથમિક શાળા

**તારીખ :** **ધોરણ : 5** **સમય –1.30**

**કલાક વાર :** **વિષય : ગુજરાતી (બીજું સત્ર)** **કુલ**

**ગુણ – 40**

---

**સૂચના** (1) **:** જવાબ અલગ ઉત્તરપત્રમાં લખવાના છે .

(2) પ્રશ્નની જમણી બાજુએ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે .

**પ્રશ્ન – 1 (A) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો ( કોઈપણ ચાર )**

a. 'અમે બાંધવો સરદારના' કાવ્યમાં કવિએ મઝધારમાં પહોંચવાની વાત કઈ રીતે કરી છે?

b. સંકલ્પ સિદ્ધ કરવા વોલ્ટરે કેવો પુરૂષાર્થ કર્યો?

c. શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

d. પુસ્તક ખરાબ થઈ જવાથી અબ્રાહમ લિંકન શું વિચારે છે?

e. ડૉ. ભીમરાવને પિતા પાસેથી વારસામાં શું મળ્યું હતું?

**(B) નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો .**

1.“ભાઈ, તારો મારગ તારી રાહ જુએ છે, હાલતો થા”

.2“ખૂબ પ્રગતિ કર બેટા, ખૂબ પ્રગતિ કર”

**પ્રશ્ન – 2 સૂચના મુજબ ઉત્તર આપો .** (2)

(1)શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો .

જિજ્ઞાસુ, માર્ગદર્શન

(2)શબ્દોના અર્થ આપો (કોઈપણ બે)

દિન–દીન, કુલ–કૂલ, અહિ–અહીં

(3)નીચે આપેલા શબ્દોને શબ્દકોશ ક્રમમાં ગોઠવો.

ગેરહાજર, આજે, અજાણ્યું, અંગત, ક્ષમા, કોરું

**પ્રશ્ન – 3 (A) યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય સુંદર અક્ષરોમાં ફરીથી લખો**

1. માતાએ પૂછ્યું બેટા તું શું કરે છે

2.વાહ તમે સુંદર કામ કર્યુ

**(B)આપેલા વિકલ્પોમાંથી સાચો શબ્દો શોધીને લખો .**

(1) નિમણુંક, નિમણૂક, નીમણુક

(2)રિશેષ, રિશેશ, રિસેસ

**પ્રશ્ન – 4 નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી વાર્તાને યોગ્ય શીર્ષક આપો .** (8)

બે સ્ત્રીઓ– બંને વચ્ચે એક બાળક માટે ઝઘડો –એક કહે ‘‘બાળક મારું છે’’, બીજી કહે ‘‘બાળક મારું છે’’ – બીજી સ્ત્રી બાળકના બે ટુકડા કરવા સંમત થઇ –પહેલી સ્ત્રીએ બાળકને જીવતું રાખવા અને બીજી સ્ત્રીને સોંપી દેવા કહ્યું – ન્યાયાધીશે પહેલી સ્ત્રીને બાળક સોંપ્યું–બોધ

**પ્રશ્ન – 5 સૂચના મુજબ ઉત્તર આપો .** (2)

(1)લિંગ ઓળખાવો (કોઈપણ બે)

પુસ્તક, જ્ઞાતિ, ઉજાસ

(2)વચન ઓળખાવો (કોઈપણ બે)

ઘોડા, હીંચકો, આંબો

(3)નીચે આપેલાં વાક્યોમાંથી ‘સર્વનામ’ પદ શોધીને લખો .

(1)મીના, આજે તું વહેલી જાગી ગઇ .

**પ્રશ્ન – 6 પ્રશ્નોના ઉત્તર લખો .**

(1)વોલ્ટર જેવો કોઇ વિદ્યાર્થી તમારા વર્ગમાં દાખલ થાય તો તમે તેની સાથે કેવો વ્યવહાર કરશો **?**

(2)‘બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય’ શા માટે કહ્યું છે **?**

(3)તમે વાલા કેસરિયાની જગ્યાએ હોત તો શું કરત **?**

**:તમારી પ્રગતિ ચકાસો:**

7.પ્રશ્નોના ઉત્તર આપો .

(A) બ્લ્યુપ્રિન્ટ એટલે શું ?

(B) બ્લ્યુપ્રિન્ટમાં કયાં ત્રણ પરિમાણોનો સમાવેશ થાય છે ?

– આટલું કરો:

(1) ધોરણ–1 થી 5ના કોઈપણ વિષયો પસંદ કરી 25–25 ગુણની લેખિત મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓની રચના કરો .

(2)ધોરણ– 3 થી 5નો કોઈપણ એક વિષય પસંદ કરી 40ગુણની બ્લ્યુપ્રિન્ટ અને તે આધારિત લેખિત પ્રશ્નપત્રની રચના કરો.

ઔપચારિક કસોટીઓ અંતર્ગત લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓની રચના વિશે વિગતે સમજયા .આ કસોટીઓ થકી આપણે જુદા–જુદા વિષયોનાં અધ્યયન ક્ષેત્રો અને હેતુઓ સંદર્ભે માપન, પરીક્ષણ અને મૂલ્યાંકન કરી ક્રમશ :શિક્ષણમાં ગુણાત્મક સુધાર કરી શકીએ છીએ .

આ ઉપરાંત આપણે અધ્યેતાઓના વ્યક્તિત્વનાં તથા વર્તનનાં પાસાંઓની પણ મૂલવણી કરવી જોઇએ .કારણ કે, પ્રાથમિક  શિક્ષણ ક્ષેત્રે આપણું મૂળ લક્ષ્ય અધ્યેતાઓનો સર્વાંગી વિકાસ કરવો તે છે .આ માટે અધ્યેતાનાં વ્યક્તિત્ત્વ  તથા વર્તનનાં વિવિધ પાસાંના વિકાસના પુરાવાઓ મેળવવા માટે મૂલ્યાંકનનાં કેટલાંક સાધનો વિશે સમજ મેળવીએ.

- **અનૌપચારિક મૂલ્યાંકનનાં સાધનો –**

(1) **ક્રમમાપદંડ (Rating scale) :**

➢ અર્થ :

- મૂલ્યાંકનનું આ એક અનૌપચારિક સાધન/પ્રયુક્તિ છે. અધ્યેતાના વ્યક્તિત્વનાં તથા વર્તનનાં કેટલાંક બિનવિદ્યાકીય પાસાંને જો ક્રમમાપદંડ દ્વારા મૂલવવામાં આવે તો વધુ વિશ્વસનીય બની રહે છે.
- અધ્યેતા/વ્યક્તિમાં જુદા–જુદા ગુણ કેટલી માત્રા કે પ્રમાણમાં વિકસ્યા છે, તેનું બાહ્ય વ્યક્તિ  દ્વારા અવલોકન કરીને પદ્ધતિસર નોંધ કરવાની પ્રયુક્તિ કે સાધનને ક્રમમાપદંડ કહે છે.
- Where there is an opinion, there is a rating scale. અર્થાત્ અભિપ્રાયોને આંકડામાં ફેરવી આપવાનું સાધન એટલે ક્રમમાપદંડ.
- ક્રમમાપદંડ દ્વારા નીચેના જેવી બાબતોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
  – વ્યક્તિત્વના ગુણો –  અંન્તર્મુખી વ્યક્તિત્વ, બહિર્મુખી વ્યક્તિત્વ, પ્રામાણિકતા, જવાબદારીની સભાનતા, આત્મસૂઝ, આત્મવિશ્વાસ, પ્રેમપૂર્વકનો વ્યવહાર વગેરે...
  –ક્રિયાત્મક કૌશલ્યો – પ્રવૃતિઓ, સાધનો વાપરવાનાં કૌશલ્યો, ગાન કૌશલ્ય, વાતચીતનું કૌશલ્ય, સુંદર હસ્તાક્ષરો વગેરે ....
  –વૈયક્તિક કે સામાજિક અનુકૂલન – પ્રવૃતિ કે અનુકૂલનની બાબતનાં વિવિધ પાસાંઓ.
- ક્રમમાપદંડની રચના –ક્રમમાપદંડ રચવા માટે સૌ પ્રથમ જે ઉદ્દેશોનું મૂલ્યાંકન કરવાનું હોય તેનાં મહત્વનાં લક્ષણો,  મુદ્દાઓ કે વિગતો સ્પષ્ટપણે નક્કી કરવામાં આવે છે. મૂલ્યાંકનના આ મુદ્દાઓને ઊભી હરોળમાં લખવામાં આવે છે અને ઉપલી

આડી હરોળમાં ગુણાત્મક માપ માટેના શબ્દો જેવા કે, ‘ઉત્તમ’, ‘સામાન્ય’ અને ‘સામાન્યથી ઉતરતું’ એમ આગળ–પાછળ ઉમેરવામાં આવે છે. આ પ્રમાણે કોઈ મુદ્દો કે લક્ષણ ત્રણ કે પાંચ બિંદુને ધોરણે(Three or five point scale) મૂલવવામાં આવે છે. જ્યારે કોઈ બાબતના મૂલ્યાંકનને કે રેટિંગને વધુ સુક્ષ્મ બનાવવું હોય ત્યારે પંચબિંદુના બદલે સપ્તબિંદુ, અગિયાર બિંદુવાળો ક્રમમાપદંડ બનાવવામાં આવે છે. અહીં મૂલ્યાંકન માત્ર જે તે ખાનામાં મુદ્દાની સામે ખરા (√) નું નિશાન મૂકી કરવાનું હોય છે. નીચેના ઉદાહરણથી આ બધી વિગતો સ્પષ્ટ સમજાશે.

**: ક્રમમાપદંડનો નમૂનો :**

**:વ્યકિતત્વના ગુણો:**

| **શાળા<br>ધોરણ – 6** | | | | **અધ્યેતા –વર્ષ 2014–15** | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **મૂલ્યાંકનના મુદ્દા** | **શ્રેષ્ઠ** | **સારું** | **મધ્યમ** | **સાધારણ** | **નબળું** |
| **1** | **નિયમિતતા** | | | **√** | | |
| **2** | **વિનયશીલ રીતભાત** | | **√** | | | |
| **3** | **મિલનસાર સ્વભાવ** | **√** | | | | |
| **4** | **પ્રેમપૂર્વકનો વ્યવહાર** | | | **√** | | |
| **5** | **આત્મસૂઝ** | | | **√** | | |
| **6** | **આત્મવિશ્વાસ** | | **√** | | | |
| **7** | **નિર્વ્યસની** | | | **√** | | |

ઉપર દર્શાવ્યા પ્રમાણે પ્રત્યેક અધ્યેતાનું મૂલ્યાંકન અલગ અલગ મૂલ્યાંકનપત્ર પર કરી શકાય .જે વિગતો કે મુદ્દાઓની સામે આપેલા ખાનાઓમાં પરીક્ષકે નિશાની કરી હોય તે નિશાનીઓને ગુણમાં ફેરવી સરવાળો કરવાથી તે લક્ષણનું સંખ્યાત્મક માપ કાઢી શકાય છે . જેમ કે, શ્રેષ્ઠ માટે 5 ગુણ, સારું માટે 4 ગુણ, મધ્યમ માટે 3ગુણ, સાધારણ માટે 2 ગુણ અને નબળું માટે 1 ગુણ .ઉપર દર્શાવેલ ક્રમમાપદંડમાં અધ્યેતાને 25 ગુણ મળે છે વધારેમાં વધારે આ ક્રમમાપદંડના સ્કેલ પ્રમાણે 35 ગુણ મળી શકે .તેથી વ્યક્તિત્વનાં નિર્દેશિત લક્ષણો મુજબ સારું વ્યક્તિત્વ કહી શકાય .આ જ ક્રમમાપદંડને 5 ને બદલે 4થી પણ શરૂ કરી શકાય .એટલે 4,3,2,1 અને 0 અનુક્રમે શ્રેષ્ઠ, સારું,મધ્યમ, સાધારણ અને નબળા માટે આપી શકાય .

સામાન્ય રીતે શાળા કક્ષાએ અધ્યેતાઓના અક્ષરો, મુખવાચન, કાવ્યપઠન, વાતચીતનું કૌશલ્ય, નિબંધ પ્રશ્નોના જવાબોની આંકણી અને બિનવિદ્યાકીય લબ્ધિઓ જેવી કે પ્રામાણિકતા, નિયમિતતા, ખંત–ઉત્સાહ, પદ્ધતિસરનું કાર્ય વગેરેના મૂલ્યાંકનાર્થે આનો ઉપયોગ થાય છે.

➢ **(2) ઓળખયાદી (Check list):**

➢ **અર્થ અને સંકલ્પના :**

- અધ્યેતામાં કોઇ પણ લક્ષણ અસ્તિત્વ ધરાવે છે કે નહીં તે દર્શાવી શકાય છે. અને પછી તેના આધારે અધ્યેતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- ઓળખયાદીમાં અધ્યેતાનાં જે ગુણ કે લક્ષણોનું મૂલ્યાંકન કરવાનું હોય તે બાબતના ગુણ કે લક્ષણોની યાદી બનાવામાં આવે છે. અને જે અધ્યેતાનું મૂલ્યાંકન કરવાનું હોય તે અધ્યેતાએ પોતાને જે લાગુ પડતું હોય એની સામે (√) ની નિશાની કરવાની હોય છે.
- આ સાધન વડે અધ્યેતાનાં રસ, રુચિ વલણ કે વ્યક્તિ ત્વનાં લક્ષણો જાણી શકાય છે.

➢ **ઓળખયાદી (ચેકલિસ્ટ)ની રચના :**

ચેકલિસ્ટમાં જે બાબતનું મૂલ્યાંકન કરવાનું હોય છે તે તેનાં લક્ષણો કે પાસાંઓને મૂલ્યાંકનપત્રકમાં ઉભી હરોળમાં લખવામાં આવે છે. ઉપરની આડી હરોળમાં વ્યક્તિગત અધ્યેતાના નામ કે નંબર લખવામાં આવે છે. દરેક લક્ષણનો દરેક અધ્યેતા દીઠ વિચાર કરવામાં આવે છે અને જે લક્ષણ અધ્યેતામાં હોય તેના ખાનામાં √ નું નિશાન કરવામાં આવે છે. પછી આ ચિહ્નોનો સરવાળો કરી તેના પરથી પૂર્વનિર્ણિત ધોરણ મુજબ પરીક્ષાર્થીને ગુણ આપવામાં આવે છે. આપેલ ઉદાહરણ દ્વારા આ વીગતો સ્પષ્ટ થાય છે.

## ઓળખયાદીનો નમૂનો – 1 (પરકીય)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શાળા – – | | વિદ્યાર્થી | | | | | | | | |
| ધોરણ | | – – વર્ષ – 2014–15 | | | | | | | | |
| ક્રમ | મૂલ્યાંકનના મુદ્દા | અધ્યેતાઓના રોલ નંબર | | | | | | | | |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1 | હાજરીમાં નિયમિતતા | | | | | | | | | |
| 2 | ગ્રુહકાર્યમાં નિયમિતતા | | | | | | | | | |
| 3 | સ્વચ્છ અને સુઘડ પોશાક | | | | | | | | | |
| 4 | પૂછે ત્યારે જ જવાબ આપવાની ટેવ | | | | | | | | | |
| 5 | રમતગમતમાં ઉત્સાહ | | | | | | | | | |
| 6 | મિલનસાર સ્વભાવ | | | | | | | | | |
| 7 | સંગીતમાં રુચિ | | | | | | | | | |

ઓળખયાદીનો નમૂનો – 2 (સ્વમૂલ્યાંકન – સ્વકીય)

**– સૂચના –** નીચે દરેક વિભાગમાં આપેલી યાદીમાંથી તમને જે જે વીગતો લાગુ પડતી હોય તેની સામે (√) ની નિશાની કરો.

* દૂરદર્શન પરથી પ્રસારિત થતા નીચેના કાર્યક્રમો જોવા મને ગમે છે.

| | |
|---|---|
| | ચિત્રહાર |
| | શાસ્ત્રીય સંગીત |
| | વાદ્ય સંગીત |
| | સમાચાર –હિન્દી |
| | સમાચાર – સંસ્કૃત |
| | ફિલ્મ |
| | પર્યાવરણલક્ષી કાર્યક્રમ |
| | વિજ્ઞાન –દર્શન કાર્યક્રમ |
| | નૃત્યનો કાર્યક્રમ |
| | રવિવારની સવારની ગીત મહેફિલ |

ઉપર દર્શાવેલી બંને ઓળખયાદી મૂલ્યાંકનના સાધન તરીકે ઉપયોગી છે વાસ્તવમાં વધુ સારા મૂલ્યાંકન માટે ઓળખયાદીનો સ્વકીય અને પરકીય ઉભય પ્રકારનો ઉપયોગ થવો જોઇએ.

**(૩) અવલોકન :**

➢ અર્થ **:**

- કોઇ વ્યક્તિનું અવલોકન કરવું (To observe ) એટલે શારીરિક બાબતો ઉપરાંત આંતરિક બાબતો સાથે સંકળાયેલાં વર્તનોનો પણ અભ્યાસ કરવો.
- અધ્યેતાના વર્તન અને વ્યક્તિ ત્વ વિશે વધુ માહિતી મેળવવાની પ્રવિધિ/સાધનને અવલોકન કહીશું.
- આ સાધન દ્વારા અધ્યેતાઓની પ્રવૃત્તિઓ, વર્ગવ્યવહાર, સંવેગાત્મક વિકાસ, બૌદ્ધિક પરિપક્વતા અને વિકાસ પરસ્પર અનુકૂલન જેવી બાબતોનું અવલોકન દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.
- અધ્યેતાની પ્રમાણિકતા, નિર્ણયશક્તિ, સહકારની ભાવના, નેતૃત્વશક્તિ વગેરે જે કોઇ મુદ્દા વિશે જાણવાની જરૂર હોય તેને પારખવા માટે અવલોકન કરવાની અનુકૂળ તકો કયા પ્રસંગે મળશે તે વિચારવું જરૂરી છે. એક વખતે માત્ર એક વ્યકિત અને એક જ ગુણનું અવલોકન કરવાનું છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. અવલોકનથી વ્યક્તિને તેના મૂળ સ્વરૂપમાં જોઇ શકાય છે અને સાચી તેમજ આધારભૂત માહિતી મેળવી શકાય છે.

➢ **ઉદાહરણ :**

અહીં આપણે ચોક્કસ પરિસ્થિતિ કે પ્રસંગોને ધ્યાનમાં રાખી અધ્યેતાઓનાં કયાં વર્તનોનું વર્તન લક્ષણ દ્વારા અવલોકન થઇ શકે છે .તેનાં કેટલાંક ઉદાહરણો જોઇએ .

## :વર્તનલક્ષણો, સંબંધિત પ્રસંગો અને અવલોકીય વર્તનોની ઝલક:

| ક્રમ | વર્તનલક્ષણ | પ્રસંગ | અવલોકીય વર્તનો(ઉદાહરણરૂપ) |
|---|---|---|---|
| 1 | જવાબદારી | અધ્યેતાને શિક્ષક દ્વારા કોઇ કાર્યની સોંપણી કરવામાં આવે છે. | ■ કાર્ય સ્વીકારવાનું ટાળે છે.<br>■ કાર્ય સ્વીકારે છે, પણ એ અંગે બેદરકાર રહે છે.<br>■ કાર્ય સ્વીકારી સરસ રીતે પાર પાડે છે. |
| 2 | સર્જનશીલતા | શિક્ષક દ્વારા કોઇ કલાકૃતિ તૈયાર કરવાનું કહેવામાં આવે છે. | ■ કલાકૃતિ તૈયાર કરે છે.<br>■ કલાકૃતિ તૈયાર કરવામાં રસ દાખવે છે અને તન્મય બની જાય છે.<br>■ કલાકૃતિ તૈયાર થયા બાદ તેને આનંદથી માણે છે. |
| 3 | પરિણામની અસર | પરીક્ષામાં ખરાબ રીતે નિષ્ફળ જાય છે. | ■ હિંમત હારી જાય છે, હતાશ બની જાય છે.<br>■ પસ્તાવો કરે છે અને ફરી મહેનત કરવા માટે તૈયાર થાય છે.<br>■ નિષ્ફળતા નફટાઇથી સ્વીકારી લે છે. |
| 4 | અનુકૂલન | નવી શાળામાં દાખલ થનાર અધ્યેતાની સ્થિતિ | ■ શરૂઆતના દિવસોમાં અતડાપણું અનુભવે છે.<br>■ નવા દોસ્તો સાથે સહજતાથી હળીમળી જાય છે.<br>■ કોઇ અધ્યેતાને ગાંઠતો નથી. |
| 5 | સહકાર | શાળાના મેદાનમાં રમતમાં એક અધ્યેતાને વાગી જાય છે અને લોહી નીકળે છે. | ■ અધ્યેતાને મદદ કરતો નથી.<br>■ બીજા અધ્યેતા પ્રત્યે તિરસ્કાર કે અણગમો દર્શાવે છે.<br>■ અધ્યેતાની ગંભીરતાની નોંધ લઇ મદદ કરે છે. |

| | | | |
|---|---|---|---|
| 6 | હેતુ પ્રત્યેની ગંભીરતા | અધ્યેતાની પરીક્ષા નજીક આવે છે. શિક્ષક દ્વારા અભ્યાસની તૈયારી કરવાની સલાહ આપવામાં આવે છે. | ■ પરીક્ષાની ગંભીરતાપૂર્વક નોંધ ના લેતાં બેકાળજી દાખવે છે.<br>■ ભાવિ કારકિર્દીને લક્ષમાં લઇ અભ્યાસમાં મહેનત કરવા લાગી જાય છે.<br>■ ખાસ કોઇ ફેરફાર જોવા મળતો નથી.<br>■ પરીક્ષા આપવા પ્રત્યે અણગમો દર્શાવે છે. |

**(4) સ્વ–મૂલ્યાંકન:**

- અર્થ :
  - અધ્યેતા પોતે જ પોતાનું મૂલ્યાંકન કરે તેવા મૂલ્યાંકનને ‘સ્વ–મૂલ્યાંકન’ કહે છે.
  - સ્વ–મૂલ્યાંકનની તકો નીચે દર્શાવ્યા મુજબ પ્રાપ્ત થઇ શકે :
  - જૂથ ચર્ચા, પ્રૉજેકટકાર્ય દ્વારા
  - પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાય પ્રશ્નો દ્વારા
  - અભિક્રમિત અધ્યયન દ્વારા (અભિક્રમિત એટલે કોઇપણ વિષય–વસ્તુને નાના ભાગમાં  વહેંચણી કરવી.)
  - સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા
  - ચેકલિસ્ટ (ઓળખ યાદી) દ્વારા
  - ક્રમમાપદંડ દ્વારા– પ્રશ્નાવલિ દ્વારા
  - અનાત્મલક્ષી પ્રશ્નો દ્વારા

- **નમૂનો :**

**સ્વ–મૂલ્યાંકન નમૂનોઃ મુખવાચન**

**– શાળા ––––––––––––––––––––––––––––––––**
**– અધ્યેતા ––––––––––––––––––––––––––**
**– ધોરણ ––––––––––––––––––––––––––––––––**
**– વર્ષ ––––––––––––––––––––––––––––––––**

■ નીચે આપેલી પ્રશ્નોતરી યાદીના દરેક વિભાગમાં તમને જે વીગત લાગુ પડતી હોય તેની સામે 'હા' કે 'ના' ખાનામાં √ ની નિશાની કરો.

| ક્રમ | મૂલ્યાંકન પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | ઝડપથી વાચન કરો છો ? ઝડપથી વાચન કરો છો**?** | | |
| 2 | વાંચવામાં સ્વરાઘાત થાય છે ? વાંચવામાં સ્વરઘાત થાય છે**?** | | |
| 3 | ઉચ્ચારશુદ્ધિ બરાબર થાય છે ? ઉચ્ચાર શુદ્ધિ બરાબર થાય છે**?** | | |
| 4 | અટકસ્થાનોનો ખ્યાલ બરાબર રાખો છો ? અટકસ્થાનોનો ખ્યાલ બરાબર રાખો છો**?** | | |
| 5 | આરોહ–અવરોહયુક્ત વાચન કરી શકો છો ? આરોહ– અવરોહયુક્ત વાચન કરી શકો છો**?** | | |
| 6 | વાંચતી વખતે જીભ પકડાય છે ? વાંચતી વખતે જીભ પકડાય છે**?** | | |
| 7 | યોગ્ય અવાજે વાચન કરો છો ? યોગ્ય અવાજે વાચન કરો છો**?** | | |

(5)**મુલાકાત (Interview):**

- **અર્થ** – પ્રેમપૂર્ણ વ્યવહાર દ્વારા વિશ્વાસ સંપાદન કરીને વિચાર–વિનિમય કરવાની આ પ્રક્રિયા છે

- પરસ્પરના વિચાર – વિનિમયના પરિણામે થતું આંતરદર્શન તે મુલાકાત
- જહોન જી ડોર્લના મતાનુસાર – ''મુલાકાત એ હેતુપૂર્ણ વિચારગોષ્ઠિ છે''
- ગુડ એન્ડ હોટના મત મુજબ– ''મુલાકાત એ કોઈક ઉદ્દેશથી કરવામાં આવેલ ગંભીર વાર્તાલાપ છે''
- અધ્યેતાની વિશિષ્ટ શક્તિઓ અને અભિરુચિઓ જાણીને પસંદગી અને આયોજનની સમસ્યા ઉકેલવામાં ખૂબ સરળ અને સુલભ બની શકે.
- અધ્યેતાના વર્તનદોષોની ભૂમિકા સમજવાનું શિક્ષક માટે અનિવાર્ય છે. અધ્યેતાની લાગણીઓ,સ્પંદનાઓ, સંવેદનાઓ અને અધ્યેતાઓને મુલાકાત દ્વારા માનસિક સારવાર આપી અધ્યેતાઓને યોગ્ય દિશામાં વાળવા માટે અને માર્ગાન્તીકરણ (Channelization) માટે મુલાકાત એ ઉત્તમ સારવાર છે.
- અધ્યેતાઓને વ્યક્તિ ગત રૂબરૂ બોલાવી તેમની સામેની છૂટા હૈયાની વાતચીત દ્વારા શિક્ષક તેમનાં રસકેન્દ્રો વિશે અગત્યની માહિતી એકઠી કરી શકે છે. આવી મુલાકાત (Interview) અધ્યેતાના રસનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ છે.

➢ **ઉદાહરણ :**

અધ્યેતા ક્યા વિષયમા વિશેષ રસ ધરાવે છે, કયા વિષયો પ્રત્યે તેને અણગમો છે,કઇ બાબતોમાં શોખવૃત્તિ છે, વાચનાલયમાં તેને કયા પ્રકારનું સાહિત્ય વાંચવું ગમે છે, વર્તમાનપત્રોમાં કેવા લેખો વાંચવા તેને ગમે છે... વગેરે બાબતો અધ્યેતા પાસે તેની મુલાકાત દ્વારા જાણી શિક્ષક અધ્યેતાના રસ વિશે મહત્વનાં અનુમાન કરી શકે છે. મુલાકાતમાં પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી શકે છે. જેમ અધ્યેતાના રસના વિશે આ રીતે જેટલી વધારે માહિતી એકત્ર કરી શકાય તેમ તેના રસનું અનાત્મલક્ષી મૂલ્યાંકન કરી શકાય. મુલાકાત દ્વારા તેની મૂંઝવણ, સમસ્યા, મર્યાદાઓ વગેરે પણ જાણી શકાય છે.

**:તમારી પ્રગતિ ચકાસો:**

8. તફાવતના બે–બે મુદ્દા આપો: .

(A) ક્રમમાપદંડ અને ઓળખયાદી (B) અવલોકન અને સ્વ–મૂલ્યાંકન

9. ટૂંકનોંધ લખો. : શિક્ષણ પ્રક્રિયામાં મુલાકતનું મહત્વ.

## 3.3.4 કસોટીનાં પરિણામોનો અધ્યયન–અધ્યાપનમાં ઉપયોગ:

આપણે વિવિધ કસોટીઓની રચના અને મૂલ્યાંકનનાં કેટલાંક સાધનો વિશેની સમજ પ્રાપ્ત કરી .આપણે સમજીએ છીએ કે આ પ્રકારની કસોટીઓ અને મૂલ્યાંકનનાં સાધનો થકી અધ્યેતાની સિદ્ધિનો ખ્યાલ આવે છે .શિક્ષણપ્રક્રિયામાં અધ્યેતાની સિદ્ધિ ક્રમશઃ જાણી આવશ્યક ઉપચારાત્મક અને સમૃદ્ધિકરણ કાર્યક્રમો યોજી ઉત્કૃષ્ટ પારંગતતા પ્રાપ્ત કરવી એ આપણું લક્ષ્ય છે .આ માટે સમયાંતરે લેવાતી કસોટીનાં પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન કરતાં આવડવું જરૂરી છે .

પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન 'પરિણામ પૃથક્કરણપત્રક' અને 'પારંગતતાની જુદી–જુદી કક્ષાઓ' દ્વારા જાણી શકાય છે .આ અંગેની સમજ મેળવવા આપેલ વીગતનો અભ્યાસ કરો .

### (1)પરિણામ પૃથક્કરણપત્રક:

કોઇ એક વિષયની કસોટી લઇ તે કસોટીમાં સમાવિષ્ટ હેતુઓના સંદર્ભમાં મેળવેલ ગુણનું પૃથક્કરણ અને અર્થઘટન પૃથક્કરણપત્રક થકી થઇ શકે છે .આ માટે આપેલ પૃથક્કરણપત્રકના નમૂનાનો અભ્યાસ કરો .

# પરિણામ પૃથક્કરણપત્રક સત્રાંત પરીક્ષા :લેખિત

શાળાનું નામઃ ધોરણ – 5

પરીક્ષાર્થી સંખ્યાઃ વિષય – ગુજરાતી બીજું સત્ર કુલ ગુણ – 40

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્ન ક્રમાંક | 1 | | 2 | | 3 | | 4 | | 5 | | 6 | | મેળવેલ કુલ ગુણ | સિદ્ધ થયેલ હેતુઓની સંખ્યા | સિદ્ધ ન થયેલ હેતુઓની સંખ્યા |
| | હેતુ | વાર્તા કાવ્યો, વર્ણનો સાંભળે અને સમજે | | શબ્દો જાણે અને જોડણીકોશનો ઉપયોગ સમજે | | વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે અનુલેખન કરે. | | મુદ્દા પરથી વાર્તાનું લેખન કરે. | | લિંગ,વચન અને સર્વનામનો ઉપયોગ | | વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધ તારવી જવાબ આપે. | | | | |
| | ગુણ | ૧૦ | | ૦૬ | | ૦૪ | | ૦૮ | | ૦૬ | | ૦૬ | | ૪૦ | | |
| ક્રમ | અધ્યેતાઓનાં નામ | ગુણ | હેતુ સિદ્ધિ | ગુણ | હેતુ સિદ્ધિ | ગુણ | હેતુ સિદ્ધિ | ગુણ | હેતુ સિદ્ધિ | ગુણ | હેતુ સિદ્ધિ | ગુણ | હેતુ સિદ્ધિ | | | |
| 1 | ભાર્ગવ | 8 | √ | 2 | × | 4 | √ | 6 | √ | 2 | × | 2 | × | 24 | 3 | 3 |
| 2 | જિતેન્દ્ર | 9 | √ | 6 | √ | 1 | √ | 2 | × | 3 | √ | 5 | √ | 26 | 4 | 2 |
| 3 | હેમંત | 4 | × | 5 | √ | 4 | √ | 3 | × | 3 | √ | 1 | × | 20 | 3 | 3 |
| 4 | કશ્યપ | 3 | × | 4 | √ | 3 | √ | 1 | × | 1 | × | 2 | × | 14 | 2 | 4 |
| 5 | નયના | 4 | × | 4 | √ | 3 | √ | 3 | × | 4 | √ | 3 | √ | 21 | 4 | 2 |
| 6 | ગાયત્રી | 6 | √ | 2 | × | 4 | √ | 3 | × | 5 | √ | 2 | × | 22 | 3 | 3 |
| 7 | અવનિ | 7 | √ | 2 | × | 2 | √ | 2 | × | 4 | √ | 1 | × | 18 | 3 | 3 |
| 8 | ધવલ | 5 | √ | 4 | √ | 1 | × | 4 | √ | 5 | √ | 0 | × | 19 | 4 | 2 |
| 9 | દર્શન | 6 | √ | 4 | √ | 3 | √ | 5 | √ | 2 | × | 3 | √ | 23 | 5 | 1 |
| 10 | આનંદ | 8 | √ | 2 | × | 3 | √ | 1 | × | 2 | × | 4 | √ | 20 | 3 | 3 |
| ■ હેતુ સિદ્ધ કરેલ અધ્યેતા સંખ્યા | | **7** | | **6** | | **8** | | **3** | | 6 | | **4** | | | | |
| ■ હેતુ સિદ્ધ કરેલ અધ્યેતા સંખ્યા (%) | | **70%** | | **60%** | | **80%** | | **30%** | | **60%** | | **40%** | | | | |
| ■ ઉપચારાત્મક શિક્ષણપાત્ર હેતુઓ | | | | | | | | ઉ. | | | | ઉ | | | | |

- હેતુ સિદ્ધિનું ધોરણ : 50×50 જે હેતુમાં અધ્યેતાએ નક્કી કરેલ સિદ્ધિ આંક કે તે કરતાં વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તે હેતુ સિદ્ધ થયેલ છે તેમ માનવું.
- આવા વર્ગ માટે નક્કી કરેલ 50% ધોરણ કરતાં ઓછી સંખ્યાના અધ્યેતાઓએ સિદ્ધ કરેલ હેતુઓ : મુદ્દા પરથી વાર્તા લેખન અને વાંચેલી સામગ્રીમાંથી કાર્યકરણ સંબંધ તારવી જવાબ આપે.

શાળાનો સિક્કો | આચાર્યની સહી | વર્ગ શિક્ષકની સહી

**પરિણામ પૃથક્કરણપત્રકનું સ્વરૂપ :**

પરિણામ પૃથકકરણપત્રકના નમૂનાનો અભ્યાસ કરતા સમજાય છે કે–

- મથાળે શાળાનું નામ, ધોરણ, વિષય, કસોટી પ્રકાર, પરીક્ષાર્થી સંખ્યા જેવી માહિતી દર્શાવેલ છે.
- વર્ગના તમામ અધ્યેતાઓનાં નામ ક્રમાનુસાર લખવામાં આવેલ છે.
- પ્રથમ હરોળમાં પ્રશ્ન ક્રમાંક, નીચેની બીજી હરોળમાં હેતુ અને તેની નીચે જે તે પ્રશ્નના કુલ ગુણ દર્શાવેલ છે.
- કસોટીમાં પુછાયેલા જે તે પ્રશ્નના કુલ ગુણના સંદર્ભના નિયત પારંગતતાના સ્તર મુજબ હેતુ સિદ્ધિના ગુણ નકકી થાય છે. ધારો કે, પ્રશ્નના ગુણ 8 છે અને પારંગતતાનો સ્તર 50% હોય તો જે કોઈ આ પ્રશ્નમાં 4 કે તેથી વધુ ગુણ મેળવે તો તેણે હેતુસિદ્ધિ કરી ગણાય. 4 થી ઓછા ગુણ મેળવનારે હેતુસિદ્ધિ કરી ન ગણાય. એ જ રીતે જો પારંગતતાનો સ્તર 75 % હોય તો 8 માંથી 6 કે તેથી વધુ ગુણ મેળવનારે હેતુસિદ્ધિ કરી ગણાય. અહીં આપેલ નમૂનામાં 50% પારંગતતાના સ્તરના સંદર્ભમાં માહિતી બતાવેલ છે.
- 50% પારંગતતાના સ્તરે હેતુસિદ્ધિ થયેલ છે. ત્યાં મેળવેલ ગુણની પાસેના ખાનામાં √ ની નિશાની કરેલ છે. અને હેતુસિદ્ધિ ન હોય તો × ની નિશાની કરેલ છે.
- પ્રત્યેક પ્રશ્ન માટે વર્ગના દરેક અધ્યેતાની હેતુસિદ્ધિની નોંધ કરેલ છે.
- નીચે છેલ્લી ત્રણ હરોળમાં પ્રત્યેક હેતુવાર હેતુ સિદ્ધ કરનાર અધ્યેતાઓની સંખ્યા, હેતુ સિદ્ધ કરનાર અધ્યેતાઓના ટકા અને જો તે હેતુ વર્ગના 50% કે તેથી વધુ અધ્યેતાઓ સિદ્ધ કરી શકયા ન હોય તો ત્યાં ઉપચારાત્મક શિક્ષણપાત્ર હેતુ બને એટલે ત્યાં 'ઉ' લખવામાં આવેલ છે.
- કસોટીમાં પુછાયેલા દરેક પ્રશ્નના ગુણ લખાઈ રહ્યા પછી કુલ ગુણના ખાનામાં દરેક પ્રશ્નમાં મેળવેલ ગુણનો સરવાળો કરેલ છે. ત્યાં છેલ્લી ઉભી બે કોલમમાં જે તે અધ્યેતાએ સિદ્ધ કરેલ અને સિદ્ધ ન કરેલ હેતુઓની સંખ્યા લખેલ છે.
- આ પત્રકને આડું જોતાં અધ્યેતા દીઠ વ્યક્તિ ગત હેતુસિદ્ધિનું ચિત્ર સ્પષ્ટ થાય છે. અને આ પત્રક ઉભું જોતાં સમગ્ર વર્ગની જે – તે હેતુમાંની સિદ્ધિ જાણી જાય છે.

**પરિણામ પૃથક્કરણ પત્રકનો ઉપયોગ :**

- પરિણામ પૃથક્કરણપત્રકની મદદથી શિક્ષણ પ્રક્રિયાને ઉપયોગી એવી ઘણી બાબતો તારવી શકાય છે જે તેના મહત્વને સ્પષ્ટ કરે છે.
- અધ્યેતાની વ્યક્તિ ગત શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાય છે.
- સમગ્ર વર્ગની શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાય છે.
- જુદા–જુદા હેતુઓમાં કેટલી સિદ્ધિ મેળવેલ છે તે જાણી શકાય છે.
- કયાં હેતુઓમાં અપેક્ષિત સિદ્ધિ મેળવી છે અને કયા હેતુઓમાં અપેક્ષિત સિદ્ધિ મેળવેલ નથી તે જાણી શકાય છે.

- અધ્યેતા માટે અને સમગ્ર વર્ગ માટે કયા હેતુઓમાં ઉપચારાત્મક કાર્યની જરૂરિયાત રહેશે તે સ્પષ્ટ થાય છે.
- વર્તમાન મૂલ્યાંકનપ્રણાલીમાં શાળા કક્ષાએ જે–તે વિષયોના એકમમાં સમાવિષ્ટ હેતુઓ/અધ્યયન નિષ્પત્તિઓ સંદર્ભે શિક્ષક અનૌપચારિક મૂલ્યાંકન સતત કરતા રહે છે. આ માટે તે અનૌપચારિક માપન પરીક્ષણ કરી અધ્યેતાની સિદ્ધિ કક્ષાને મૂલવતા હોય છે. આ માટે તેની સિદ્ધિને મૂલવવા (X), (?), કે (√) ની નિશાની કરીને મૂલવવામાં આવે છે. આ અંગેની વિગતવાર સમજ પ્રકરણ ૪માં રચનાત્મક મૂલ્યાંકન અંતર્ગત પત્રકમાં આપવામાં આવેલ છે. જેનો અભ્યાસ કરવો.

## (2) પારંગતતાની કક્ષાઓ :

અધ્યેતાએ કોઈપણ હેતુ, કૌશલ્ય કે આવડત અંગે પ્રાપ્ત કરેલ સિદ્ધિ પ્રભુત્વની કક્ષાએ હોવી તે પારંગતતા કહેવાય .પારંગતતા માટે પ્રભુત્વ, પાવરધાપણું, નિપુણતા, કુશળતા, પ્રાવીણ્ય, Mastery જેવા શબ્દો પણ પ્રયોજાય છે.

હેતુસિદ્ધિના પરિણામને સિદ્ધિસ્તર કે પારંગતતાની કક્ષા કહે છે .સામાન્ય રીતે અધ્યેતા કોઇપણ કસોટીમાં તુલનાત્મક રીતે કઇ કક્ષાએ આવેલો છે તે જાણવું જરૂરી થઇ પડે છે .અધ્યેતાના સિદ્ધિ સ્તરની તેના સહાધ્યાયી બીજા અધ્યેતાઓની સિદ્ધિ સાથે સરખામણી કરતાં તેની પારંગતતાની કક્ષા નકકી થાય છે .

પરીક્ષાનું પરિણામ આવતાં – શું પરિણામ આવ્યું ? , કયો નંબર આવ્યો ?, કેટલા ટકા આવ્યા ?, કયો વર્ગ આવ્યો ? જેવા પ્રશ્નો પુછાતા હોય છે .આ પ્રશ્નો પારંગતતાની કક્ષા જાણવા માટેના છે .તેના જવાબ જે તે અધ્યેતાની પારંગતતાની કક્ષા નકકી કરી આપે છે.

પારંગતતાની કક્ષાઓ નક્કી કરવાની રીતો આ મુજબની છે:

(1) ગુણાંકન પદ્ધતિ (Marking System)

(2) ક્રમાંકન પદ્ધતિ (Numering System)

(3) કક્ષા નિર્ધારણ પદ્ધતિ (Grade System )

(4) ગુણાત્મક પદ્ધતિ (Qualitative System)

આ દરેક કક્ષા વિશે સમજીએ .

### (1) ગુણાંકન પદ્ધતિ (Marking System)

કસોટીમાં કુલ ગુણ અને તેમાંથી મેળવેલ ગુણ આપવામાં આવે છે અથવા પરિણામની 100 એ ગણતરી કરી ટકાવારીમાં દર્શાવાય છે .આ પ્રકારની પદ્ધતિને ગુણાંકન પદ્ધતિ કહે છે.

(2) **ક્રમાંકન પદ્ધતિ (Numering System)**

કસોટીમાં મેળવેલ ગુણને આધારે વર્ગમાં સ્થાન દર્શાવતો ક્રમાંક આપાય છે .સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને પહેલો અને ત્યારપછી ક્રમશઃ ગુણ મુજબ બીજો, ત્રીજો, ચોથો એમ ક્રમ અપાય છે .

- **પ્રતિશતક્રમાંક (percentile rank) :**

**અર્થઃ**

ઉદાહરણ તરીકે ભાર્ગવને અંગ્રેજીમાં 60 પ્રાપ્તાંક, વિજ્ઞાનમાં 70 પ્રાપ્તાંક અને ગણિતમાં 80 પ્રાપ્તાંક હોય ત્યારે આ પ્રાપ્તાંકો ઉપરથી ભાર્ગવ ગણિતમાં સૌથી હોશિયાર છે અને અંગ્રેજીમાં નબળો છે એવું અનુમાન કરવું ભૂલભરેલુ છે .એમ પણ બને કે અંગ્રેજીમાં વધુમાં વધુ પ્રાપ્તાંક 60 અપાયેલા હોય, વિજ્ઞાનમાં સૌથી વધુ (ઊંચા) પ્રાપ્તાંક 90 અને ગણિતમાં 100 હોય .આ રીતે જોતાં ભાર્ગવ અંગ્રેજીમાં વધુ હોશિયાર ગણાય, કોઈપણ વિષયમાં આખા વર્ગના મળેલા પ્રાપ્તાંકોના સંદર્ભમાં ભાર્ગવનું સાપેક્ષ સ્થાન કે તેનો સાપેક્ષ ક્રમ જાણી શકીએ તો જ તેની પ્રગતિનું સાચું નિરુપણ થાય.

પ્રાપ્તાંક વિસ્તરણમાં દરેક મૂળ પ્રાપ્તાંક કે કાચા પ્રાપ્તાંકનું સ્થાન કે ક્રમ સૂચવે તેવા અન્ય પ્રાપ્તાંકમાં કાચા પ્રાપ્તાંકનું રૂપાંતર કરવાની કોઇ પ્રયુક્તિની આવશ્યકતા આથી ઊભી થાય છે .પ્રાપ્તાંકો પરથી ક્રમાંક આપવાની રીત પ્રચલિત છે .આનો આધાર પ્રાપ્તાંકોની કુલ સંખ્યા પર રહે છે .40 વ્યક્તિઓમાં 25મો ક્રમાંક અને 200માં 25મો ક્રમાંક, એ બન્નેના અર્થ એક જ નથી .વ્યક્તિજૂથના કેટલા ટકાથી ચઢિયાતી છે તે જાણવાથી ક્ષતિ નિવારી શકાય છે.

કોઈપણ ચલ, લક્ષણ કે ગુણોને અનુલક્ષીને આપણે વ્યક્તિ કે વસ્તુને .....1,2,3,4 વગેરે ક્રમાંક આપીએ છીએ .ધારો કે, વકતૃત્વસ્પર્ધામાં 15 પ્રતિસ્પર્ધીઓને 1 થી 15 ક્રમાંક આપવામાં આવ્યા છે . આમાં જે વ્યક્તિનો ક્રમાંક 1 હોય તે સર્વશ્રેષ્ઠ છે .જેમ ક્રમાંક વધતો જાય તેમ વ્યક્તિની કક્ષા ઊતરતી જાય છે .આઠમા ધોરણના 100 વિદ્યાર્થીઓમાં ભાર્ગવનો ક્રમાંક 10 છે .તેનો અર્થ થાય કે ભાર્ગવ 90 વિદ્યાર્થીઓ કરતાં ચઢિયાતો છે, પરંતુ ભાર્ગવનો પ્રતિશત ક્રમાંક 10 છે .એમ કહીએ તો તેનો અર્થ એ છે કે તે ફક્ત 10 ટકા વિદ્યાર્થીઓ કરતાં ચઢિયાતો છે .તેથી તુલના માટે સાદા ક્રમાંકને પ્રતિશત ક્રમાંક્માં ફેરવવા જોઇએ .ક્રમાંક કરતા પ્રતિશત ક્રમાંકનું મહત્વ વધુ છે.

**પ્રતિશત ક્રમાંક શોધવો:**

સાદા ક્રમાંકનુ પ્રતિશત ક્રમાંકમાં રૂપાંતર કરવાનું સૂત્ર આ મુજબ છે.

$$PR = 100 - \frac{(100R-50)}{N}$$

જેમાં PR = પ્રતિશત ક્રમાંક, R=સાદો ક્રમાંક, N=કુલ સંખ્યા

ઉદાહરણ:

વક્તૃત્વ સ્પર્ધામાં 15 વિદ્યાર્થીઓમાં જિતેન્દ્રનો ક્રમાંક 3 છે, તો તેનો પ્રતિશત ક્રમાંક શોધો.

$$PR = 100 - \frac{(100R-50)}{N}$$

$$= 100 - \frac{(10023-50)}{15}$$

$$= \frac{100 - 250}{15}$$

$$= 100 - 16.67$$

$$= \mathbf{83.33}$$

જિતેન્દ્રનો પ્રતિશત ક્રમાંક **83.33** છે .આનો અર્થ એ થાય કે વક્તૃત્વ સ્પર્ધામાં **83.33** % પ્રતિસ્પર્ધીઓ કરતાં જિતેન્દ્ર ચઢિયાતો છે.

(3)**કક્ષા નિર્ધારણ પદ્ધતિ ( Grade System )**

કક્ષા નિર્ધારણ પદ્ધતિ અર્થાત્ Grade System એ બાળકોએ જુદાં–જુદાં ધોરણોના વિવિધ વિષયોમાં મેળવેલ સિદ્ધિને સાંકેતિક સ્વરૂપે દર્શાવવાની પદ્ધતિ છે .આનો અર્થ એ થયો કે અધ્યેતાની સિદ્ધિને ગુણના સ્વરૂપમાં દર્શાવવાને બદલે ગ્રેડ દ્વારા દર્શાવવાની પદ્ધતિ એટલે ગ્રેડ પદ્ધતિ .સમાન્ય રીતે ગ્રેડ" .A"," B"," C", જેવા સંકેતોમાં દર્શાવવામાં આવે છે .અહીં અધ્યેતાએ કયા ધોરણના કયા વિષયમાં કેટલા ટકા મેળવ્યા છે તેમ કહેવાને બદલે કયો ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તેને ધ્યાનમાં લેવામાં આવે છે .ગુણ આધારિત મૂલ્યાંકનમાં અધ્યેતા પ્રાપ્ત કરેલ સિદ્ધિની ટકાવારી શૂન્યથી લઇને સો ટકા સુધીની વ્યાપકતા ધરાવે છે .ગ્રેડ એ ત્રિબિંદુ, પંચબિંદુ, સપ્તબિંદુ કે નવબિંદુ સુધી સીમિત સ્વરૂપે દર્શાવાય છે . દા.ત., જો ત્રિબિંદુમાં ગ્રેડ આપવા હોય તો" A","B","C", એમ આપી શકાય અને પંચબિંદુ ગ્રેડમાં આપવા હોય તો 'A+','A','B+','B' અને 'C' એમ આપી શકાય .આ જ રીતે અન્ય કોઇ સંકેતો પણ આપી શકાય .

ગ્રેડ આપવાની પદ્ધતિને આધારે તેના બે પ્રકાર છે: (1) પ્રત્યક્ષ ગ્રેડિંગ અને (2) પરોક્ષ ગ્રેડિંગ

પ્રત્યક્ષ ગ્રેડિંગમાં શિક્ષક દ્વારા અધ્યેતાની સિદ્ધિનું સતત અને સર્વગ્રાહી અવલોકન કરી તટસ્થ રીતે સીધો જ ગ્રેડ આપવામાં આવે છે .આમાં કોઇ કક્ષાએ ગુણ આપવામાં આવતા જ નથી .

જ્યારે પરોક્ષ ગ્રેડિંગમાં અધ્યેતાની સિદ્ધિનું ગુણમાંથી ગ્રેડમાં રૂપાંતર કરવામાં આવે છે .આ પ્રકારના ગ્રેડિંગમાં કુલ ગુણને ત્રિબિંદુ, પંચબિંદુ, સપ્તબિન્દુ વગેરે આધારિત ક્રમશઃ ત્રણ, પાંચ, સાત વગેરે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. અહીં અધ્યેતાઓએ મેળવેલા ગુણનો સમાવેશ જે વિભાગમાં દર્શાવેલ ગુણની શ્રેણીમાં થતો હોય તે વિભાગ માટે નક્કી કરેલો ગ્રેડ આપવામાં આવે છે .અહીં અધ્યેતાને સીધો જ ગ્રેડ અપાતો નથી .

ગુજરાતમાં હાલમાં ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં છે .આ અંગેનાં વિગતવાર પત્રકો અંગેની માહિતી પ્રકરણ–૪ માં આપેલી છે .

(4)**ગુણાત્મક પદ્ધતિ ( Qualitative System):**

પરિણામનું ત્રિબિંદુ,પંચબિંદુ, સપ્તબિંદુ વગેરેનું શાબ્દિક વર્ણન કરવામાં આવે છે .ઉદાહરણ તરીકે ત્રિબિંદુમાં સારું, મધ્યમ, નબળું અને પંચબિંદુમાં શ્રેષ્ઠ, સારું, મધ્યમ, સાધારણ, નબળું જેવા શબ્દોનો ઉપયોગ થાય છે .

- **સંગૃહિત પ્રગતિપત્રક (Student Profile):**

અધ્યેતા ધોરણ– 1થી પ્રવેશ મેળવી ક્રમશઃ ધોરણ–8 સુધી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે છે. આ ગાળા દરમિયાન વ્યક્તિત્વમાં, વિષય આધારિત જ્ઞાનમાં, સામાજિક અનુકૂલનમાં, સર્વાંગિક વિકાસમાં અને શારીરિક વિકાસમાં બદલાવ આવતો રહે છે. આ દરેક તબકકાના બદલાવની નોંધ જે પત્રકમાં કરવામાં આવે છે તેને 'સંગ્રહિત પ્રગતિપત્રક' કહે છે.

આ પત્રકને આધારે શિક્ષકને કયા વર્ગમાં અધ્યેતાનો વિકાસક્રમ કેવો છે તેમજ વિષયોના સંદર્ભમાં તેનું જ્ઞાન કેવું છે, તેની જાણકારી મળે છે. તેને આધારે આગળના વર્ગ માટેના અધ્યેતાના વિષયો માટેનું આયોજન નકકી કરી શકે છે.

(સંગૃહિત પ્રગતિપત્રકના પરિરૂપ વિશેની વિગત એકમ–૪ માં આપવામાં આવેલી છે .તેનો અભ્યાસ કરો)

**:તમારી પ્રગતિ ચકાસો:**

10. ટૂંકનોંધ લખો : પરિણામ પૃથક્કરણ પત્રક

11. સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની જમણી બાજુએ આપેલ ☐ માં ક્રમ લખો

(1) વર્ગમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને પહેલું, બીજું, ત્રીજું... સ્થાન આપવાની પદ્ધતિને કઇ પદ્ધતિ કહે છે .? ☐

(a) ગુણાંકન પદ્ધતિ

(b) ક્રમાંકન પદ્ધતિ

(c) કક્ષા નિર્ધારણ પદ્ધતિ

(2) કઇ પદ્ધતિમાં પરિણામનું ત્રિ–બિંદુ, પંચબિંદુ, સપ્તબિંદુ વગેરેનું શાબ્દિક વર્ણન કરવામાં આવે છે .? ☐

(a) ગુણાત્મક પદ્ધતિ

(b) કક્ષા નિર્ધારણ પદ્ધતિ

(c) ક્રમાંકન પદ્ધતિ

## 3.4 સારાંશ

- લેખિત સ્વરૂપની કસોટીઓમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના પ્રશ્નોની રચના કરવામાં આવે છે. જેમાં નિબંધ પ્રકારના, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- જે પ્રશ્નોના ઉત્તર અધ્યેતાએ સ્વતંત્ર રીતે અને સવિસ્તાર આપવાના હોય તેવા પ્રશ્નોને નિંબધ પ્રકારના પ્રશ્નો કહે છે જે પ્રશ્નોના જવાબ એક–બે વાક્યથી માંડીને છ–સાત લીટીઓમાં આવતા હોય તેવા પ્રશ્નોને ટૂંકજવાબી પ્રશ્નો કહે છે, જ્યારે ચોક્કસ ઉત્તર સૂચવતા પ્રશ્નોને વસ્તુલક્ષી પ્રશ્નો કહે છે.
- પ્રક્રિયાના સંદર્ભમાં કસોટીના બે પ્રકાર છે. (1) ઔપચારિક કસોટી અને અનૌપચરિક કસોટી. ઔપચારિક કસોટીઓમાં લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓનો સમાવેશ થાય છે. જ્યારે અધ્યેતાઓના વ્યક્તિ ત્વનાં તથા વર્તનનાં વિવિધ પાસાંના વિકાસના પુરાવાઓ મેળવવા માટે ક્રમમાપદંડ,ઓળખયાદી, અવલોકન, સ્વ–મૂલ્યાંકન, મુલાકાત જેવાં સાધનોનો ઉપયોગ થાય છે.
- હેતુઓની સિદ્ધિ ચકાસણી માટે પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ અધ્યેતાઓએ લખીને આપવાના હોય તેવી કસોટી લેખિત કસોટી છે. હેતુસિદ્ધિ  જાણવા પુછાયેલા પ્રશ્નોના જવાબ અધ્યેતાઓએ મૌખિક રીતે (બોલીને) આપવા પડે તેવી કસોટીને મૌખિક કસોટી કહે છે. જ્યારે હેતુસિદ્ધિની ચકાસણી કરવા માટે અધ્યેતાએ ક્રિયા કે પ્રવૃત્તિ કરીને ઉત્તર આપવા પડે તેવી કસોટીને ક્રિયાત્મક કસોટી કહે છે.
- આદર્શ પ્રશ્નપત્રની રચના માટે તૈયાર કરવામાં આવતું ત્રિ–પરિમાણદર્શક કોષ્ટક એટલે બ્લ્યુ પ્રિન્ટ. સમયાંતરે લેવાતી કસોટીઓનાં પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન પરિણામ પૃથક્કરણપત્રક થકી થઇ શકે છે.
- પારંગતતાની કક્ષાઓ નકકી કરવાની રીતો (1) ગુણાંકન પદ્ધતિ (2) ક્રમાંકન પદ્ધતિ (3) કક્ષા નિર્ધારણ પદ્ધતિ અને (4) ગુણાત્મક પદ્ધતિ છે.

## 3.5 સ્વાધ્યાય:

**પ્રશ્ન – 1નીચે જણાવેલ પ્રશ્નો વાંચો અને તે કયા પ્રકારના પ્રશ્નો છે તે જણાવો .**

(1) નગરપાલિકાનાં કોઇપણ બે કાર્યો જણાવો .

(2) ‘મારી પ્રિય રમત’ વિશે નિબંધ લખો .

(3) √64 : 8  : : √121.............................. :

(4) નીચે આપેલી સંખ્યાઓમાંથી કઇ સંખ્યા વિભાજ્ય સંખ્યા છે.?

(a)1 (b) 2 (c) 3 (d) 4

(5)શબ્દકોશ ક્રમમાં ગોઠવો .

રામ, ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન, સીતા, જનક, દશરથ

(6)રેલવેના બે પાટા વચ્ચે જગ્યા શા માટે રાખવામાં આવે છે .?

**પ્રશ્ન – 2 એક વાક્યમાં ઉત્તર આપો .**

(1)પ્રક્રિયાના સંદર્ભમાં કસોટીના પ્રકાર કયા–કયા છે ?

(2)કોઈપણ હેતુને સમજવા માટે તે હેતુમાં રહેલી કઇ બે બાબતોની સમજ મેળવવી જરૂરી છે?

(3)ક્રમમાપદંડ એટલે શું ?

(4)ઓળખયાદી એટલે શું ?

(5)ઉપચારાત્મક શિક્ષણપાત્ર હેતુ એટલે શું ?

**પ્રશ્ન – 3 સૂચના મુજબ ઉત્તર અપો .**

(1) તફાવત આપો : પ્રત્યક્ષ ગ્રેડિંગ અને પરોક્ષ ગ્રેડિંગ

(2) ટૂકનોંધ લખો: .

(1) સંગૃહિત પ્રગતિ પત્રક

(2)લેખિત કસોટીનાં લક્ષણો

(3) ક્રમમાપદંડ

(4) ઓળખયાદી

(3) મૌખિક કસોટીનાં લક્ષણો જણાવો .

(4) પરિણામ પૃથક્કરણપત્રકની ઉપયોગિતા જણાવો

(5) પરિણામ પૃથક્કરણપત્રકમાં કઇ–કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

(6)અધ્યેતાના વ્યક્તિ ત્વ અને વર્તનનાં પાસાંની મૂલવણીમાં અવલોકનનું મહત્વ સ્પષ્ટ કરો .

(7)ગીતગાન સ્પર્ધાના 20 વિદ્યાર્થીઓમાં અવનીનો ક્રમાંક 6 છે, તો તેનો પ્રતિશતક્રમાંક શોધો અને તેનુ અર્થઘટન કરો .

**પ્રશ્ન – 4 વિસ્તૃત ઉત્તર આપો:**

(1) પ્રશ્નરચનાનાં સોપાન જણાવી સમજાવો .

(2) પ્રશ્નરચના કરતી વખતે તમે કઇ–કઇ બાબતો ધ્યાનમાં રાખશો ?

(3) આદર્શ કસોટીની રચના કરતી વખતે શિક્ષક તરીકે તમે કઇ–કઇ બાબતો ધ્યાનમાં રાખશો ?

(4)અધ્યેતાના વ્યક્તિત્વ અને વર્તનનાં પાસાંઓની મૂલવણી કરવા માટેના મૂલ્યાંકનનાં સાધનો જણાવી કોઇ એક વિશે સવિસ્તાર સમજ આપો.

(5)પારંગતતાની કક્ષાઓ જણાવી દરેક વિશે ટૂંકમાં સમજ આપો .

(6)પ્રતિશતક્રમાંક એટલે શું ? ઉદાહરણ સહ સમજાવો.

## 3.6 સંદર્ભ સૂચિ:


**પુસ્તકો:**

1.જોશી જે.બી., દિપુબા દેવડા, 'શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન' વારિષેણ પ્રકાશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 2004

2.પરમાર આર.ડી ., ગજેન્દ્રભાઇ જોશી તથા અન્ય 'શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન', )પ્રથમ વર્ષ) પાઠયપુસ્તક મંડળ,ગાંધીનગર પ્રથમ આવૃત્તિ, 2008

3.જોશી ગજેન્દ્રભાઇ, આર.ડી.પરમાર, 'શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન (બીજું વર્ષ)', પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 2009

**સામયિક:**

1.રાજગોર બી.એન.(તંત્રી), 'જીવન શિક્ષણ', જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર, સપ્ટેમ્બર–2013

2.રાજગોર બી.એન.(તંત્રી), 'જીવન શિક્ષણ', જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર, ઓક્ટોબર–2013

# એકમ–4 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (સતત અને સર્વગ્રાહી

**4.1 પ્રસ્તાવના (Inrtoduction)**

**4.2 ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes)**

**4.3 વિષયવસ્તુ (Content)**

4.3.1 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન : સંકલ્પના

4.3.2 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ

4.3.3 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યક્તા

4.3.4 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રવર્તમાન નીતિઓ

4.3.5 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની લાક્ષણિકતાઓ

**4.4સારાંશ**

**4.5સ્વાધ્યાય**

**4.6 સંદર્ભ સૂચિ**

## 4.1 પ્રસ્તાવના:

જ્ઞાનનો નવો યુગ શરૂ થયો છે .તેની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને રોજબરોજની શિક્ષણ – પ્રશિક્ષણની પ્રવિધિઓમાં કેટલાક ફેરફારો થયા છે .જેવા કે, વૈયક્તિક અને સામૂહિક પ્રૉજેક્ટ, કેસ સ્ટડી, ક્વિઝ, અન્વેષણ પદ્ધતિઓ, પ્રશ્ન ઘડતર પ્રવૃત્તિઓ, ચર્ચા, સભાઓ, વિવિધ પ્રકારની સ્પર્ધાઓ, વૈજ્ઞાનિક અને અન્ય પ્રયોગો, નાટ્ય પ્રયોગો, દૈનિક અખબારો અને સામયિકોનો ઉપયોગ ઈન્ટરનેટ અને વિકિપીડિયાનો ઉપયોગ, e–readers જેવાં અન્ય ઇલેક્ટ્રોનિક સંસાધનોનો ઉપયોગ, વિશ્વકોશ અને બાલવિશ્વકોશ જેવા સંદર્ભગ્રંથોનો ઉપયોગ, નાના રિપોર્ટ વગેરે બનાવીને વર્ગમાં ચર્ચા માટે રજૂ કરવાની પ્રવૃત્તિઓ વગેરે.આ બાબતોને નિયમિત રીતે અપનાવીને અધ્યેતાઓને જીવનભર ઉપયોગી થાય તેવી શિક્ષણ અને મૂલ્યાંકનની નવી શક્તિઓથી અધ્યેતાઓને સજ્જ કરવા પડશે . શાળાશિક્ષણ દરમિયાન આવી Active and Dynamic પ્રવિધિઓ તથા પ્રવૃત્તિઓ દ્વારા અધ્યેતાઓના જ્ઞાનાત્મક, સર્જનાત્મક, ભાવાત્મક, મૂલ્યાત્મક તેમજ કૌશલ્યાત્મક વિકાસનું રચનાત્મક મૂલ્યાંકન પણ સમયે–સમયે કરતા રહેવું પડશે .

મૂલ્યાંકન અધ્યેતાની કેળવણી વિષયક પ્રગતિના પુરાવા પ્રાપ્ત કરવાની તથા તેમનું વિશ્લેષણ તેમજ અર્થઘટન કરવાની પ્રક્રિયા છે .મૂલ્યાંકનને આધારે ઘણા મહત્વના નિર્ણયો લેવાય છે .જેવા કે, અધ્યેતાને યથાર્થ માર્ગદર્શન આપવું, તેની કચાશ હોય તે દૂર કરવી, રેન્ક આપવો , પ્રમોશન વગેરે.

એ શિક્ષણના બધા જ આયામોને આવરી લે છે .એક બાજુએ અધ્યેતાઓને મહત્તમ પ્રગતિ કરવા માટે ઉત્પ્રેરિત કરે છે .બીજી બાજુએ શિક્ષકો, અન્ય કેળવણીકારો, વાલીઓ અને સમાજના કેળવણી અંગેના નિર્ણયો લેનાર અગ્રણીઓને અધ્યેતાઓના ભવિષ્ય અંગે, શિક્ષણ પ્રવિધિઓ અંગે, અભ્યાસક્રમ અંગે અને પાઠ્યપુસ્તકો તથા અન્ય શૈક્ષણિક સવલતો સુધારતા રહેવા બાબતે અંગુલિનિર્દેશ કરે છે .Evaluation is a process of collecting, analysing and interpreting evidence concerning learner achievement for the purpose of making a variety of decisions ..

## 4.2ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓ (Objectives & Learning outcomes)

- **ઉદ્દેશો (Objectives)**

  પ્રશિક્ષણાર્થીઓ…

  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના સમજે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ જાણે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યક્તા સમજે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રવર્તમાન નીતિઓ સમજે.

- **અધ્યયન નિષ્પત્તિઓ (Learning outcomes)**

  પ્રશિક્ષણાર્થી....

  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના સમજશે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ જાણશે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતા સમજશે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત ધોરણ 1 થી 8નાં મૂલ્યાંકનપત્રકો સમજશે.
  - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત ધોરણ 1 થી 8નું મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય કેળવશે.

## 4.3વિષયવસ્તુ (Content):

### 4.3.1 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન :

**સંકલ્પના**

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અધ્યેતાના સર્વાંગી વિકાસની જાણકારી મેળવવાની તથા તેનું વિશ્લેષણ તેમજ અર્થઘટન કરવાની પ્રક્રિયા છે .

RTE–2009 અંતર્ગત શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના માધ્યમથી ધોરણ 1 થી 8ના અધ્યેતાઓની શૈક્ષણિક, સામાજિક, બૌદ્ધિક અને શારીરિક એમ સર્વગ્રાહી બાબતોની નોંધ ઉપરાંત, અધ્યેતાઓનાં સતત અવલોકન અને સહ–સામાજિક પ્રવૃત્તિઓની તાલીમને આધારે તેના ગુણો, વલણો, રસ અને ત્રુટિ વગેરેની જાણકારી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં સમાયેલી છે .

સતત મૂલ્યાંકન થોડા થોડા સમયાંતરે થાય તેવું હોવું જોઇએ .સાક્ષરી ઉપલબ્ધિઓ તેમજ વ્યક્તિત્વ વિકાસનાં પાસાંઓ જેવાં કે, શારીરિક , માનસિક, સામાજિક, સાંવેગિક, નૈતિક વગેરે સર્વગ્રાહી મૂલ્યાંકનનો ભાગ બને છે .અધ્યેતા શાળામાં આવે ત્યારથી માંડીને શાળા સમય પૂર્ણ કરી, શાળામાંથી બહાર જાય ત્યાં સુધી દિવસ દરમિયાન વર્ગખંડમાં, પ્રાર્થના કાર્યક્રમમાં કે અન્ય પ્રવૃત્તિ જેવી કે, રમત–ગમત , જૂથ–કાર્ય, પ્રૉજેક્ટ વર્ક, સ્પર્ધાઓ, શાળા સુશોભન વગેરે તમામ પ્રવૃત્તિઓમાં અધ્યેતાની સતત દેખરેખ દ્વારા થતા મૂલ્યાંકનને સતત મૂલ્યાંકન કહે છે .

### 4.3.2 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓઃ

- વિવિધ વિષયોમાં નિશ્ચિત સમયે અધ્યેતાઓમાં થયેલ પ્રગતિની જાણકારી મેળવવી.
- અધ્યેતાના વર્તનમાં થયેલ પરિવર્તનોની જાણકારી મેળવવી.
- અધ્યેતાઓની વ્યક્તિ ગત અને વિશેષ જરૂરિયાતોની જાણકારી મેળવવી.
- વિવિધ શૈક્ષણિક પદ્ધતિ અને પ્રવૃત્તિઓના ઉપયોગ દ્વારા અધ્યેતાઓની શીખવાની તરાહ (Pattern) માટેની યોજના તૈયાર કરવી.
- અધ્યેતાઓના વિશિષ્ટ કૌશલ્યોની ઓળખ કરી તેના મહત્તમ વિકાસ માટે તેને પ્રોત્સાહિત કરવા.
- અધ્યેતાઓના વિકાસની સ્થિતિની ચકાસણી કરી તેને વાલી સમક્ષ રજૂ કરવી.

- અધ્યેતાઓને પરીક્ષાના ડરથી દૂર કરી સ્વ–મૂલ્યાંકન માટે પ્રોત્સાહિત કરવા.
- દરેક અધ્યેતાની શીખવાની શક્તિ અને તેની ગતિને ઓળખી તેને પ્રોત્સાહન મળે તે માટે માર્ગદર્શન આપવું.
- અધ્યેતાઓમાં ગોખણપટ્ટીને સ્થાને સર્જનશક્તિ વિકસે તે માટે યોગ્ય આયોજન કરવું.
- વર્ગખંડમાં શિક્ષણપ્રક્રિયા દરમિયાન નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ વડે અધ્યેતાઓની શિક્ષણ પ્રક્રિયાને સૃદઢ બનાવવી.

**4.3.3શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતાઃ**

- અધ્યેતાનો માનસિક તણાવ ઘટાડવા માટે.
- અધ્યેતાના વ્યક્તિત્વનાં  સમગ્ર પાસાં ઓની જાણકારી મેળવવા માટે.
- શિક્ષક દ્વારા અધ્યયન–અધ્યાયન પ્રક્રિયામાં સર્જનાત્મકતા લાવવા માટે.
- શિક્ષક દ્વારા અધ્યેતાની અધ્યયન મુશ્કેલીઓનું નિદાન કરી, ઉપચાર કરી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે.
- અધ્યેતામાં ઉચ્ચ કક્ષા–સ્તરની સમજ તેમજ કૌશલ્યો વિકસાવવા માટે.

**:તમારી પ્રગતિ ચકાસો:**

1 .શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના કોઇ બે હેતુઓ જણાવો .

2. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતાઓ કઇ– કઇ છે?

**4.3.4  શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રવર્તમાન નીતિઓ:**

મૂલ્યાંકન માળખું : ધોરણ 1થી 2:

ધોરણ 1 અને 2ના મૂલ્યાંકનમાં ધ્યાનમાં લેવાની બાબતો.

- ધોરણ  1 અને 2માં અધ્યેતાઓનાં  પ્રગતિપત્રકો અને પરિણામત્રકો આ સાથેના પત્રક ડી પ્રમાણે બનાવવાં.
- ધોરણ 1 અને 2ના પરિણામપત્રકમાં વિષયોના વિષય વસ્તુના સંદર્ભમાં થયેલ પ્રવૃત્તિઓમાં અધ્યેતાએ  મેળવેલ ગ્રેડની પ્રગતિપત્રકમાં થયેલ નોંધને આધારે એ,બી.સી .ગ્રેડ આપવા.
- ધોરણ 1 અને 2માં વિવિધ અવલોકનો જૂથકાર્ય પ્રવૃત્તિઓ રમતો વગેરે દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવું .ઔપચારિક રીતે કોઇ પેપર પેન્સિલ ટેસ્ટ લેવો નહીં . અનૌપચારિક મૂલ્યાંકનના આધારે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ સાથે જ કરવાનું છે .આ માટે પત્રક –ડી માં દર્શાવેલ ગુણો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવું .

- ધોરણ 1અને 2ના અધ્યેતાના પ્રગતિપત્રકમાં વ્યક્તિત્વ વિકાસનો નિર્દેશ કરતાં વિધાનો આપેલાં છે .તે દરેક વિધાનની સામે હંમેશાં (A) મોટે ભાગે (B) અને ભાગ્યે જ (C) દર્શાવતાં ખાનાં છે તેમાં યોગ્ય જગ્યાએ ટિકમાર્ક કરવાનું છે .તે ઉપરાંત ગુજરાતી(પર્યાવરણ સાથે) અને ગણિત વિષયના વિષયવસ્તુ અને કૌશલ્યોને ચકાસવા માટેનાં વિધાનો આપેલાં છે તો દરેક વિધાનની સામે સારું (A)મધ્યમ (B)અને સાધારણ (C) દર્શાવતાં ખાનાં છે તેમાં વાર્ષિક મૂલ્યાંકનને આધારે ગ્રેડ દર્શાવવાના હોય છે .

નોંધ: મૂલ્યાંકન પત્રકોની વિગત માટે GCERT, ગાંધીનગર દ્વારા પ્રકાશિત ‘શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન માર્ગદર્શિકા’નો ઉપયોગ કરેલ છે.

મૂલ્યાંકન માળખું ધોરણ 3 થી 8 :

ધોરણ – 3 થી 8 માં તમામ શૈક્ષણિક વિષયોમાં નીચે આપેલા ગુણાંકન માળખા મુજબ ગુણ વિભાજન રહેશે .

| મૂલ્યાંકન પ્રકાર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | કુલ |
|---|---|---|---|
| રચનાત્મક મૂલ્યાંકન | 40 | 40 | 80 |
| સત્રાંત (લેખિત) મૂલ્યાંકન | 40 | 40 | 80 |
| સ્વ–અધ્યયન | 20 | 20 | 40 |
| કુલ | 100 | 100 | 200 |

બંને સત્રમાં સત્રાંત(લેખિત) મૂલ્યાંકન માટે નીચે મુજબનું ગુણાંકન માળખું રહેશે .

| સત્ર | ધોરણ ૩ થી ૫ | ધોરણ ૬ થી ૮ |
|---|---|---|
| પ્રથમ | 40 ગુણ | 80 ગુણ |
| દ્વિતીય | 40 ગુણ | 80 ગુણ |

- **ધોરણ 3 અને 8ના મૂલ્યાંકનમાં નીચેની બાબતો ધ્યાને રાખવી .**
  - ધોરણ 6 થી 8 માં શિક્ષકે પરિણામપત્રક તૈયાર કરતી વખતે કુલ 80 ગુણમાંથી અધ્યેતાએ મેળવેલ ગુણને 2વડે ભાગતાં આવનાર ગુણને પત્રક– સી માં સત્રાંત મૂલ્યાંકનના 40 ગુણા કોલમમાં પૂર્ણાંકમાં દર્શાવવા.
  - હિન્દી ધોરણ–4 બીજા સત્રમાં 100 ગુણનું મૂલ્યાંકન કરવાનું છે. જેમાં રચનાત્મક 40 સત્રાંત 40 અને સ્વ–અધ્યયન 20 એમ કુલ 100 ગુણ રહેશે.
  - 20 ગુણના સ્વ–અધ્યયન કાર્યને આધારે કરવાના થતા મૂલ્યાંકન માટે સ્વાધ્યાયકાર્ય, સ્વતંત્ર લેખન કાર્ય, પ્રૉજેક્ટ કાર્ય વગેરેને આધારે મૂલ્યાંકન કરવાનું રહેશે.

- ધોરણ 3 થી 5 માં વ્યક્તિ ત્વ વિકાસ પત્રક–બી ના આધારે 200 ગુણમાંથી અને ધોરણ 6 થી 8 માં વ્યક્તિત્વવિકાસ પત્રક બીને આધારે 400 ગુણમાંથી મેળવેલ ગુણ મૂકવાના રહેશે.
- શાળાઓ માટે શૈક્ષણિક અને સહશૈક્ષણિક વિષયોનું રચનાત્મક મૂલ્યાંકન પત્રક–1 મુજબ કરવાનું રહેશે.

  આ અંગેનાં તમામ પત્રકો પરિશિષ્ટમાં આપેલાં છે તેનો અભ્યાસ કરવો.

**4.3.5 શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની લાક્ષણિકતાઓ :**

- પરંપરાગત મૂલ્યાંકન પ્રક્રિયા(પરીક્ષા/કસોટી) કરતાં વધુ સાતત્યસભર અને સમગ્રતા ધરાવે છે.
- તેનું પ્રારંભિક ધ્યેય અધ્યેતાની અધ્યયન પ્રક્રિયાને વૈજ્ઞાનિક બનાવી વિકાસ સાધવાનો છે.
- ભવિષ્યના જવાબદાર નાગરિક તરીકે અધ્યેતાની જરૂરિયાતોનુ ધ્યાન રાખે છે.
- અધ્યેતા, વાલી અને શિક્ષક વચ્ચેના સંગઠનને વધુ પારદર્શક અને ઉપયોગી બનાવવાનો વ્યાપ ધરાવે છે.

**:તમારી પ્રગતિ ચકાસો:**

3. મૂલ્યાંકનપત્રકોની વિગત કોના દ્વારા પ્રકાશિત થાય છે ?

4 .શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની કોઇ બે લાક્ષણિકતાઓ જણાવો .

**4.4સારાંશ:**

- શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન એ અધ્યેતાના સર્વાંગી વિકાસની જાણકારી મેળવવાની તથા તેનું વિશ્લેષણ તેમજ અર્થઘટન કરવાની પ્રક્રિયા છે .
- RTE–2009 અંતર્ગત શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના માધ્યમથી ધોરણ 1 થી 8ના અધ્યેતાઓની શૈક્ષણિક, સામાજિક, બૌદ્ધિક અને શારીરિક એમ સર્વગ્રાહી બાબતોની નોંધ ઉપરાંત, અધ્યેતાઓનાં સતત અવલોકન અને સહ–સામાજિક પ્રવૃત્તિઓની તાલીમને આધારે તેના ગુણો, વલણો, રસ અને ત્રુટિ વગેરેની જાણકારી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં સમાયેલી છે .
- ધોરણ 1 અને 2માં વિવિધ અવલોકનો જૂથકાર્ય પ્રવૃતિઓ રમતો વગેરે દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવું. ઔપચારિક રીતે કોઇ પેપર પેન્સિલ ટેસ્ટ લેવો નહીં. અનૌપચારિક મૂલ્યાંકનને આધારે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ સાથે જ કરવાનું છે. આ માટે પત્રક– ડી માં દર્શાવેલ ગુણો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવું.
- શાળાઓ માટે શૈક્ષણિક અને સહશૈક્ષણિક વિષયોનું રચનાત્મક મૂલ્યાંકન પત્રક–1 મુજબ કરવાનું થાય છે. તેથી આ અંગેનાં તમામ પત્રકો પરિશિષ્ટમાં આપેલાં છે તેનો અભ્યાસ કરવો જરૂરી છે..

**4.5સ્વાધ્યાયઃ**

1. સર્વગ્રાહી મૂલ્યાંકન તમે કેવી રીતે કરશો ?
2. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ઉદ્દેશો જણાવો.
3. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતાઓ કઇ કઇ છે ?
4. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનાં લક્ષણો જણાવો.
5. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રવર્તમાન નીતિઓ જણાવો.

**4.6 સંદર્ભ સૂચિ:**

પુસ્તકો **:**


1.પરમાર આર.ડી, ગજેન્દ્રભાઇ જોશી તથા અન્ય ‘શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંક, (પ્રથમ વર્ષ) પાઠ્યપુસ્તક મંડળ,ગાંધીનગર પ્રથમ આવૃતિ, 2008

2.જોશી ગજેન્દ્રભાઇ, આર.ડી.પરમાર, ‘શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન(બીજું વર્ષ)‘, પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, પ્રથમ આવૃતિ, 2009

3 *".શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન )SCE " (*ગુ.રા.શૈ.સંશોધન અને તાલીમ પરિષદ**,** ગાંધીનગર.

## પરિશિષ્ટ–1

લેખિત કસોટી

| | | |
|---|---|---|
| **તારીખ :** | **ધોરણ – 4** | **સમય :2 કલાક** |
| **વાર :** | **વિષય : ગણિત** | **કુલગુણ : 50** |

---

**પ્રશ્ન – 1 સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો** 5

(1) )⍰ABC નું શિરોબિંદુ ...................... છે. (A, B, C)

2) કાટખૂણિયાનું માપ...................... હોય છે. (30o, 60o, 90o )

(3) માપ $\angle ABC = 130^\circ$ હોય તો તે...................... પ્રકારનો ખૂણો છે .

(ગુરુકોણ, કાટકોણ, લઘુકોણ)

(4)જો ઘડિયાળમાં ૯ વાગ્યા હોય તો બે કાંટા વચ્ચે ................. ખૂણો રચાય છે .

(લઘુકોણ, કાટકોણ, ગુરુકોણ)

(5)ત્રિકોણને કુલ......................અંગો હોય છે. ( ત્રણ,ચાર, છ)


**પ્રશ્ન – 2 (A) નીચે આપેલા ખૂણાઓના માપના આધારે ત્રિકોણનો પ્રકાર લખો .** (3)

(1)માપ $\angle A = 30^\circ$, $\angle B = 90^\circ$, $\angle C = 60^\circ$

(2)માપ $\angle G = 120^\circ$ ,$\angle B = 30^\circ$, $\angle P = 30^\circ$

(3)માપ $\angle D = 60^\circ$ ,$\angle E = 60^\circ$, $\angle F = 60^\circ$

**(B)નીચેની આકૃતિ જૂઓ અને પ્રશ્નોના જવાબ આપો .**




(1) ΔABC નાં કોઈપણ બે શિરોબિંદુ લખો .

(2) ΔABC ને બે જુદી–જુદી રીતે દર્શાવો.

(3)ΔABC નાં કોઈપણ બે અંગો જણાવો .

**(C)ΔABC ની બાજુઓનાં માપને આધારે ત્રિકોણનો પ્રકાર લખો .** (3)

(1) AB =6 સે.મી .,BC =7 સે.મી ., AC =6 સે.મી .

(2)AB =3 સે.મી, BC =5 સે.મી ., AC =4 સે.મી.

(3)AB =4 સે.મી,.BC =4 સે.મી ., AC =4 સે.મી.

**પ્રશ્ન – 3 (A) નીચેના અપૂર્ણાંકને મિશ્ર સંખ્યામાં ફેરવો .** **(4)**

1/4, 9/4, 2/5 , 7/2 , 5/4, 1/6, 5/2, 3/7

**(B)નીચેના અપૂર્ણાંકને મિશ્ર સંખ્યામાં ફેરવો** **(4)**

5/1, 7/8

**(C) નીચેના અપૂર્ણાંકો વચ્ચે =, < અથવા > માંથી યોગ્ય નિશાની મૂકી ખાલી જગ્યા પૂરો.**

(1) 3/7……………5/7 (2) 7/13………. 6/13

**પ્રશ્ન – 4 (A) નીચેના દાખલા ગણો.** (4)

(1) 24.4 + 1.75 અથવા 3.39 + 25.6

(2) 4.29 + 2.305 અથવા 4.46 + 1.338

**(B)દાખલા ગણો** (6)

(1)કશ્યપ 100 રૂપિયા 75 પૈસા આપીને 96રૂપિયા 75 પૈસાની એક ચોપડી ખરીદે છે તો દુકાનદાર ઉદયને કેટલા રૂપિયા પાછા આપશે**?**

(2)હીના પાસે 153 રૂપિયા 50 પૈસા છે .તેના મામા તેને 51 રૂપિયા દિવાળી નિમિત્તે આપે છે, હવે હેતલ પાસે કેટલા રૂપિયા થાય **?**

પ્રશ્ન – 5(A) નીચેના દાખલા ગણો (4)

(1) 264 ÷ 2

(2) 675 ÷ 2

(B) નીચેના દાખલગણો (6)

(1) 144 બોર છે તેની9 બોરની એક ઢગલી એવી કેટલી ઢગલી થાય?

(2) અક્ષય પોતાના જન્મદિવસે મિત્રોને વહેંચવા માટે 135 રૂપિયાની ચોકલેટ ખરીદે છે. જો એક ચોકલેટની કિંમત 5 રૂપિયા હોય તો અક્ષયે કેટલી ચોકલેટ ખરીદી હશે**?**

**પ્રશ્ન – 6 નીચેનો દાખલો ગણો**

(1)અવનિએ 756 મણકામાંથી સરખી સંખ્યાના મણકાની 7 માળા તૈયાર કરી**,** ગાયત્રીને આવી 15 માળા બનાવવા કેટલા મણકાની જરૂર પડે**?**

## મૌખિક કસોટી

**તારીખ :** **ધોરણ : 4** **સમય:**

**વાર :** **વિષય : ગુજરાતી** **કુલગુણ : 25o74**

---

પ્રશ્ન – ૧ નીચે જણાવેલ કાવ્યો પૈકી કોઇ એક કાવ્યનું ગાન કરો.

(1) હું તો પૂછું (2) સૈનિક સૈનિક રમીએ.

પ્રશ્ન – ૨ નીચે જણાવેલ પાઠમાંથી કોઇપણ એક પાઠના એક ફકરાનું વાચન કરાવવું.

(1) કસ્તૂરબા(2) મૂરખના સરદારો.

પ્રશ્ન – ૩ પ્રશ્નોના ઉત્તર આપો. (કોઇપણ પાઠમાંથી પાંચ પ્રશ્નો પૂછવા)

ઉદાહરણ :

(1) કસ્તૂરબા સાંજની ગાડીમાં કેમ ન આવ્યાં?
(2) કાદવમાં પડેલા માણસની શી મુર્ખાઇ હતી?
(3) દાદાની 'ના' છતાં નરેન્દ્ર ઝાડ પર કેમ ચઢે છે?
(4) બચુડાને સોટી લઇ શું રમવાનું કહ્યું છે?
(5) બંદૂકની ગોળી નિશાન ચૂકી ગઇ પછી સિંહે શું કર્યુ ?

પ્રશ્ન – ૪ નીચેનામાંથી કોઇ એક વિશે પાંચ વાક્યો બોલાવવાં.

(1) કસ્તૂરબા (2) ગાંધીજી (3) બાળ નરેન્દ્ર (4) સૈનિક

પ્રશ્ન–૫ શબ્દો કે વાક્યો બોર્ડ પર લખી કે શબ્દ કે વાક્યપટ્ટી બનાવી તેનું બાળકો પાસે વાચન કરાવવું અને તેના ઉચ્ચારણસંબંધી મૂલ્યાંકન કરવું. ળ–ર–લ, ગ–ઘ, શ–ષ–સ, જોડાક્ષરો (જેવા કે દ,દ્ર,દ્ઘ) વગેરેના ભેદ પારખીને સ્પષ્ટ ઉચ્ચારણ કરે છે કેમ તે જોઇ ગુણ આપવા
(5)

ઉદાહરણ : શબ્દો – સરળ, ગધેડું, સ્પર્શ, હળવું, પૃષ્ઠ, દ્વાર, દૃષ્ટિ, ઋષિ

# ક્રિયાત્મક કસોટી

| | | |
|---|---|---|
| તારીખ : | ધોરણ : 4 | સમય: |
| વાર : | વિષય : પર્યાવરણ | કુલગુણ : 25 |

**પ્રશ્ન– 1**

**બે બોક્સ બનાવો. એક બોક્સ પર ‘પાણીમાં તરશે ‘અને બીજા બોક્સ પર ‘પાણીમાંડૂબશે’ તેવું લખી બંનેબોક્સ બાળકો સમક્ષ મૂકો. ત્યારબાદ નીચે જણાવેલ પદાર્થોનાં શબ્દકાર્ડ જે તે અધ્યેતાને વારાફરતી વંચાવી તેને જે તે બોક્સમાં મૂકી વર્ગીકરણ કરવાનું જણાવો. (5)**

પથ્થર કાગળ ચોખા બોર પીંછું
પાંદડું લીંબુ રબર પ્લાસ્ટિક ડુંગળી

**પ્રશ્ન – 2 નીચે જણાવેલ જુદા–જુદા પદાર્થોના નમૂના એકઠા કરી વર્ગના પ્રત્યેક અધ્યેતાને ક્રમિક રીતે બોલાવી પદાર્થો ‘પારદર્શક’ છે કે ‘અપારદર્શક’ છે તે ઓળખી બતાવવાનું જણાવો. (5)**

ઉદાહરણ : પાંદડું, કાચ, લાકડું, કાગળ, પ્લાસ્ટિક

**પ્રશ્ન – 3 ભારતનો રાષ્ટ્રધ્વજ દોરી તેમાં યોગ્ય રંગપૂરણી કરો.** (5)

**પ્રશ્ન – 4 નીચે જણાવેલ ખાદ્ય ઉત્પાદકો વિશે રોલ–પ્લે (અભિનય) કરવાનું અને તેમનું એક કાર્ય બોલવાનું જણાવો** (5)


અગરિયો, માછીમાર, ભાડભૂંજો, ખેડૂત, પશુપાલક

**પ્રશ્ન – 5 આપેલ આકૃતિમાં નીચે જણાવેલ પાચનતંત્રના અવયવોનાં શબ્દકાર્ડ ગોઠવવાનું જણાવો (5)**

**શબ્દ કાર્ડ :**

| | | | | |
|---|---|---|---|---|
| મોં | અન્નનળી | જઠર | નાનું આંતરડું | મોટું આંતરડું |

**આકૃતિ –**



# પ્રથમ વર્ષ
# કોર્ષ : 1 (બ) અધ્યેતા અને મૂલ્યાંકન

**વિચાર પ્રેરક પ્રશ્નો............................**

**પ્રકરણ–૧**

1. અધ્યેતા અધ્યયન કાર્યમાં સતત પ્રગતિ કરતો રહે અને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હેતુ પ્રાપ્ત કરતો રહે તે માટેની મૂલ્યાંકન પ્રક્રિયાનું આયોજન કોઈ શૈક્ષણિક મુદ્દાનાં ઉદાહરણ સહિત દર્શાવો ?
2. પરિણામના રેકોર્ડ દ્વારા શાળાની પ્રગતિનો ઉતાર–ચઢાવ જાણી શકાય છે આમાં મૂલ્યાંકનની કઈ પ્રક્રિયા જોડાયેલી છે?

**પ્રકરણ–૨**

3. "અધ્યેતાના વિકાસમાં કેળવણીની પ્રક્રિયા ઉપર ધ્યાન આપીએ તો મૂલ્યાંકનની જરૂર ખરી ? શા માટે ?
4. શિક્ષણનાં હેતુઓ કેટલે અંશે સિદ્ધ થાય છે તે જાણવાની જરૂર શિક્ષક તરીકે તમને શા માટે પડે છે?
5. ૩."હું ઓક્સિજન છું સમજાવો" આ કયા પ્રકારનો પ્રશ્ન છે?

**પ્રકરણ–૩**

6. અધ્યેતાઓમાં દરેક કૌશલ્યના વિકાસ અર્થે તે કેટલા પ્રમાણમાં વિકસ્યું છે?તેની ચકાસણી માટે શું કરવું જોઈએ? કોઈ એક ઉદાહરણ આપી સમજાવો ?
7. અધ્યેતા કોઈ પ્રવૃત્તિ કરે અને તેનું અવલોકન કરી મૂલ્યાંકન કરવામાં આવે તેવા પ્રશ્નો કઈ કસોટીમાં સમાવેશ કરશો ? શા માટે ?

**પ્રકરણ–૪**

8.અધ્યેતામાં પરિવર્તન લાવવા શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન ઉપયોગી છે? કઈ રીતે ?

9.તમારી દ્રષ્ટી એ કયા તબક્કાને પ્રશ્ન પૂછવાની ઉંમર કહે છે? શા માટે ?

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.